ઝંડાધારી

:: મહર્ષિ દયાનન્દ ::



[સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણિ વર્ષ ૩ ક્રમાંક ૩]

ઝં · ડા · ધા · રી

લેખકો

શ્રી ઝવેરચંદ મેઘાણી

શ્રી કકલભાઈ કોઠારી



સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર : રાણપુર

૧૯૨૬

મુદ્રક અને પ્રકાશક
અમૃતલાલ દ. શેઠ
સૌરાષ્ટ્ર મુદ્રણાલય રાણપુર
નકલ બે હજાર ***** મૂલ્ય આઠ આના

નિવેદન

'પયગમ્બર એના દેશમા અને એના યુગમા નથી પૂજાતો ' એ કહેણી સૌરાષ્ટ્રના પયગમ્બર-પુત્ર દયાનન્દજીના સબધમા તો અક્ષરશ સાચી ઠરી છે ધાર્મિક કલહો અને કલેશોથી ખરડાયેલા ગયા જુગમા-ઓગણીશમી સદીમા એ યુગસ્રષ્ટા પુરૂષના સાચા મૂલ ન મૂલવાયા હોય એ શક્ય છે, પણ આજના નવયુગમા યે એ પુરૂષની સાચી કીમ્મત ન મૂકાય અને માત્ર તેનો એક પથ-સ્થાપક તરિકે જ આક અકાય, એ અજુગતુ લાગે છે એ રીતે, આજે Greater Dayanand-મહર્ષિ દયાનન્દ અને Nation-builder Dayanand-રાષ્ટ્રવિધાયક દયાનન્દ સાવ ભૂલાઇ ગયા છે, અથવા તો એ મહત્તા ઘણી જ ઓછી પૂજા પામી રહી છે અને સૌરાષ્ટ્ર તો એના એ સપૂતને સાવ ભૂલી ગયુ છે એ ભૂલ સુધારવા સૌરાષ્ટ્રની પ્રજાને નામે આ એક પ્રયત્ન છે

સૌરાષ્ટ્રના પ્રતિભાવત પુત્રોનો અને ભારતના રાષ્ટ્ર-સ્રષ્ટાઓનો ગુજરાતને સાચો પરિચય કરાવવાનો 'સૌરાષ્ટ્ર'નો, બીજા અનેક અભિલાષો માહેનો, એક અભિલાષ છે એજ દ્રષ્ટિથી 'દેશબધુ'ની જીવનકથા ગુજરાતને ચરણે ધરી છે અને આજે આ 'ઝડાધારી'નુ જીવનચિત્ર જનતાને ચરણે ધરૂ છુ એમાથી ગુજરાતની પ્રજાને દયાનન્દની થોડીયે સાચી પિછાન મળશે અને ગત યુગની એ પરમ સમર્થ વ્યક્તિને ભારતના પૂજનીય પુરૂષોના મદિરમા યોગ્ય સ્થાન અપાશે એવી મારી આશા છે

પુસ્તક બે ભાગમા વહેચાયુ છે પ્રથમ ભાગ-મહર્ષિજીની જીવનકથા ભાઇશ્રી કકલભાઈ કોઠારીએ લખી છે અને બીજો ભાગ, જેમા મહર્ષિની મહત્તાના દર્શક એમના જીવનના પ્રસગો અપાયા છે, તે ભાઇશ્રી ઝવેરચદ મેઘાણીની કલમની પ્રસાદી છે

તા ૯ ૨ ૨૬ શનિવાર

અમૃતલાલ શેઠ

સ્મરણ

દેશનું રાજ્યકારણી ચણતર વારે વારે કથળતું દેખાય છે. માલવીયાઓના અને મહાત્માઓના બાંધેલા સ્વાતંત્ર્યના કોટ-કિલ્લાઓ, અમદાવાદના પેલા પ્રાચીન ગઢ વિષે દંતકથા ચાલે છે તેમ, દિવસભર બંધાઇને રાત્રિયે જાણે કે કોઇ બાવાના મંત્ર-બળથી જમીનદોસ્ત થાય છે. એક ખળભળેલા ખુણાને સમારતાં સમારતાં જ જાણે બીજો ખુણો લથડીને નીચે ઢગલો થઇ પડે છે કારણ કે એ રાજકારણી સ્વાતંત્ર્ય-દુર્ગના પાયામા ધાર્મિક અને સામાજિક બખોલોના બત્રીસા પૂરેપૂરા દેવાયા નથી. એ ભવ્ય ઇમારતના તળીઆમાં જે કુસંસ્કાર ને કુરૂઢિ પી પોલાણો પડયાં છે, તેની અંદર ધાર્મિક અને સામાજિક સ્વતંત્રતાનાં ધગધગતાં સીસાં રેડાયાં નથી માટે જ આજે દેશને દયાનંદ સાંભરે છે

રાજાના કર વેરા કચરી નાખે છે પરસત્તા પોતાની વ્યાપારી યુક્તિ પ્રયુક્તિ વડે અમારૂં દ્રવ્ય હરી જાય છે અમલદારો રૂશ્વત ખાઇને અમને નિર્ધન બનાવે છે મુડીવાદ અને યંત્ર કારખાનાંઓ લોહી ચૂસે છે સત્તાધારી નામ ધરાવતો પ્રત્યેક આદમી અમારા દેશનો દૈત્ય છે એ આપણો નિત્યનો પોકાર પરિષદો ને કોંગ્રેસોના કકળાટ પરંતુ દેશની ધાર્મિક સંસ્થાઓ અને ધાર્મિક સત્તા-ધીશોને હાથે હરાતા આપણા દ્રવ્યનો આંકડો કોઇએ કાઢયો છે ? ધર્માચાર્યોના ડડાઓ આપણે ઘેરેઘેર ઘૂમતા દેખ્યા છે ? અંધશ્રદ્ધા અને ધર્મભય ઉપર ચાલતી વિરાટ દુકાનદારીના હડફામાં પ્રવેશ પામતાં આપણાં ધનદોલત ગણ્યાં છે ? કરોડો ને ગુજારો કરવાના મૂઠી ભાત પણ નથી તે દેશમાં પ્રભાતે પ્રભાતે ખડકાતાં દેવદેરાં ને દેવપ્રતિમાઓની નોંધ કરી છે કોઇએ ? કેટલા ગુરૂદ્વારાઓ,

કેટલાં તાજકેશ્વરો, કેટલા મહંતોના મઠો અને જગ્યાઓ આજ નિર્ધન હિન્દીઓની પાસેથી મનમાન્યા લાગા ઉઘરાવી ઉઘરાવીને રજવાડી વૈભવ વિલાસમાં ગળાબુડ ગરક થઈ મ્હાલી રહ્યા છે, એનો સરવાળો નીકળે ત્યારે દેશના માટીનું કર્યું કશું કાંપી ઉઠશે રાજસત્તાની લૂટનો આંકડો એ આંકડાની આગળ ઝાંખો પડશે એ સંપત્તિનાશ થતો નિહાળી નિહાળીને ચોધાર પાણીડાં પાડતું ભારતવર્ષ આજ દયાનંદને એમની બેતાલીસ વર્ષ પૂર્વેની સમાધિમાંથી સાદ કરે છે કે મહર્ષિજી, તે દિવસ સંધ્યાકાળે, ગંગા મૈયાને કિનારે, સૌંદર્યમુગ્ધ બનીને બેઠા બેઠા, એક ઓરતને આપે પોતાના મરેલા બાળકને કફનને અભાવે ગંગાજળમાં ડુબાવતી દેખી, અને એ પુત્રના શબના કલેવર ઉપર વીંટેલું કપડું પણ પાછું લઈ જતી જોઈ, તે વખતે એ માતાની નિર્ધનતા ઉપર જે વેદના આપે અનુભવેલી, તેનાથી તો દસગણી દરિદ્રતા આજ આપના વ્હાલા દેશમાં વર્તી રહી છે, અને એ નિર્ધનતાના પણ રક્ત ચૂસી ચૂસીને અમારી આલીશાન ધર્મસંસ્થાઓ રંગ રાગ ઉડાવી રહી છે તમારા વજ્ર-ખડ્ગની આજ વાટ જોવાય છે

કોઈ પણ રાજસત્તાએ પોતાનો હક નથી ઉગામ્યો કે ખબરદાર, તમારા બાર બાર વરસનાં કમજોર બાલકોને લગ્ન નામની જોગણીના ખપ્પરમાં હોમી દેજો ને તમારી કન્યાઓને ભણવા દેશો નહિ છતાં આજે જ્યારે ગુલાબના ગોટા જેવાં સંતાનોને અકાળ લગ્નના ભોગ બનીને દરિદ્રતાની કે ક્ષયરોગની માટીમાં ખરી પડતાં જોઈયે છીએ, ઋષિ મુનિના વારસદાર મ્હોંઢા ઉપર વીર્યહીનતા, વિષાદ અને વિકારની પીળી પીળી રેખાઓ દેખીએ છીએ, અને હિન્દુ બાલિકાઓના-કૈંક સમરથોનાં ને કૈંક જવલોનાં બલિદાનો સાંભળીએ છીએ, ત્યારે અવાજ નીકળી જાય છે કે મહર્ષિજી, આવો, આ રૂઢિઓની ભૂતાવળોને ધર્મ અને શાસ્ત્રનાં પ્રમાણો દેતા અટકાવો નહિ તો અમારાં આહે તેટલાં ભગીરથ રાજકારણી આંદોલનો મિથ્યા જવાનાં

રાજસત્તાએ તો પોતાની નિશાળોના બારણા ઉપરથી 'આઉટકાસ્ટ' શબ્દ ભૂસી નાખ્યો. એણે કોઇ દવાખાનાને દરવાજે 'અંત્યજોને મનાઇ'નું પાટીયું નથી લગાવ્યું, કે નથી એણે કોઇ દેવ-મંદિરમાં 'અસ્પૃશ્ય' જેવો મનાઇ-શબ્દ લખ્યો. છતાં એ બધાં કર્માલયો અને ધર્માલયોને દરવાજે જ્યારે એક બાજુ ધર્મઝનૂન નામના દૈત્યને ખુલ્લી તલવારે ખડો દેખીએ છીએ, તેની સામે શુદ્ધ હિન્દુ કોને રઝળતો જોઇએ છીએ, અને આથે ઉભાં ઉભાં અને પોતાની પાસે બોલાવી રહેતાં ખ્રીસ્તાલયો, ખોજાખાનાઓ અને મદરેસાઓને નિહાળીએ છીએ, ત્યારે પણ જોશભેર એ દયાનંદનો સ્વર સાંભરી આવે છે

સરકારે આપેલી સેતાની કેળવણીને આપણે તિરસ્કાર દીધો પોણોસો વર્ષમાં તો એણે રેડેલું ગુલામીનું વિષ આપણી નસે-નસમાં પ્રસરેલું આપણને લાગ્યું અને પછી આપણે કેળવણીને રાષ્ટ્રીય કરી દીધી પણ આપણે શું જોયું? કેવળ રાષ્ટ્રીયતાના પોશાકમાં સજ્જ થયેલી એની એ કેળવણી, એજ પઠન પાઠન, એજ પ્રમાદ, એવી જ ઘેલછાઓ, એવા જ તોર શોર, અને એનું એ લખલુંટ ખર્ચાળપણું મહા પ્રભાવવન્તી વ્યક્તિઓની ફુંકે ફુંકે પ્રગટ થયેલી, પ્રજાના અલૌકિક વિશ્વાસથી વિભૂષિત બનેલી, પ્રજામાના ગરીબમાં ગરીબનું પણ પોષણ પામી પ્રફુલ્લિત થયેલી, ને બે ઘડી પછી એ પ્રભાવશાળી વ્યક્તિઓના માત્ર પડછાયા જેવી જ થઇ પડેલી, મુંગાને વાંકે જીવતી શિક્ષણ સંસ્થાઓને જોતાં જ આપણને યાદ આવે છે કે કાંગડી અને મથુરાનાં ગુરુકુળો સ્થાપનાર સમર્થ કેળવણીકાર એક દયાનંદની આપણને આજે ભીડ પડી છે આજ આપણે માત્ર નખરાંમાં જ પડી ગયા છીએ

જો હિન્દુ ધર્મ આજ ત્રાજવામાં તોળાઇ રહ્યો હોય અને એ તુલાની સામે સારૂંય જગત તાકી રહ્યું હોય, તો એ તુલાના છાબડાની અંદર દયાનંદના જીવન-તત્ત્વને ધર્યા વિના આપણું વજન નથી વધવાનું ભર સભામાં એને ગાળો આપીને જીન

લેવા ધસી આવનાર એક પ્રચંડ જાટ પોતાના નેત્રોમાંથી લોહી વરસાવતો એને પૂછે છે કે "બોલ, તારા શરીરના કયા ભાગ પર પ્રહાર કરીને તારો—ધર્મઘાતીનો જીવ લઉં?" "ભાઈ, તું જેને ધર્મ-ઘાત કહે છે, તે કરનારું તો આ દુષ્ટ મારું મસ્તક છે, માટે તેના ઉપર જ ઘા કર" એવો પ્રફુલ્લ ઉત્તર આપીને એ ઘાતકનું માથું પણ પોતાના ખોળાની અંદર નમાવી શકનાર એ અહિંસા વ્રતધારી અને બીજી વેળા ખુલ્લું ખડ્ગ ઉગામીને પોતાને ઠાર કરવા ધસી આવનાર રાવ કર્ણસિંહજીના હાથમાંથી એ ખુદ ખડ્ગ જ ઝુંટવી લઈને, શિવ-ધનુ તોડનાર શ્રી રામચંદ્રજીની જ શાંત છટાથી એક જ હાથે ખડ્ગના બે ટુકડા કરી રાવશ્રીને પાછા ક્ષમા દેનાર વીર બન્ને એક જ હતા એવું બ્રહ્મચર્યસ્વ ને એવું વીર્ય આજ હિન્દુ ધર્મ માગી રહ્યો છે નહિતર હિંદુ ધર્મનો મૃત્યુ-ઘંટ વાગતો સાંભળીએ છીએ આજ તો જગદ્વંદ્ય વ્યક્તિ-ઓનાં ગળાં પણ બોલી બોલીને સોઝી ગયાં છે બેનમૂન શબ્દોના અને પવિત્ર શ્વાસોચ્છ્વાસના વ્યય દુર્વ્યય થવામાં હવે તો હદ વળી ગઈ છે છતાં પ્રજા સળવળીને પાછી પોઢી જાય છે તે વખતે એવા તેજની જરૂર છે કે જેના શબ્દનો રણકાર શતાબ્દી શતાબ્દી સુધી કરોડોના કાનમાં ગુંજી રહે, જેની ફૂંકે મુડદાં મસાણમાંથી ઊભાં થાય.

આપણને—દેશી રાજ્યોની પ્રજાને તે મહર્ષિનો જીવન-સંદેશ એના મૃત્યુમાંથી મળે છે રાજાઓ તો હરકોઈ જાતની જાગૃતિના કટ્ટા શત્રુઓ હોય એમ મનાયું છે અને રજપૂતાનામાં તો એ દશા અતિ ઉગ્ર રૂપે વર્તી રહી છે છતાં દયાનંદે ત્યાં જઈ અખાડા નાખ્યા કેંક રાજમુગટો એની ચરણરજ ચુમવા માટે નીચા નમ્યા ત્યાં એણે જ્ઞાનનો ઝાકમઝોળ દીવડો પેટાવ્યો, અને રાજાઓને વેશ્યાના છંદમાંથી છોડાવવા જતાં ઝેરને પણ અંગીકાર કરી લીધું મોરબીની માટીનું ઋણ એણે મારવાડમાં જઈને ચુકાવ્યું દેશી રાજ્યોને માટે એ રીતે મરી જાણનારાઓની આજે જરૂર પડી છે

એને અન્યાય થયો છે. અને કયા દેશમાં એવા દેવદૂતો પોતાની હયાતી દરમ્યાન ઇન્સાફ પામી શકયા છે! પરંતુ મહર્ષિને એળેલો ફિટકાર તો હિન્દમાતાના હૈયા પર તાજા પડેલા ઘા જેવો છે નિન્દુકોએ તો 'દયાનંદ' એટલે 'મૂર્તિભંજક' એવો જ નાદ કરોડો કાનમાં ભરી દીધો, અને શ્રદ્ધાળુ હિન્દુ-સમાજ એ વિષ વગર જોયે ગળી ગયો પણ કયાં ગઇ એની બીજી વિભૂતિઓ? બ્હેનનું શબ દેખીને જન્મેલો વૈરાગ્ય, વિવાહનો વિમોહ, સત્યની શોધમાં એક કૌપિનભરનો રઝળપાટ, ગુરૂદેવની અકારણ મારપીટ પ્રત્યે સમભાવ, ગુરૂદક્ષિણામાં ભારતવર્ષને સેવવાના શપથ, વેદવાણીનો બુલંદ ઘોષ, ઠામઠામ વિજયટંકાર છતાં નિરભિમાનતા ને નિર્મોહ, ભારોભાર મર્મવેધિપણું ને ભારોભાર સૌમ્યતા, મૂર્તિભંજક છતાં નાગાંપૂગાં બાળકો વચ્ચે ખેલતી નાની કન્યાઓમાં વિરાટ માતાનું દર્શન અને નમન, પ્રચંડ ભુજબળ છતાં નિન્દુકોએ નાખેલ મળમૂત્ર અને વરસાવેલી મારપીટ પ્રત્યે સ્નેહમયી ઉદાસીનતા વારવારના વિષ-પ્રયોગો સામે પણ દયામય હાસ્ય, નવા શિક્ષણનો કે પાશ્ચાત્ય સંસ્કૃતિનો રંગનો એક મહઆશ પણ પાસ ન હોવા છતાં આજ પચાસ પચાસ વર્ષ સુધી પણ બેનમૂન રહેલા એવા એમના શિક્ષણ-પ્રયોગો ને સંસાર સુધારાઓ, અને આખરની ઘડી આવી તે વખતે પોતાના એ સમસ્ત સામ્રાજ્યનો બોજો વિના અચકાયે ફગાવી દેવાની, અનંતની સાથે તલ્લીન થઇ જવાની વિરક્ત દશા એમાંનું કશું ય શું વદવા જેવું ન લાગ્યું? એક સુધારક કે બળવાખોર કહીને એને ન પતાવી શકાય એ તો યુગાવતાર હતો. બે હજાર વર્ષ પછી કોઇ આરનોલ્ડ આવીને 'Light of India' "ભારતનો પ્રકાશ" નામે કાવ્યમાં જ્યારે મહર્ષિને અમર કરશે, ત્યારે જ હિન્દુ—જો હિન્દુ જીવતો હશે તો—એ કાવ્યધારામાં પોતાની નેત્રધારા તે દિવસે વ્હેતી કરશે.

આધારનાં પુસ્તકો

આ જીવનકથા આલેખવામાં અને મહર્ષિજીના જીવન પ્રસંગો ચૂંટવામાં નીચેના પુસ્તકોનો આધાર લેવાયો છે

Swami Dayanand Natesan
Torch-bearer Vaswani

श्रीमद् दयानन्द प्रकाश सत्यानन्द
श्रीमद् दयानन्द चित्रावलि शीतलप्रसादजी

'યુગધર્મ'નો દયાનન્દ ખાસ અંક
'સૌરાષ્ટ્ર'નો દયાનન્દ શતાબ્દિ અંક

સૌરાષ્ટ્રનો નરશાર્દૂલ



મહર્ષિ દયાનન્દ

<table><tr><td>જન્મ
પોષ, ૧૮૮૧</td><td>અવસાન
કાર્તિક, ૧૯૪૦</td></tr></table>

ઝંડાધારી

ત્રણ અવાજ

(૧)

જેના કિનારાને ઘુઘવતો મેરામણ મોતીની છોળો ઉછાળીને દિવસરાત ધોઇ રહ્યો છે એવા આ સોરાષ્ટ્ર-દેશને જાણે એના સરજનહારનું એક વરદાન છે જ્યારે જગત્ માર્ગશૂન્ય બને, જ્યારે ભારતવર્ષમાં અંધકાર છવાઈ જાય, ત્યારે અંધારે આથડતા એ જન-સમુદાયને જીવન-પંથે દીવો ધરનારો એકાદ જટાધારી અવધૂત આ સૌરાષ્ટ્રની ઝાડીઓમાંથી નીકળે છે બે હજાર વર્ષ પૂર્વે, કનકના કાંગરાએ કરી એ કાળની દુનિયાને અમરાપુરી જેવી લાગતી કનકમયી દ્વારામતીના સિંહાસનેથી, કુરૂક્ષેત્રના સમરાંગણ ઉપર અર્જુનને ફરીવાર ગાંડિવ સજાવનારી ગીતાના ગાનારા શ્રીકૃષ્ણચંદ્ર સોરાષ્ટ્રમાંથી લાધ્યા શ્રી યદુનન્દને રચેલા એ કીર્તિમંદિર ઉપર જાણે સુવર્ણ-કળશ ચડાવવા, આજથી બરાબર એકસો એક વર્ષ પૂર્વે, વેદોદ્ધારક બ્રહ્મમૂર્તિ દયાનન્દ સરસ્વતી આ ટંકારાની ધરતીમાંથી પ્રગટ્યા અને આજે યોગીઓમાં યોગીશ્વર સમા, તપસ્વીઓમાં તપસ્વીવર સમા, બુદ્ધિપ્રતિભા અને હૃદયઔદાર્યે વિશ્વવંદ્ય બનેલા મોહનદાસ ગાંધી પણ

સૌરાષ્ટ્રનુ જ રત્ન છે જગતના તારણહારોની કોટિમા સ્થાન પામે એવી આ ત્રણે વિભૂતિ એ ભારતવર્ષને ચરણે સૌરાષ્ટ્રની ભેટ છે એ સૌરાષ્ટ્રનુ સુભાગ્ય છે એ સૌરાષ્ટ્રનો મોઘો ભાગ્યાધિકાર છે

(૨)

કૃષ્ણચન્દ્ર, દયાનન્દ, મોહનદાસ એ વિભૂતિત્રય માહેના મધ્યસ્થ મહર્ષિ દયાનન્દ સરસ્વતી-પૂર્વાશ્રમના મૂળશકરનુ જન્મસ્થાન મોરબી રાજ્યના ટકારા પાસેનુ જીવાપર ગામ વનરાજ કેસરીઓ જેમ સૌરાષ્ટ્રના ગિરિગહ્વરોમા જ નીપજે છે તેમ આ પુરુષસિંહે પણ મોરબીના એ પહાડી પ્રદેશમા, ૧૮૨૪ની સાલમા, એક આષાઢી સધ્યાએ તેની બાળ-આખો ઉઘાડી આ સૃષ્ટિને પ્રથમપહેલી નિહાળી એના પિતાનુ નામ કરસનજી પિતાને ક્યાથી ખબર હોય કે તેને ઘેર આર્યત્વનો ઉદ્ધારક અવતર્યો છે? એટલે, પુત્રજન્મથી હર્ષ પામેલા માતાપિતાએ તો જેમ સામાન્ય પુત્રનો જન્મ ઉજવાય તેમ આ મૂળશકરનો જન્મ ઉજવ્યો જીવાપરના જમીનદારના ગૃહને શોભે તેવી રીતે કરસનજી મહારાજે મૂળશકરના જન્મની વધાઈના આખા ગામમા ગોળ-ધાણા વહેચ્યા

મૂળશકરના પિતા કરસનજી ગામના મુખ્ય જમીનદાર હતા, ખેડુતોના શરાફ હતા, અને સાથે સાથે મોરબી રાજ્યની જમાદારી કરતા તેમની જ્ઞાતિ ઔદિચ્ય બ્રાહ્મણ અને તેમનો ધર્મ શિવધર્મ કુટુમ્બ વિશાળ હતુ઼ ઘર-આગણે લક્ષ્મીદેવીની કૃપાવૃષ્ટિ વરસતી આખા પરિવારની

શિવજીમા અચળ આસ્થા ઉભરાતી સૌના મ્હો ઉપર ધર્મશીલતાની રેખાઓ અંકાયેલી રહેતી. કરસનજી ત્રવાડી તો અહોરાત્ર શિવ–ઉપાસનામા જ મગ્ન રહેતા

એવા ધર્મમય વાતાવરણમા મૂળશંકરના પ્રથમ પાચ વર્ષ ખૂબ લાલનપાલનમા વીતી ગયા કળી ઉઘડીને ખુશબોદાર ફુલ ખીલવા માડયું મૂળશંકરને માયાળુ પિતાએ દેવનાગરી કક્કો શીખવવો શરૂ કર્યો. ધર્મગ્રંથોમાથી શ્લોકો ચૂટી ચૂટીને એનો મુખપાઠ મંડાયો આઠમે વર્ષે યજ્ઞોપવીત–સંસ્કાર કરવામા આવ્યા ત્યારબાદ તો સંધ્યાના મંત્રો અને વેદગાયત્રીના શ્લોકોનુ શિક્ષણ જોશભેર ચાલ્યુ પિતા કે કાકા જ્યા જ્યા યજમાનોમા કથા વાચવા કે યજમાનવૃત્તિ કરવા જતા ત્યા ત્યા મૂળશંકરને સાથે જ લઈ જવાનો શિરસ્તો પડી ગયો

પુત્રને કુળધર્મમા પાવરધો કરવાની પિતા ખૂબ કાળજી રાખતા મૂળશંકર પાછળથી, પોતાને અને પૂર્વજોને પગલે ચાલે અને ચૂસ્ત શૈવ તરિકે કુટુમ્બનો વારસો શોભાવે એ કરસનજી ત્રવાડીના જીવનની એક પ્રબળ અભિલાષા હતી એ ઉદ્દેશથી ત્રવાડીજીએ મૂળશંકરને શિવાલયે સદા સાથે લેવા માડયો તેને શિવપૂજા શીખવી શિવરાત્રિએ અને એવા મહાપર્વોએ ઉપવાસ વગેરે વ્રતો આચરવાનો ધર્મ એના અંતરમા ઉતાર્યો એવા દરેક પર્વે ધર્મઘેલા પિતાજી મૂળશંકરને ઉપવાસની ફરજ પાડતા, અને મૂળશંકર મહા વ્યથા પૂર્વક એ વ્રત આચરતો કેટલીયે વખત એવી ફરજથી તેને બહુ કચવાટ થતો ભૂખ વેઠાતી નહી, અને પિતાની

બીકે ઉપવાસ તજાતો નહીં આખરે પુત્રવત્સલ માતા વચ્ચે પડી મૂળશંકરનું દુઃખ ટાળતી. આ છતાં, પિતાને પુત્રનો વિકાસ જોઇ સંતોષ રહેતો.

(૩)

મૂળશંકર ચૌદ વર્ષનો થયો. એ વર્ષની મહાશિવરાત્રિએ એના જીવનમાં એક એવો પ્રસંગ બની ગયો કે એણે તેની જીન્દગીના જહાજની દિશા જ બદલી નાખી અને તેના પિતાની બધી આશાઓના ચૂરેચૂરા કરી નાખ્યા. સિદ્ધાર્થકુમારને વૃદ્ધાવસ્થા અને મૃત્યુનું—માનવદેહની ક્ષણભંગુરતાનું જ્ઞાન થયું અને જગતને નિર્વાણ બોધનારા બુદ્ધદેવ મળ્યા. તરુણ ન્યુટને વૃક્ષ ઉપરથી ફળને નીચે પડતું જોયું અને વિશ્વના વિજ્ઞાનમાં પલટો લાવનારો ગુરુત્વાકર્ષણનો નિયમ આપનારા વિજ્ઞાનાચાર્ય ન્યુટનની દુનિયાને પ્રાપ્તિ થઇ. તેમ એ મહારાત્રિ પણ મૂળશંકરના અંતરમાં આર્યત્વના ઉદ્ધારક પરમ યોગીવર દયાનન્દ સરસ્વતીની સ્થાપના કરનારી પરિવર્તન—રાત્રિ બની ગઇ. એ રાત્રિને સ્વામીજીના અનુયાયી—સંઘ 'દયાનન્દ બોધ—ઉત્સવ' તરીકે ઉજવે છે. મૂળશંકરના જીવનમાં એ પ્રસંગ ન આવ્યો હોત તો? તો દંભ, પાખંડ, અધર્મ અને અનાચારની સામે સિંહગર્જનાએ ગર્જી એ દાનવના સામ્રાજ્યને જમીનદોસ્ત કરનાર અને હિન્દુત્વના સૂર્યનો પુનરૂદય સિદ્ધ કરનાર સંતનો લડવૈયો, કદાચ, ભારતવર્ષને ન લાધત. તો મૂળશંકરને કુટુમ્બની પ્રતિષ્ઠા સાચવનારો પુત્ર તૈયાર કરવાની કરસનજી ત્રવાડીની મહેનત સફળ થાત. પણ કિરતારની ઇચ્છા મૂળશંકરને માત્ર જીવાપરનો જમીનદાર બનાવવાની નહીં, પણ તેને

કૃષ્ણ અને બુદ્ધ, ક્રાઇસ્ટ અને મહુમ્મદ, કોન્ફ્યુશીયસ અને નાનકદેવ જેવા ધર્મવીરોની હરોળમાં ઉભનાર પયગમ્બર બનાવવાની હતી અને આખરે તો, પરમેશ્વરની ઇચ્છા જ પાર પડે ને ?

એ ૧૮૪૦ ની સાલ મહા મહિનાની અંધારી ચૌદશને શૈવો શિવરાત્રિનું મહા પર્વ ગણીને ઉજવે છે તે મુજબ, એ વર્ષની શિવરાત્રિએ મૂળશંકરને સાથે લઈ કરસનજી શિવમંદિરે ગયા આખી રાત પૂજનવિધિ ચાલવાની હતી સૌ પૂજારીઓએ જાગરણ કરવાનું હતું પણ આખો દિવસ ઉપવાસ રાખીને લોથ બની ગયેલા મૂળશંકરના પિતા અને તેમના સાથીઓ આખી રાતનું જાગરણ કરી શક્યા નહીં શિવલિંગ પ્રત્યે નજર રાખી, એકાગ્ર ચિત્તે માળાના પારા ફેરવતા બધા ફેરવતા બ્રાહ્મણદેવોની આંખો ઘેરાઇ અને સૌ પોતપોતાને આસને ધીમે ધીમે ઢળી ગયા મધરાતને સમયે માત્ર જાગતો બેઠો હતો એક મૂળશંકર

શિવાલય, ગામને પેલે પાર શ્મશાનને કાંઠે ઝાડીમાં અટૂલું ઉભું હતું અંધારી ચૌદશનો ચોમેર અંધકાર જામ્યો હતો સર્વત્ર મધરાતની ભયાનક શાન્તિ વર્તતી હતી એ વાતાવરણમાં, મહા મહિનાની દુસહ ટાઢથી ધ્રૂજતો અને શરીર સંકોડતો મૂળશંકર શિવાલયના એક ખુણામાં ગુપચુપ બેઠો હતો. નિદ્રાને હઠાવવા તે વારવાર પાસેના વાસણમાંથી પાણી લઇ આંખો ઉપર ચોપડતો હતો અને ટાઢને ઓછી કરવા ધીમે સાદે, થોડી થોડી વારે, સંસ્કૃત શ્લોકો બોલતો હતો. આખા શિવાલયમાં માત્ર શિવલિંગ પાસે ઘીનો ઝીણો દીવો ટમ ટમ બળતો હતો

એકાએક કંઈક સંચાર થયો મૂળશંકરે સાવધ બની અવાજની દિશામાં કાન માંડ્યો સંચાર વધતો આવ્યો તે સાવધ બની ઉભો થયો, અને શિવલિંગ પાસે પહોચ્યો તેણે જોયુ તો ઉંદરડાઓ શિવજીના લિંગ ઉપર દોડાદોડી કરી રહ્યા હતા અને તેમની પાસે ધરાયેલી પ્રસાદી પ્રસન્નતાપૂર્વક આરોગતા હતા મૂળશંકર સ્તબ્ધ બની ગયો તેણે પળવાર પોતાની સામેના દૃશ્યને સાચુ ન માન્યુ પણ ત્યા તો, મૂળશંકરને મૌનભાવે ઉભેલો ન દેખનારા મુષકોએ જોરશોરથી દોડાદોડી [illegible] ઉંદરોએ શિવજીના માથા ઉપર નાચ માંડ્યો અને શિવજીના દેહને ગલીચ કરવા લાગ્યા મૂળશંકરથી એ ન [illegible]

"[illegible] શિવજીના મૂર્તિ ? વિશ્વનો પ્રલય કરવાનુ સામર્થ્ય ધરાવનારા ભગવાન રૂદ્ર આ પોતે ? કૈલાસના સ્વામી, કરમા ત્રિશૂલ ધારનારા, વૃષભરાજ ઉપર સવારી કરનારા, ડમરૂ બજાવનારા, તાંડવનૃત્ય કરનારા, સ્વેચ્છા મુજબ આ જગતના પ્રાણીઓ ઉપર શ્રાપ કે આશીર્વાદ ઉચ્ચારનારા, સકળ નિયંતા શિવજી આ હોય ? અને એવા પરમ સામર્થ્યના પતિ આ મુષકોને આમ પોતાનો દેહ [illegible] ગાડવા દે ? એ ત્રિપુંડ્રધારીની આવી અનાથ, અવાક, દશા હોય ? ના આ શિવજી ન હોય આ શિવજીની મૂર્તિ યે ન હોય " એવી વિચાર–પરંપરાએ મૂળશંકરને ઘેરી લીધો મુષકોની લીલા અને શિવજીની ચુપકીદી એ બન્ને વસ્તુનુ તેના મનમાં કોઇ રીતે સમાધાન ન થઇ શક્યુ મૂળશંકરના મનમા ભારી મુઝવણ ઉભી થઇ મૂળશંકર મૂર્તિપૂજક શૈવ મટી-

મૂર્તિપૂજા સામે બંડ જગાવનાર દયાનન્દ સરસ્વતી જન્મવાની ઘડી આવી પહોંચી

વિહ્વળ બનેલા મૂળશંકરે, તેના સંશયો રોકી નહીં શકવાથી, પિતાને જગાડ્યા અને વિનયપૂર્વક મનમાં ઉભરાતી બધી આશંકાઓના ઉત્તર માગ્યા પિતા પુત્રના મનનું સમાધાન કરી શક્યા નહીં થોડો ડારો અને થોડા જવાબો આપી, મૂળશંકરને માળા ફેરવવા બેસી જવા આજ્ઞા દીધી મૂળશંકર પાછો શિવાલયના ખૂણામાં બેસી ગયો પિતાજી પાછા પોઢી ગયા

પણ પિતાના અપૂર્ણ ઉત્તરોથી મૂળશંકરનો વિરોધ શાન્ત ન થયો ઉલ્ટો ઉગ્ર બન્યો તેનો નિર્ણય થઇ ચૂક્યો કે આ શિવજી ન હોય, આ પાષણ છે પિતાને ઉંઘતા મૂકી મૂળશંકર એકદમ ઉભો થયો, અને એ અંધારી રાતે, નદી ને સ્મશાન વીંધીને એકલો ઘેર દોડી ગયો ઘેર પહોંચીને માતાને જગાડી અને ઉપવાસ તોડ્યો, પછી આખી રાત આ પ્રસંગ ઉપર વિચાર કરતો પથારીમાં આળોટ્યો મૂળશંકરના જીવનમાં ચૌદ વર્ષની વયે બનેલી આ ઘટનાએ આર્યસમાજના સ્થાપકમાં મૂર્તિનો વિરોધ જન્માવ્યો

(૪)

એ મહાશિવરાત્રિ પછી બીજી બે એવી શિવરાતો ચાલી ગઈ એ બે વર્ષ દરમ્યાન મૂળશંકરના જીવનમાં કોઈ મહત્ત્વનો બનાવ ન બન્યો. એનો મૂર્તિવિરોધ માત્ર મનમાં જ દ્રઢ બનતો જતો હતો કુટુમ્બને કે આસપાસની દુનિયાને મૂળશંકરના એ મનોમન્થનની

ભાળ ન્હોતી મૂળશંકર કિંચિત્ જ શિવમંદિરે જતો. તેનો સંસ્કૃતનો અભ્યાસ પિતાની દેખરેખ નીચે વધતો હતો. બીજી તરફથી કરસનજી મહારાજે મૂળશંકરને જમીનના અને ધીરધારના કામની કેળવણી આપાનું શરૂ કર્યું હતું પણ ત્યાં તો મૂળશંકરના આંતર વલોપાતને વધારે વ્યગ્ર બનાવી મૂકે એવો એક પ્રસંગ બની ગયો.

એક રાત્રે મૂળશંકર, તેના પિતા અને કાકા અને સૌ કુટુમ્બ પરિવારના સંગમાં, ગામમાંજ એક સ્વજનને ઘેર વિવાહની ઉજાણીમાં ગયો હતો. આખું મંડળ, ભોજન પછી બહાર ચોગાનમાં, ચાન્દનીના પ્રકાશમાં સંગીત-ગાનનો આનન્દ માણતું બેઠું હતું. એકાએક એક અનુચર ચોંકવનારા સમાચાર લઈને આવ્યો કે નાના બેનને કોગળીઉ વળગ્યું છે. આખું મંડળ, હાંફળું ફાંફળું ઘેર પહોંચ્યું અને ગામડામાં બની શકે એવી સરસમાં સરસ સારવાર છતાં, મૂળશંકરની નાની બેન, માત્ર બે કલાકમાં જ, ભાઈને છોડી કોણ જાણે ક્યાં ચાલી નીકળી! આખા ઘરમાં શોકકળ મચી રહી. કાચી ઘડીમાં જમડો સાજી નરવી બેનને ઝુંટવી ગયો. એ કાળજું ચીરનારી કહાણી ઉપર આખા કુટુમ્બે હૃદયફાટ રડવા માંડ્યું. માત્ર અચળ, મુખ ઉપર શોકની છાયા વિનાનો, ગંભીર ઉભો હતો એક મૂળશંકર. એની વ્હાલી બેનનું શબ ભાળી ન તો એની આંખમાં આંસુ આવ્યું કે ન તો એના મુખમાંથી એક ઉનો નિસાસો યે નીકળ્યો. ખરી રીતે તો બેનના વિજોગથી ભાઈને અસહ્ય દુ:ખ થતું હતું—એટલું અસહ્ય કે તેનાં આંસુ અને તેના નિસાસા ગુંગળાઈ ગયા હતા. એ વખતે, બેનનું કરૂણ મૃત્યુ જોઈ ભાઈ જીવન—

મરણના કૂટ પ્રશ્નો વિચારતો હતો. તે જિન્દગાનીની ક્ષણભંગુરતાના કારણો શોધતો હતો. સોળ વર્ષનો એ તરુણ અક્ષય અને અમર બનવાની કોઈ સંજી-વનીને માટે તલસતો હતો. મૂળશંકરના આ વર્તાવથી સૌ કૌટુમ્બીઓને ભારે અચંબો થયો. પણ, એ છતાં, બેનનું મૃત્યુ મૂળશંકરના મન ઉપર સજ્જડ છાપ મૂકી ગયું. એના અંતરમાં વૈરાગ્યે આસન માંડ્યાં. ૧૮૪૦ની શિવરાત્રિએ શરૂ થયેલો આંતર વિગ્રહ પાછો વિશેષ જોરથી મંડાયો.

(૫)

વળી પાછી બીજી બે શિવરાત્રિઓ ચાલી ગઈ. મૂળશંકર અઢાર વર્ષનો યુવાન બન્યો. બધા ઝખમોને રૂઝાવી દેનાર અને બધા વ્યાધિઓને વિસરાવી દેનાર કાળદેવે મૂળશંકરને પાછી મનશાન્તિ બક્ષી. જાણે એ મૂર્તિવિરોધ અને એ મનોવૈરાગ્ય શમી ગયા હોય તેમ મૂળશંકર પાછો કુટુમ્બના કામકાજમાં ગુંથાવા લાગ્યો. તેનું શિક્ષણ બંધ થયું હતું. વૃદ્ધ પિતાનો બધો વહી-વટ જુવાન પુત્રને માથે મૂકાયો હતો. મૂળશંકર જિન્દગીની ક્ષણભંગુરતા ભૂલી, તેને માટે નિર્દિષ્ટ થયેલું કાર્ય ચૂકી, સંસારના વહેનમાં ઘસડાતો હતો. પણ ત્યાં તો એ મહાપિતાએ, સૌના હલનચલનની દોરીઓ ખેંચ-નારા એ સર્વસત્તાધીશે, એક નવો પ્રસંગ યોજી મૂળ-શંકરને ત્રીજો અવાજ દીધો. મૂળશંકરનો આત્મા ફરીવાર જાગ્રત્ બન્યો. મૂળશંકરના ગૃહત્યાગની સંધ્યા નજીક આવી પહોંચી.

મૂળશંકર ઉપર પિતા જેટલું જ વાત્સલ્ય વરસાવતા મૂળશંકરના એક કાકા હતા. મૂળશંકરને પણ એ કાકા ઉપર અપાર હેત હતું. કાકાને મૂળશંકર પોતાના ગુરૂ માનતો, પોતના ઉચ્ચ સંસ્કાર અને ઉન્નત આશયોના જનક સમજતો. બે વર્ષ પહેલા જે કોગળીઉ નાની બેનને કુટુમ્બની સોડમાંથી ઝડપી ગયેલું એજ કોગળીએ કાકા ઉપર નિશાન માંડયું. કાકા પટકાયા. બેનના રામ બે કલાકમાં ઉડી ગયા હતા, પણ કાકાની બિમારી બે દિવસ ચાલી. અને એ લંબાણ મૂળશંકરને ઉલ્ટું વિશેષ અસહ્ય થઈ પડયું. સરસ ડાકટરી સારવાર ચાલી, પણ કાળ-શિકારીએ તેના શિકારને છોડવાની સાફ સાફ ના સંભળાવી. કાકા ચાલ્યા. ચાલતી વખતે-છેલ્લી ઘડીએ પ્રાણથીએ અધિક પ્રિય ભત્રિજાને પાસે બોલાવી કાકા આશિર્વાદ ઉચ્ચારવા ગયા ત્યાં તો જીવનનો દીવો બુઝાઈ ગયો. મૂળશંકરથી આ ન સહાયું. કાકાના શબને નીરખી, બે વર્ષ પહેલાના બેનના મૃત્યુની સ્મૃતિઓ સજીવન થઈ. યમદેવ એના સ્નેહીજનને આમ ઉઠાવી જાય છે અને તે નિરાધારીની નજરે જોઈ રહે છે એ વિચારે મૂળશંકરને શબ્દોમાં ન વર્ણવી શકાય એટલું દુઃખ થયું. આવા કારમા પ્રસંગોએ ગંભીર અને અડગ રહેતો મૂળશંકર પોકેપોક મૂકીને રોયો. એને માટે, હવે, ક્ષણભર પણ સંસારમાં રહેવું ખારૂં ઝેર બની ગયું.

મૂળશંકરને આ દુનિયા અને એના ક્ષણિક રંગો જોઈ વારંવાર જમડાની સવારીઓ સાંભરતી હતી. એને એ જમડાઓની સત્તામાંથી છુટવું હતું. મૂળશંકરને અમરત્વ જોઈતું હતું. એ અર્થે એને યોગી-

ઓની પાસે પહોચવુ હતુ હવે મૂળશંકરને પેલી તકે ઘર છોડી યોગ સાધવાની—જીવન અને મૃત્યુથી પર બનવાની ધુન લાગી

(૬)

મૂળશંકરે તેની આ મનોદશાથી પિતાને અજાણ રાખવાને ખૂબ પ્રયત્ન કર્યા પણ મૂળશંકરના મ્હોં ઉપર, તેના દરેકે દરેક વર્તનમા, વૈરાગ્યની છાપ સ્પષ્ટ દેખાતી હતી, ત્યા વ્યવહારથી બીનવાકેફ એ યુવક તેના મનોભાવને ગુપ્ત કેમ રાખી શકે ? માતાપિતાએ મૂળશંકરને પાછો સ્વસ્થ બનાવવા પરણાવી દેવાનો વિચાર માડયો મૂળશંકર એ કળી ગયો એણે એનો ઉગ્ર વિરોધ કર્યો અને વિદ્યાભ્યાસ અર્થે કાશી જવાની જોરદાર માગણી મૂકી. મૂળશંકર કાશી તો ન જઇ શકયો પણ, આખરે, તે પાસેના ગામડામા એક પંડિતને ત્યા થોડા વર્ષ વિદ્યાભ્યાસ માટે મોકલવાનુ ઠરાવી પિતાએ પુત્રના મનનુ સમાધન કર્યું.

ગૃહત્યાગ સાધવાનો હવે અવસર મળશે એ વિચારે મૂળશંકરને ખૂબ હર્ષ થયો અને તે હરખાતો હરખાતો પંડિતને ગામ ગયો કરસનજી ત્રવાડીની આજ્ઞાથી પંડિત મૂળશંકર ઉપર પૂરો જાપ્તો રાખતા તેને ક્યાય એકલો જવા દેતા નહી અને થોડા દિવસમા તો દક્ષ પંડિતે પણ મૂળશંકરની મનોદશા માપી લીધી યોગ અને યોગીઓનું દિવસરાત રટણ કરતા આ નવા શિષ્યને જોઇ પંડિતનો ભય મૂળશંકરના પિતા કરતા યે આકરો થયો પંડિતે કર-

સનજી ત્રવાડીને પોતાની પાસે બોલાવ્યા અને મૂળશંકરની મનોઘેલછાની વાત કરી સાથે સાથે દુનિયાડાહ્યા પંડિત-જીએ મૂળશંકરના પિતાને સલાહ દીધી કે એ ઘેલછામાંથી પુત્રને ઉગારવાને એકજ ઉપાય છે અને તે એને ઝટપટ પરણાવી ખભા ઉપર ધોસરી નાખી દેવાનો

પિતાએ પંડિતને ઘેરથી મૂળશંકરને પોતાની સાથે પાછો જીવાપર લીધો, અને એક તરફથી તેની ઉપર છુપી રીતે ચોકી ગોઠવી અને બીજી તરફથી એટલીજ છુપી રીતે લગ્નની તયારીઓ માંડી પણ જેમ મૂળશંકરના મનોભાવ પિતાથી અજાણ ન્હોતા રહી શક્યા, તેમ લગ્નની તયારીઓ મૂળશંકરથી છાની રહી શકી નહીં મૂળશંકરે પોતાના લગ્ન સામે સખ્ત વિરોધ કર્યો અને કાશી ભણવા જવાની હઠ લીધી. આ વખતે તો પિતાએ પુત્રના મનનું સમાધાન કરવાને બદલે તેને રાતી આંખ બતવીને જ ચૂપ કર્યો મૂળશંકર ઘડીભર ચૂપ થયો

પણ મૂળશંકરે લગ્નના ફંદામાં ન ફસાવાનો અને કુટુમ્બના બંધનો તોડી નાસી છુટવાનો નિર્ણય કર્યો હતો તેણે આજન્મ બ્રહ્મચારી રહી, યોગની સિદ્ધિઓ વરવાનો મનોરથ બાંધ્યો હતો આખરે એ નિર્ણય અને એ મનોરથનો વિજય થયો પ્રભુના આદેશને વશ બની મૂળશંકર ઓગણીસ વર્ષની વયે, જેઠ મહિનાની એક સાંજે, માતાપિતાને ખબર ન પડે એવી રીતે ઘરબાર છોડી ચાલી નીકળ્યો

*

મન્થનકાળ

(૧)

ચાર વર્ષ પહેલા વીતેલી એ મહાશિવરાત્રિ, બે વર્ષ પહેલા નીપજેલુ બ્હેનનુ મૃત્યુ અને કાકાના મરણનો તાજો ઘા એ ત્રણે આઘાતોએ ઘવાયેલો મૂળશંકર કોઇ પરમ ધામની ઝાંખી કરવા ઘેરથી નાસી છુટયો નાસીને એણે, પોતાને કોઇ જોઇ જાય અને પિતાને ખબર પહોચાડી દે એ બીકથી વગડાના આડા માર્ગ લીધા જીવાપરથી દૂર દૂર નીકળી જવા મૂળશંકરે દિવસ અને રાત ગણ્યા વિના, ઉભા ખેતરો ચીરીને દોડવા માડયુ ભૂખ, તરસ, થાક એ બધુ શરીર-દુખ એના અંતરના આવેગ આગળ વિસરાઇ ગયુ

મૂળશંકરે થોડા ગાઉ કાપ્યા, અને એક ઝાડીમા રાતના થોડા પહોર વિરામ લીધો પછી પ્રભાતને સમયે પાછી મઝલ શરૂ કરી ત્યા તો એને બાવાઓની ચાલી જતી જમાતનો સંગાથ થયો બાવાઓએ એના શરીર ઉપરના ઘરેણા તરફ આગળી ચીંધી વૈરાગ્યની મસ્તીમા

ચડેલા મૂળશંકરે અંગ ઉપરના બધા ઘરેણા ઉતારી આપ્યા, શરીર ઉપરના સારા વસ્ત્રો યે કાઢી દીધા, અને સાધુ નામને કલંક આપનારા એ બાવાઓની સોબત છોડી મૂળશંકર, માત્ર એક લંગોટીસર અને ભૂખ્યો-તરસ્યો, એકલો આગળ ચાલ્યો

આખરે એને એક સંન્યાસી મળ્યા એ સંન્યાસીનુ નામ લાલા ભગતરામ એમની પાસે મૂળશંકરે તેની આખી યે આત્મકથા કહી આપી, અને તેના મનોરથ રજૂ કરી દીધા ભગતરામ સંન્યાસીએ ભાવથી મૂળશંકરને ભગવુ વસ્ત્ર પહેરાવ્યુ, નૈષ્ઠિક બ્રહ્મચારીની દીક્ષા દીધી, અને શુદ્ધ ચૈતન્ય નામ આપ્યુ પછી થોડો વખત મૂળશંકર, શુદ્ધ ચૈતન્ય પરિવ્રાજકના નામ નીચે સંન્યાસી ભગતરામની સાથે ગુજરાતના ગામડામા ફર્યો પણ મૂળશંકરને ભગતરામ પાસેથી કંઇ વિદ્યાપ્રાપ્તિ ન થઇ છતાયે કોઇ વિશેષ યોગ્ય ગુરૂનો યોગ ન થયો ત્યાસુધી તો શુદ્ધ ચૈતન્યે ભગતરામ સંન્યાસીનુ જ શિષ્યપદ કાયમ રાખ્યુ

(૨)

થોડા વખત પછી શુદ્ધ ચૈતન્યે સાભળ્યુ કે સિદ્ધપુરમા સરસ્વતીને તીરે મોટો ધર્મમેળો ભરાય છે એટલે ચૈતન્યે એ મેળામા પહોચવાની તૈયારી માડી ભગતરામની રજા મેળવી તેણે સિદ્ધપુરને માર્ગે ચાલવા માડ્યુ માર્ગમા તેને તેના પિતાને ઓળખતો એક સાધુ મળ્યો એ સાધુએ ભગવી કન્થામા ઢકાયેલા મૂળશંકરને ઓળખી કાઢ્યો અને પિતાના ઘરના સુખ-સમૃદ્ધિ ત્યાગી આટલી બાળવયમા આવુ આકરૂં જીવન આદરવા માટે તેને સખ્ત

ઠપકો દીધો પોતાના નિરધારમા દિવસે દિવસે ઔર દૃઢ થતા જતા ચૈતન્યને એની કશી અસર ન થઇ પોયણા ઉપરથી પાણીના બિન્દુ નીચા સરી પડે તેમ તેના આત્મ-કમળને, આવા દુન્યવી વચનો સ્પર્શી જરાયે અસર કર્યા વિના નીચા સરી પડતા ચૈતન્યે, એ સાધુથી જૂદા પડી ઝડપભેર સિદ્ધપુર જવા માડયુ, અને પેલા સાધુએ મૂળશંકરની શોધના સમાચાર કરસનજી ત્રવાડીને પહોચાડવા જીવાપરનો માર્ગ લીધો

સિદ્ધપુરમા, શુદ્ધ ચૈતન્યે, સરસ્વતીના કાઠા ઉપર ગામથી થોડે છેટે ઉભેલા નિલકંઠ મહાદેવના શિવાલયમા ઉતારો કર્યો, અને સાધુઓ, સન્યાસીઓ, બાવાઓ, જોગીઓ, મહંતો વગેરે જૂદી જૂદી કોટિના ધર્મના વાઘા સજનારા સમુદાયમાથી કોઈ લાયક ગુરૂ શોધવા માડયા

બીજી તરફથી, પેલા સાધુ પાસેથી પુત્રના સમાચાર સાભળી કરસનજી ત્રવાડી જમાદારના પોશાકમા સિદ્ધપુર આવી પહોચ્યા સાથે ઘોડેસવાર સિપાઇઓની ટુકડી હતી એ નાનકડી ફોજે આખો મેળો ફેંદી મૂળશંકરની તપાસ કરવા માડી આખરે નિલકંઠ મહાદેવના ધામમા મૂળશંકરનો પત્તો લાગ્યો

ભગવા વસ્ત્રો, સુકાઇ ગયેલુ મ્હો, અને દયા આવે એવી દશા જોઇ કરસનજી ત્રવાડીના ભવા ચડયા કુળ લજવનારા એ પુત્રને પિતાએ આકરી ગાળો દીધી તેની કફની ફાડી નાખી, અને એજ મંદિરમા એના ઉપર સખ્ત પહેરો ગોઠવી મૂળશંકરને નજરકેદ કર્યો મૂળશંકરે નીચી આખોએ એ ચુપચાપ સહી લીધુ, અને

પેલા સાધુ ઉપર છુપા શ્રાપ વરસાવવા માડયા છતા તેણે નાસી છુટવાની બારી શોધવાનુ તો ચાલુ જ રાખ્યુ

એક આખો દિવસ અને આખી રાત મૂળશકર ઉપર એવી ચોકી રહી કેદીના પિંજરામા તરફડાટ મારતા દિવસ તો વીત્યો અને રાત પણ વીતવા માડી મૂળશકરને લઈ ટુકડી વહેલી સવારમા ચાલવાની હતી એ ઘડી નજીક આવતી ગઈ અને એટલે તો મૂળશકરની મુઝવણ વધતી ગઇ ચોકીદારો આખનુ મટકુ યે માર્યા વિના પહેરો ભરતા ઉભા હતા એમા મૂળશકરનો ફરીવાર નાસી છુટવાનો અભિલાષ કેમ સિદ્ધ થાય ? મળસ્કુ થયુ મૂળશકરે નાસવાની બધી આશાઓ છોડી દીધી પણ ત્યા તો, આખરે, જાણે જગદીશ્વરનો આદેશ આવતો હોય તેમ, આખી રાત અખડ ઉજાગરો કરી થાકી ગયેલો છેલ્લો ચોકીદાર જરા ઝપી ગયો. એ લાગ જોઇ શુદ્ધ ચૈતન્યે મૂઠીઓ વાળી દોટ મૂકી, અને નાસી છુટયો ચૈતન્યને ખબર હતી કે હમણાજ એની પાછળ પિતાના સવારો છુટશે એટલે તે મહાદેવની જગ્યાથી બેએક ગાઉ દૂર, આડે માર્ગે, એક ઝાડીમા પીપળની ઘટામા લપઇ ગયો ચૈતન્યે, તેની શોધમા છુટેલા ઘોડાઓ તેને ભાળ્યા વિના ત્યાથી પસાર થઇ જાય એ વખતની કડકડતે હૈયે વાટ જોવા માડી.

મૂળશકર પાછો ભાગ્યાના ખબર પડતા પિતાએ પણ તેની પાછળ ચારે દિશામા તાબડતોબ સવારો દોડાવ્યા, પણ તેમાના કોઇને મૂળશકરનો પત્તો લાગ્યો નહીં અતે નિરાશ બનીને પિતાએ ઘર તરફ પગલા માડયા અણધારી

એ ટુકડી મૂળશંકરને છુપાવી રહેલી પીપળ નીચેથી નીકળી એ જોઇ ક્ષણવાર તો મૂળશંકર ગભરાઇ ગયો. પણ સદ્ભાગ્યે કોઇની નજર ઉપરની પીપળ ઉપર પડી નહીં ટુકડી તેને માર્ગે ચાલી ગઇ કરૂણાના સાગર વિભુરાયે શુદ્ધ ચૈતન્યને ફરીવાર બચાવી લીધો તે માટે તેણે એ કૃપાનિધાનના ગુણાનુવાદ ગાવા માડયા

પિતાને પોતાના ગામ તરફ પાછા જતા નજરે જોવા છતા, ચૈતન્યની ઝાડ ઉપરથી ઉતરવાની હિમ્મત ચાલી નહીં એ આખો દિવસ ઝાડ ઉપર બેસી રહ્યો રાત પણ ત્યાજ વીતાવી એ દિવસે ચૈતન્યને ચોવીશ કલાકનો કડાકો થયો આખા દિવસમા, સુભાગ્યે સાથે આવી ગયેલા લોટામાનુ થોડુ જળ જ તે ક્ષુધાતૃપ્તિ અર્થે આરોગી શકયો બીજે દિવસે સવારે, ભુખની અશકિત અનુભવતો, ચૈતન્ય નીચે ઉતર્યો, અને નજીકના ગામડાને પથે પડયો

(૩)

અમદાવાદ અને વડોદરા અને આસપાસના ગામગામડા-ઓમા ભટકતો, શુદ્ધ ચૈતન્ય, નર્મદા ના તીરે આવી પહો-ચ્યો ત્યા તેણે પરમહંસ પરમાનન્દ સન્યાસીની છાયા નીચે થોડા માસ વેદાન્તનો અભ્યાસ કર્યો आत्मवत् सर्व भूतेषु ની ભાવનાનો શુદ્ધ ચૈતન્યને આ પુણ્ય સલિલા નર્મદાજીને તીરે પરિચય થયો

પણ પરમાનન્દજીના છાત્રાલયમા ચૈતન્યને ઝાઝો વખત ફાવ્યુ નહીં એને વેદ અને વેદાન્તના અભ્યાસની તલા-

વેલી લાગી હતી દિવસની એક ક્ષણ પણ બીજા કામમા ખર્ચવી પડે એથી એને ભારે દુખ થતું અને પરમાનન્દજીના છાત્રાલયમા દરેક બ્રહ્મચારીને સ્વયંપાક કરવે પડતો ચૈતન્ય સન્યસીની દીક્ષા મેળવી, એ ઉપાધિમાથી છુટવા માગતો હતો પણ એને એ દીક્ષા ન મળી શકી. એજ તીર વસના એક બીજા સન્યાસી ચિદાશ્રમે પણ તેને આવી તરૂણ વયે સન્યાસીના દંડ આપવાની ના પાડી ચૈતન્ય સન્યાસીની દીક્ષા આપે એવા કોઇ સન્યાસીના આગમનની વાટ જોતો નર્મદને તીરે દિવસો ગણવા માડયો

ચ નોદને, ત્યા તો, ખબર મળ્યા કે દક્ષિણવાળા પ્રખ્યાત દંડી સ્વામી તેના એક બ્રહ્મચારી શિષ્ય સાથે, નર્મદાને તીરે થઇ, દ્વારકા જાય છે ચૈતન્ય એ દંડી સ્વામીને મળ્યો અને તેમની સાથે દ્વારકાની યાત્રા શરૂ કરી દંડી સ્વામીના અગાધ જ્ઞાન અને આદર્શ આચાર જોઇ, ચૈતન્ય એ સાધુવર ઉપર મુગ્ધ થઇ ગયો એ તપસ્વીના ચરણમા તેનુ મસ્તક ઢળવા લાગ્યુ અને દંડી સ્વામીને પણ ચૈતન્યના વિવેક, ચાતુર્ય અને બુદ્ધિપ્રભા જોઇ તેના ઉપર ભાવ ઉપજતો ગયો એક દિવસે ચૈતન્યે, સાથેના બ્રહ્મચારી શિષ્ય દ્વારા દંડી સ્વામીને–એ પૂર્ણાનન્દ સરસ્વતીને પોતાની સન્યાસી બનાવાની ઇચ્છા જણાવી પ્રથમ તો પૂર્ણાનન્દ સરસ્વતીએ તેની નાની ઉમર જોઇ દીક્ષા આપવાની ના પાડી. પણ છેવટે, એનો દૃઢ નિશ્ચય જોઇ સ્વામીજીએ શુદ્ધ ચૈતન્યને સન્યસીની દીક્ષા આપી એનું દયાનન્દ સરસ્વતી નામાભિધાન કરી એને પોતના કુલનો સંન્યાસ–દંડ ધારણ કરાવ્યો એ રીતે,

વેદભાસ્કર બનવાને સરજાયેલો મૂળશંકર તેની ચોવીશ વર્ષની વયે સ્વામી દયાનન્દ સરસ્વતી બન્યો.

હવે એણે એ પદને શોભાવવાની અને યોગનો સાંગોપાંગ અભ્યાસ કરવાની તૈયારીઓ માંડી. દયાનન્દ થોડો વખત તે પૂર્ણાનન્દ સ્વામીની સાથે રહ્યા અને ધર્મશાસ્ત્રો શીખવા શરૂ કર્યા. એકાદ વરસમાં એ ગુરૂમાંથી યે મન ઉઠયું અને દયાનન્દ સરસ્વતી, કોઇ પ્રખર તેજસ્વી સ્થિતિપ્રજ્ઞ ગુરૂવરની શોધમાં, ગુજરાત છોડી, કાશી તરફ ચાલી નીકળ્યા.

(૪)

દયાનન્દના પરિભ્રમણમાં પ્રથમ તેમને બે યોગીઓ મળ્યા. એમનાં નામ જ્વાલાનન્દપુરી અને શિવાનન્દગિરિ. એમની પાસેથી તે યોગ શિખ્યા. ત્યારબાદ તેમની પાસેથી છુટી તે ટેરી અને કાશ્મીર થઇ, હિમાલય તરફ ભટકવા માંડ્યા. હિમાલયના હિમધવલ શિખરો પર કોઇ મહાત્માના દર્શન પામવાની ઉત્કંઠાથી તેમણે હિમાલયના ડુંગરાએ ડુંગરામાં ભટકવા માંડ્યું. એ રખડપાટમાં એમને પારાવાર કષ્ટ વેઠવું પડ્યું. ચામડી વીંધીને લોહી શોષી લ્યે એવો સખ્ત શિયાળો હોય, પર્વતના શિખરો અને માર્ગો બરફથી છવાઇ ગયા હોય છતાં, દયાનન્દજી પરમાનન્દની અવસ્થા પ્રાપ્ત કરાવે એવા યોગીરાજની માળા જપતા ડુંગરાઓમાં અવિરામ આથડ્યા કરતા. એમના કષ્ટનો, એમની તપશ્ચર્યાનો, એમના મનોબળનો પરિચય કરાવે એવો એક પ્રસંગ, એમનીજ વાણીમાં, એમના આત્મચરિત્રમાંથી આ ઉતારી લઇએ છીએ.

"હું હિમાલયની તળેટીમાં હતો. શિયાળો પડતો હતો.

મારે આલાણુકન્દા નદી ઉતરીને સામે પાર જવુ હતુ મારા શરીર ઉપર માત્ર એક પાતળી કન્થા હતી ટાઢ અસહ્ય હતી એ દિવસના કડાકા હતા પાણી પણ એટલુ ઠંડુ થઇ ગયેલુ કે મ્હોંમા મૂકાય નહી એ છતાં, નદીમા તરતા થોડા બરફના ટુકડા લઇ ભૂખ સતોષવાનો મે પ્રયત્ન કર્યો, એથી શાન્ત વળી નહીં આખરે હુ નદીમાં ઉતર્યો નદીના તળીયે પડેલ અણીદાર પથરાઓથી મારા પગ વીંધાયા પાણીની ન સહાય એટલી તીવ્ર ઠડીથી શરીરના અગ ખોટાં પડવા લાગ્યા તો યે, જેમ તેમ કરીને, મરણતોલ હાલતમા હુ સામે કાંઠે પહોચ્યો ત્યાં તો મારા છેદાયેલા પગમાથી લોહીની ધારાઓ વહેવા લાગી મે મારા શરીર ઉપરથી વસ્ત્ર ઉતારી પગ ઉપર વીટયુ તોપણ પગની વેદના મોળી પડી નહીં હુ કાંઠે જ નીચે બેસી ગયો મારામાં એક પણ પગલુ આગળ ચાલવાનુ બળ ન્હોતુ રહ્યુ અને ભૂખ રોમે રોમે વ્યાપી હતી હુ કોઇની મદદની વાટ જોવા લાગ્યો ત્યાં મારી પાસે થઇને બે ગુરખા ખેડુતો નીકળ્યા મને સન્યાસી ભાળી તેમણે હાથ જોડયા અને ઘેર આવવા પ્રાર્થના કરી. પણ હુ અપગ બની ગયો હતો અને પગ પાછા સાચા બને ત્યાં તો એ બન્ને ખેડુતો ડુગરાઓમાં અદૃશ્ય થઇ ગયા થોડા વખત પછી પગમા તાકાત આવી એટલે ધીમે ધીમે હુ બદરીનારાયણ પહોચ્યો ત્યા ખોરાક લીધો ત્યાર પછી હુ ફરીવાર જીવતા થતા હોઉ એમ મને લાગવા માડયુ આવા તો જીવનમા જૂદે જૂદે વખતે કેટલાયે પ્રસગો આવી ગયા પણ એથી કદિયે હુ નાસીપાસ થયો, કે હામ હારી બેઠો એવુ મને સાભરતુ જ નથી ”

એમ આરામ કે વિરામ વિના, ભૂખ અને તરસની કે શરીરકષ્ટની જરાયે પરવા કર્યા વિના દયાનન્દ વર્ષો સુધી હિમાલયમા ભટકયા એ ગિરિરાજની તળેટીએ તળેટી, જગલેજગલ, અને શિખરે શિખર ભટકી વળ્યા પણ કયાય તેને મહાત્મા મળ્યા જ નહીં

દયાનન્દ હિમાલયમાથી પાછા ફર્યાં ફરતા ફરતા તેમને સમૃદ્ધ શ્રીમઠના મહન્તની મુલાકાત થઈ દયાનન્દના પ્રભાવશાળી વ્યક્તિત્વથી મહન્ત એટલા અંજાઈ ગયા કે તેમણે દયાનન્દને તેમના લાખોની આવકવાળા મઠની ગાદી સોપવા ઈચ્છા બતાવી. પિતાની સમૃદ્ધિ તજી દઈ નીકળી પડેલા દયાનન્દને મહન્તની સમૃદ્ધિ ન જ આજી શકી

'હુ તો આર્યત્વના ઉદ્ધારને માટે, માનવસમાજની સમક્ષ કલ્યાણનો માર્ગ મૂકવાને માટે, જ્ઞાનની શોધમા ભટકતો સન્યાસી છુ મારે મહન્તગીરી કે મઠ ન ખપે. મારે જ્ઞાન જોઈએ' એવો જવાબ આપી દયાનન્દ શ્રીમઠનો દરવાજો વટાવી ગયા

ત્યાર પછી યે દયાનન્દ અવધૂત દશામા જ રહ્યા દશથી બાર વર્ષો એમણે એ દશામા ખર્ચી નાખ્યા. છતા યે, ક્યા યે તેમને સાચુ જ્ઞાન મળ્યુ નહીં ક્યા યે તેમને યોગનો માર્ગ લાધ્યો નહી એ રખડપાટના દશકામા, તપશ્ચર્યાથી વિશુદ્ધ બની બનીને એમની કાયાએ કોઈ અદ્‌ભૂત કાન્તિ પ્રાપ્ત કરી પાત્રીશ વર્ષની વયે, આજન્મ બ્રહ્મચારી દયાનન્દ પ્રચડકાય, સ્નાયુબુદ્ધ, માસલ દેહધારી, અને પ્રતાપી મુખમુદ્રાવાળા પ્રખર યોગી બન્યા હતા પયગમ્બરો અને ઝડાધારીઓના મુખ ઉપર જે જાતની અપાર્થિવ રોશની ઝળહળતી હોય છે એવી રોશની માત્ર એક કોપિન ધારનાર આ દયાનન્દના દિદાર ઉપર પણ ચમકવા માડી હતી દયાનન્દના જીવનમા નવુ પ્રકરણ ઉઘડતુ હતું

*

વિરજાનન્દને ચરણે

(૧)

સાલ ૧૮૫૦ થી ૧૮૬૦ સુધીના એક દશકાના ભ્રમણમા, ભારતવર્ષની અતિશય દુર્દશા દેખી, દયાનન્દના અન્તરમા ખીસુ રેડાયુ વજ્રથી પણ કઠોર અને છતા પુષ્પથી યે સુકુમાર હૃદયવાળા એ મહાનુભાવે હિન્દુધર્મના અને હિન્દુ કોમના અધ પાત ઉપર આસુ વરસાવ્યા બ્રહ્મવિદ્યાનો ઉપાસક એ અવધૂત જ્યા જ્યા ગયો ત્યા ત્યા તેની સામે અજ્ઞાન અને અધકાર જ અથડાયા. તેણે કયાય સાચુ જ્ઞાન જોયુ નહીં, કયાય સાચા યોગી કે મહાત્મા ભાળ્યા નહી તેણે ઠેર ઠેર દભ, પાખડ અને વિલાસમા રચ્યાપચ્યા રહેનારા, સામાન્ય માણુસોથી યે ઉતરતી શક્તિ ધરાવનારા સાધુઓને જગ્યાઓ સ્થાપીને અને મઠો નાખીને ગુરૂને ઉંચે સિહાસને ચડી બેઠેલા જોયા તેણે હિન્દુ સમાજમા ધર્મને નામે રૂઢિઓનુ સામ્રાજ્ય વર્તતુ નિહાળ્યુ, હિન્દુનુ નૈતિક, માનસિક અને શારીરિક–સર્વવિધ પતન નીરખ્યુ, જ્ઞાનપ્રેમને અને

કલાભ્યાસંગને સમાજમાંથી સાવ ભૂંસાયેલા ભાળ્યા, બાળ-લગ્નની ભઠ્ઠીમા હજારોની સંખ્યામા હોમાઈ જતા હિન્દુ કોમના આશાસ્પદ બાળ–બાળકીઓ, ચિત્તા ઉપર ચડી પ્રતિદિન જીવતી સળગી મરતી હિન્દુ સતીઓ ચાકરડી અને ગુલામડીની અધમ અવદશામા હિન્દુ ઘરમા સડતી સાવિત્રી અને સીતાની વારસદાર હિન્દુ નારી અને હિન્દુ કોમનુ કલેવર કોરી રહેલા કુસસ્કારો અને કુરીવાજોનુ સામ્રાજ્ય જોયુ એ બધુ જોઈ દયાનન્દના હૃદયમા લાય લાગી

આ ઉપરાત, આખા દેશમા એણે દાસત્વ અને દીનતા, પરાધીનતા અને પામરતાનુ જ દર્શન કર્યું અને સ્વાધીનતાપ્રિય હિન્દુ જાતિનો એ વિનિપાત દેખી એ મહાત્માના રોમે રોમમા દુ ખની વેદનાએ કાળી બળતરા કરવા માડી દયાનન્દને એના રઝળાટમા આર્યાવર્તની ગરીબી અને દરિદ્રતાનો પણ પૂરો પરિચય થયો. એણે, એકના એક પુત્રના શબને અગ્નિદાહ દેવાના પૈસા ન હોવાને કારણે એ શબને ગગાજીમા વહેતુ મૂકી દેનારી અને એ મૃતદેહ ઉપરથી છેલ્લો લુગડાનો ટુકડો પણ પાછો ઉતારી લેનારી દરિદ્રતા હિન્દુ કોમમા ભાળી એણે, મુઠી અનાજ ન મળવાને કારણે એક જ વખત ખાવાનુ પામતી અને કેટલીક વખત તો દિવસો સુધી ભૂખના કડાકા વેઠતી, કલ્પનામા પણ ન ઉતરે એવી બેહદ કગાલીયત જનતામા જોઈ સાથે સાથે એણે આખો મીંચીને અવળે માર્ગે લક્ષ્મીનો દુર્વ્યય કરનારા વિલાસી લક્ષ્મીનદનો યે જોયા એ જોઈને હિન્દુ-વટના પ્રેમી આ પરમયોગીના અતરમા પારવાર સતાપ થયો।

એણે શુદ્રોને સતાવતા બ્રાહ્મણો જોયા, એણે ગરીબોને કચડતા શ્રીમતો જોયા અને એણે એ બધાને પોતાની વજ્રએડી નીચે ચગદી નાખતી પરદેશી સત્તાનું પણ પરિબળ જોયું એણે માનવકલ્યાણ અને બન્ધુસેવાનો સાચો વેદધર્મ ચૂકી, આ જીન્દગીને જ જાળ મનાવતા અને પર જીન્દગીની–મુક્તિની સાધનાને જ સાચો જીવનહેતુ સમજાવનારા વેદધર્મના અર્ધસત્ય અર્થો સાંભળ્યા દેશને દરવાજે આક્રમણકારી દુશ્મનોના તોપના ગોળાઓ સાંભળતા છતા પણ, દેશરક્ષા અર્થે કેસરીયા વાઘા સજવાનો ધર્મ ચૂકી વેદધર્મ ઉપર વિવાદ ચલાવવામાં જ રચ્યાપચ્યા રહેનારા અને દુશ્મનને સુખેથી દેશ જીતી લેવા દેતા હિન્દુ રાજાઓ અને હિન્દુ લડવૈયાઓની દુ:ખકથા પણ બળતે હૃદયે એણે સાંભળી દયાનન્દે હિન્દુસ્થાનની ચોદિશામા, હિન્દુના જીવનના એકે એક માર્ગમા અમાસની અંધારી રાતનો ઘોર અંધકાર વ્યાપેલો જોયો એ જોઇ દયાનન્દને પુનર્જાગૃતિનું પ્રભાત પ્રગટાવવાની કંઇ ના જાગી હોઢ હાયકા પહેલા આત્મ–ઉદ્ધાર અર્થે, મુક્તિની શોધમા નીકળેલા મૂળશંકરને હવે આર્યાવર્તના ઉદ્ધારમા જ આત્મ–ઉદ્ધાર દેખાવા લાગ્યો દયાનન્દના જીવનમા અને દ્રષ્ટિબિન્દુમા જબરો પલટો આવ્યો

દયાનન્દે એ ઉદ્ધારકાર્ય આરંભવાના માર્ગો શોધવા માંડ્યા એણે આર્યત્વને ફરીવાર ઉજ્જવળ બનાવવાની, હિન્દુત્વને ફરીવાર ઉન્નત બનાવવાની પ્રવૃત્તિને જીવન–કાર્ય કરવાનો નવો નિરધાર કર્યો અને એ અર્થે, એની તલસ્પર્શી બુદ્ધિએ વેદધર્મના વિશેષ ઉંડા અભ્યાસની

જરૂરિયાત નીરખી દયાનન્દને સ્પષ્ટ દેખાયું કે હિન્દુ કોમને જગાડવા એને હિન્દુ ધર્મને નામે જ હાકલ કરવી જોઇએ એટલે એણે ફરીવાર, અચળ શ્રદ્ધાથી, ગુરૂરાજની—ધર્મ શાસ્ત્રોનો શાસ્ત્રીય અભ્યાસ કરાવે એવા, વેદની ભવ્યતાનો સાચો પરિચય આપે એવા, ઉપનિષદોના તત્ત્વજ્ઞાનના વૈભવની પિછાન કરાવે એવા, દર્શન-શાસ્ત્રોના મહાસાગરમા છુપાયેલા પડેલા અમૂલખ રત્નો ખોળી કાઢવાની શોધન-શક્તિ આપે એવા ગુરૂની શોધ માડી અને આખરે, મથુરામા ૧૯૧૦ ની સાલમા, એવા ગુરૂરાજનો પત્તો લગ્યો

(૨)

મથુરામા વિરજાનન્દ નામના એક પ્રજ્ઞાચક્ષુ સન્યાસી વસતા એમના તરફથી ધર્મશાસ્ત્રોના અભ્યાસની એક શાળા ચાલતી એ વિરજાનન્દના પિતાનુ નામ પંડિત નારાયણ દત્ત પાચ વર્ષની ઉમરે વિરજાનન્દને શીતળા નીકળ્યા અને એની આખો ગઇ પદર વર્ષની વયે એમના પિતા અવસાન પામ્યા અને એ નિરાધાર-નિરાશ્રિત બન્યા અઢાર વર્ષની વયે એમણે પૂર્ણાનન્દ સ્વામી પાસે સન્યાસની દીક્ષા લીધી અને તેમને ગુરૂ તરફથી વિરજાનન્દનુ નામ મળ્યુ આ સુરદાસ વદના પ્રખર પંડિત મનાતા અને એટલે જ તેમને પ્રજ્ઞાચક્ષુનુ ઉપનામ અપાયેલુ એક વખત અલ્વરના મહારાજાએ એમને શ્રી શકરાચાર્યના શ્લોકમત્રોનું સ્તવન કરતા સાભળ્યા મહારાજા એ સાધુ ઉપર મુગ્ધ બની ગયા તેમને અલ્વર પધારવા પ્રાર્થના કરી. વિરજાનન્દ એક શરતે અલ્વર ગયા શરત એમ થઇ કે મહા-

રાજાએ સ્વામીજીની સાથે હંમેશાં ત્રણ કલાક શાસ્ત્રાધ્યયન કરવા બેસવુ જે દિવસે એ શરતનો ભંગ થાય એ દિવસે સ્વામીજીએ અલ્વરના સીમાડા છોડી જવાનો આકરો નિયમ સ્થાપ્યો મહારાજાએ ખૂબ કાળજીપૂર્વક સ્વામીજી પાસે નિયમસર બેસવા માંડ્યુ એક દિવસ અકસ્માત્ મહારાજા નૃત્યગૃહમા રોકાઈ ગયા અને સ્વામીજીની પાસે ન જઈ શકયા વિરાજાનન્દ રોષિત થયા બીજે દિવસે મહારાજા આવ્યા ત્યારે પોતાનો નિર્ણય સંભળાવ્યો 'રાજા, તે તારો નિયમ તોડયો છે, હુ મારો નહીં તોડુ ' વિરાજાનન્દે અલ્વર છોડ્યુ, અને ભરતપુર થઈ મથુરા આવી સંસ્કૃત પાઠશાળા સ્થાપી

આ બાળ બ્રહ્મચારી સંન્યાસીને દ્વારે ૧૮૬૦ના નવેમ્બરની ચૌદમી રાત્રિએ દયાનન્દ જઈને ઉભો દ્વાર બંધ હતુ અંદરથી સવાલ આવ્યો

'કોણ છો ?'

'સંન્યાસી'

'તમારૂ નામ ?'

'દયાનન્દ સરસ્વતી ' દયાનન્દે વિનયપૂર્વક જવાબ દીધો

સંન્યાસીનુ દ્વાર ઉઘડયુ અને દયાનન્દને શિષ્યની દીક્ષા મળી છત્રીશ વર્ષની ઉમરે, જ્ઞાનની પ્રબળ પિપાસાવાળા દયાનન્દે, જુવાનના ઉત્સાહથી ગુરૂની ભક્તિ આદરી.

દયાનન્દે અંધ અને અશક્ત ગુરૂની બધી રીતે ખૂબ પ્રેમથી ચાકરી કરવા માડી ગુરૂના કપડા ધોવા, એમને માટે દૂરથી પાણી ભરી લાવવુ, ગુરૂનુ ઘર વાળીચોળીને સાફ કરવુ, ગુરૂને માટે રસોઇ કરવી, વગેરે ગુરૂસેવા દયાનન્દે હર્ષપૂર્વક કરવા માડી અને બદલામા એ પ્રખર વિદ્વાન પાસેથી જ્ઞાનનુ પિયુષ પીવા માડયુ દયાનન્દની અત્યત કાળજીભરી સેવા છતા ગુરૂનો ઉગ્ર સ્વભાવ કેટલીયે વખત નિષ્કારણ તપી જતો દુર્વાસા સમા ક્રોધી વિરજાનન્દ દયાનન્દ ઉપર ગાળોનો વરસાદ વરસાવતા, કોઇ કોઇ વખત એને માર પણ મારતા અને ઘરમાથી યે કાઢી મૂકતા દયાનન્દ એ બધા પ્રહારોને ગુરૂની પુષ્પાજલિ ગણી વધાવી લેતા, અને ગુરૂભક્તિમા રજમાત્ર પણ શિથિલ બન્યા વિના જ્ઞાન સપાદન કર્યે જતા એક વખત તો ગુરૂએ દયાનન્દને લાઠીથી એવા સખ્ત માર મારેલો કે એનો કાળો ડાઘ દયાનન્દના હાથ ઉપર જીન્દગીભર રહ્યો એ છતા દયાનન્દની ઉત્તરાવસ્થામા જ્યારે તેમણે વિરજાનન્દના મૃત્યુના સમાચાર સાભળ્યા, ત્યારે ગદ્ગદિત કઠે શ્રોતૃવર્ગની પાસે હૃદયોદ્‌ગાર કાઢેલા કે 'આજે સસ્કૃત વાઙ્‌મયનો ભાસ્કર અસ્ત પામે છે' દયાનન્દ સ્વામીને છેવટ સુધી ગુરૂ પ્રત્યે એટલો અગાધ પૂજ્યભાવ હતો

એ સસ્કૃત વાચસ્પતિને ચરણે દયાનન્દે સસ્કૃત ગ્રથોનો અઢી વર્ષ સુધી ઉંડો અભ્યાસ કર્યો અને ગુરૂએ પણ શિષ્યની તેજસ્વિતા જોઇ, તેની પાસે અતર ઉઘાડી નાખ્યુ અઢી વર્ષમા દયાનન્દ વેદશાસ્ત્રપારગત બની ગયા ગુરૂ પાસેથી વિદાય માગવાની વેળા આવી પહોચી.

અકિંચન દયાનન્દ બે હાથ જોડીને ગુરૂજી પાસે ઉભા અને ગુરૂજીને પ્રિય એવા થોડા લવીંગની ગુરૂદક્ષિણા વિરાજાનન્દજીને ચરણે ધરી. વિરાજાનન્દજીએ શિષ્યના મસ્તક ઉપર હાથ મૂકી આશિર્વાદ દીધો અને નીચેનો સંદેશ આપ્યો.

'વત્સ, તારા શિક્ષણનો સદ્વ્યય કરજે. દેશમાં અંધકાર જામ્યો છે લોકો સત્યાસત્યનો વિવેક ચૂકયા છે તેઓ. જ્ઞાતિઓ અને વાડાઓના ફાંસામાં જીવન વીતાવે છે આર્યાવર્તમાં આર્ય વેદધર્મની અવહેલના થઇ રહી છે બેટા, લોકોને એકેશ્વરનો સંદેશ આપજે, અને વેદધર્મ શીખવજે પુત્ર, તારો જય થાઓ.'

ગુરૂના એ આશિર્વાદને માથું નમાવી દયાનન્દ ચાલી નીકળ્યા. આટલા વર્ષોની તપશ્ચર્યા પછી, આટલી સાધના અને શોધ પછી તેમણે લાધેલા સત્યનો સંદેશ જગતને આપવા દયાનન્દે પાછો ભારતવર્ષના જનપદોમાં પગ મૂક્યો ગુરૂના એ આદેશને હિન્દુસમાજ સમક્ષ મૂકવા અર્થે દયાનન્દે તેની બાકીની આખી જીન્દગી અર્પણ કરી દીધી. ગુરૂવચનનું એ પાલન એ આજનો આર્ય-સમાજ, એ આજની હિન્દુકોમની પુનર્જાગૃતિ, એ આજનો હિન્દુધર્મનો પુનરૂદય.

(૩)

સરજનહાર સમાજનું પુનર્વિધાન કરવા જે કઠોરતા-પૂર્વક એનો લોખંડી હથોડો ફેરવે છે એવી જ કઠોરતાથી એના સન્દેશવાહીઓને સમાજને ટીપી ટીપીને એનો નવો ઘાટ નાખવો પડે છે હિન્દુ જાતિના ઉદ્ધારને માટે દયાનન્દને દંભ અને દુરાચાર ઉપરના એના હુમલામાં

નઠોર બન્યા વિના છુટકો જ ન્હોતો અને દયાનન્દે નવયુગના સ્રષ્ટાને બરાબર ઉચિત નિર્દયતાપૂર્વક હિન્દુઓના સ્થિતિચુસ્ત આચારવિચાર સામે અડગ દ્રઢતાથી બળવાનો ઝંડો ફરકાવ્યો. એ યુગસ્રષ્ટાની ચપળ દ્રષ્ટિએ નીરખી લીધું કે રોગગ્રસ્ત હિન્દુસમાજને ફરીવાર સ્વસ્થ અને નિરોગી બનાવવા આકરી શસ્ત્રક્રિયાની જરૂર છે; હિન્દુ સમાજના અણુએ અણુમા પ્રસરી ગયેલા કુરૂઢિઓ અને કુરિવાજોના વિષને વાળવાનુ કોઈ ઔષધ શોધવાની જરૂર છે એટલે દયાનન્દજીએ પ્રથમ એ કુરૂઢિઓ સામે મારો ચલાવ્યો. મહર્ષિજીનો પ્રથમ હથોડો પડયો મૂર્તિપૂજા ઉપર અને મૂર્તિપૂજાને નામે દેશભરમા પ્રવર્તી રહેલા અનેક પાખંડો ઉપર. મહર્ષિજીએ મૂર્તિપૂજાનો ઉગ્રમાં ઉગ્ર વિરોધ આદર્યો.

એ અર્થે દયાનન્દજીએ મથુરા છોડી ગામેગામ ભટકવાનો નિશ્ચય કર્યો અને મંગળાચરણ કરનારૂ પહેલું ભાષણ આગ્રામા આપ્યું. જ્યા જ્યા મહર્ષિજી ભાષણો આપતા ત્યા ત્યા એમની વકતૃતા, દલીલોની સચોટતા, શાસ્ત્રજ્ઞાનની નિપુણતા અને દુરાચાર સામેના આક્રમણની ઉગ્રતા જોઈ, જબરો ખળભળાટ થઈ જતો. પ્રથમ આગ્રાના દુર્ગને ખળભળાવી, મહર્ષિજી ૧૮૬૫ના ગ્વાલીયર ગયા ગ્વાલીયરમા સ્થિતિચુસ્તતાના કિલ્લામા સારી રીતે ગાબડા પાડી, તે ૧૮૬૬મા અજમેર ગયા. અજમેરમાયે મહર્ષિજીએ મૂર્તિપૂજા સામે સખ્ત વિરોધના ભાષણો કર્યાં, વેદના અર્થ માટે વિવાદસભાઓ બોલાવી, અને તે વખતના અંગ્રેજ કમીશનરને હિન્દુસમાજના સડાઓ સામે કાયદા મૂકવા વિનતિ ગુજારી. અજમેરમા વિજયના

ડંકા ગજાવી મહર્ષિજી હરદ્વારના મેળામા હાજરી આપવા ઉપડ્યા

કાળજૂના જોગીરાજ સમા ભવ્ય હિમાલયને ચરણે ગંગાજીને તીરે ઉભેલા હિન્દુઓના તીર્થધામ હરદ્વારમા દર બારમે વર્ષે મોટો કુંભમેળો થાય છે ત્યારે લાખોની સંખ્યામા હિન્દુ યાત્રિકો ગંગાજીમા સ્નાન કરવા ઉભરાય છે એવો એક મેળો સને ૧૮૬૭ મા આવ્યો દયાનન્દ સરસ્વતી એ પ્રસંગે, લાખોની મેદિની સમક્ષ વેદનો સંદેશ સંભળાવવા, ચાર શિષ્યોની સાથે હરદ્વાર પહોચ્યા ત્યા ગંગાજીને કિનારે એક નાની રાવટી રચીને તેમા ઉતારો કર્યો, અને ગંગાજીમા સ્નાન કરી પાવન થવા આવતા રાજાઓ અને મહારાજાઓ, સંન્યાસીઓ અને સાધુઓ, પંડિતો અને સામાન્ય જનસમુદાય પાસે પુરાણના આચારો ધર્મો, ઉઘાડેછોગ, નિરોધ–ભાષણો કરવા માડ્યા હજારો અંધશ્રદ્ધાળુ વહેમઘેલડા હિન્દુઓના ટોળામા તેમની માન્યતાઓ અને તેમના રૂઢિરિવાજો સામે એકલો દયાનન્દ અજબ હિમ્મતથી ગર્જનાઓ કરતો ખ્રિસ્તિધર્મમા જ્યારે દેવળ અને પોપને નામે પેઠેલુ પાખડ અસહ્ય થઇ પડયુ ત્યારે ઇસુની ચૌદમી સદીમા જેમ જર્મનીના બર્લીન શહેરની બજારમા ઉભીને માર્ટીન લ્યૂથરે બાઇબાલના ટુકડા કરી નખ્યા અને પોપડમ સામે બળવો જાહેર કર્યો, તેમ આ કુંભમેળામા દયાનન્દે વેદ શિવાયના તમામ ધર્મપુસ્તકોને શાસ્ત્ર તરિકે સ્વીકારવાની ના જાહેર કરી, અને હિન્દુધર્મના અનેક સંપ્રદાયો અને પંથો સામે બળવાનો પોકાર કર્યો

યુરોપે પ્રથમ લ્યુથરને સાભળવાની ના પાડી હતી,

તેના પોકારને નાસ્તિકનો પોકાર મનાવી તેને કાન ધરવાની મનાઇ કરી હતી દયાનન્દની પણ પ્રથમ તો એજ વલે થઇ દયાનન્દના પણ એ ડાહ્યા વચનોને કોઇ સંન્યાસીએ કે કોઇ રાજાએ કાન ન દીધો દયાનન્દનો અવાજ અરણ્યરૂદન સમો બની રહ્યો

ધર્મમેળાઓ એટલે તો લોકજીવનનો અરિસો ત્યા લોકજીવનનું આબેહુબ દર્શન થાય. દયાનન્દે કુંભમેળામા હિન્દુના અધપાતનું બરાબર દર્શન કર્યું. એ જોઇને એને પારાવાર ગ્લાનિ થઇ એણે કુંભમેળામા યોગનું નામ સરખુ યે ન જાણનારા યોગીઓ જોયા, નિર્મળ ચરિત્રની દાંડી પીટાવનારા સાધુઓને મલીન અને ચારિત્ર્યહીન ભાળ્યા, મંત્રોના મુખપાઠથી આકાશ ગજાવનારા પંડિતોને સાવ પંડિતાઇશૂન્ય અવલોકયા, ગુરૂઓને અને ગાદીપતિઓને ઠગારાઓ અને ધૂર્તો દેખ્યા, અને એ બધાની સત્તા નીચે કચડાતા લોકોને નિર્બળ અને માયકાંગલા નિહાળ્યા હિન્દુસમાજની એ અવદશા ઉપર દયાનન્દજીના નેત્રોમાથી અશ્રુધારા ચાલી

દયાનન્દજીને પ્રતીતિ થઇ કે હિન્દુસમાજના પાયા ખોદી રહેલા આ દાનવો સામે ઝઝુમવાને હજી વધારે મોટી તૈયારીઓની જરૂર છે દયાનન્દે, એ તૈયારી માટે, એકાંતવાસ સેવવા અને હજીયે આકરી તપશ્ચર્યા કરી વધારે શક્તિશાળી બની બહાર પડવા નિશ્ચય કર્યો. દયાનન્દજીએ પોતાના શિષ્યોને વિખેરી નાખ્યા, અંગ ઉપરના વસ્ત્રો ઉતારીને ગરીબોને વહેંચી દીધા, અને વિશેષ તપ સાધના અર્થે, માત્ર એક કૌપિનભર અરણ્યમા ચાલી નીકળ્યા

સમરાંગણે

(૧)

હરદ્વારના આઘાત પછી, એકાદ વર્ષ હિમાલયની ગુફામા યોગ સાધીને, મુખ ઉપર નવી જ કાન્તિ લઇને, દંડધારી દયાનન્દ સરસ્વતી પાછા સતનું યુદ્ધ લડવા દુનિયા તરફ વળ્યા એમણે એમના સિદ્ધાન્ત-પ્રચાર માટે પોતાને માટે નીચે મુજબ ત્રિવિધ કાર્યક્રમ યોજ્યો.

(૧) ધર્મને નામે ચાલી રહેલી ખોટી માન્યતાઓ અને ખોટા સિદ્ધાન્તોનો વિરોધ કરવા ભાષણો, વ્યાખ્યાનો અને વિવાદો મારફત વિશેષ જોરદાર બળવો જગાવવો

(૨) વેદધર્મના કાર્યને પોતાનુ કરી, તેના પ્રચાર પાછળ જીવન સમર્પનારા યુવકો તૈયાર થાય અને વેદધર્મનો ધ્વજ ગગનમાં અવિચળ ફરકતો રહે એ હેતુથી ગુરુકુળો અને વિદ્યાલયો સ્થાપવાં

(૩) વેદધર્મ શુ છે એ લોકો સરળતાથી સમજે એ વા માટે વેદધર્મનું સાહિત્ય મોટા પ્રમાણમાં તૈયાર કરવુ જોઇ-

શિક્ષણ અર્થે હિન્દી ભાષામાં પત્રિકાઓ કાઢવી અને પુસ્તકો લખવાં વેદના સંસ્કૃત ગ્રંથોનું હિન્દી ભાષાન્તર કરવું અને તેમનો સાચો અર્થ સમજાવનારાં સરળ ભાષ્યો રચ ।

આ કાર્યક્રમ લઈને, ૧૮૬૮ ની આખરમાં મહર્ષિ પાછા ગામે ગામ ભટકવા નીકળી પડયા પ્રથમ એ કનોજ ગયા ત્યાં પહેલું વ્યાખાન આપી મહર્ષિ ફરૂકાબાદ ઉપડયા ત્યાંથી આસપાસના ગામડામાં વેદધર્મનો જયનાદ ગજ-વતા મહર્ષિ ૧૮૬૯ ના જુલાઈમાં કાનપુર આવ્યા કાન-પુર પહોંચીને મહર્ષિએ વેદધર્મના પ્રચારાર્થે પત્રિકા ઉપર પત્રિકા પ્રગટ કરવા માંડી અને વ્યાખ્યાન ઉપર વ્યાખાન આપવા માંડયા એ બધામાં મહર્ષિએ એક જ પ્રચંડ ઘોષણા કરી કે 'વેદધર્મ એક ઇશ્વરમાં જ માને છે, વેદધર્મ મૂર્તિપૂજામાં નથી માનતો, વેદશાસ્ત્ર એ એકજ સાચું આધારભૂત ધર્મ શાસ્ત્ર છે, પુરાણ કે ભાગવત નહીં' મહર્ષિજીની આ ઘોષણાએ સ્થિતિચૂસ્ત પક્ષમાં ભારે ક્ષોભ ઉત્પન્ન કર્યો તેમને ભય પેઠો કે આ સંન્યાસી સનાતન ધર્મનું સત્યાનાશ વાળી નાખશે તેમણે દયાનન્દજીના સંબ-ધમાં લોકોમાં ખોટી અફવાએ ફેલાવવા માંડી કે એ સાધુ ખ્રીસ્તી ધર્મનો પાદરી છે અને સનાતન ધર્મને–મૂર્તિ-પૂજાને વગોવી હિન્દુઓને ખ્રીસ્તી બનાવવા આવ્યો છે તેમણે હિન્દુઓને દયાનન્દજીના વ્યાખ્યાનમાં જવાની મના કરી અને જે કોઈ એવી સભામાં હાજરી આપે તેમને નાતબહાર મૂકવા માંડયા કેટલાયને એ ગુન્હા બદલ પ્રાયશ્ચિત્ત લેવરાવ્યા. અને એ છતાં, દયાનન્દજીની સભામાં હજારોની સંખ્યામાં હિન્દુઓ હાજરી આપતા

સ્થિતિચૂસ્તોએ દયાનન્દજીની સામે તેમનાથી બની તેટલી ગેરસમજુત ઉભી કરી, છતા દયાનન્દજીનુ પ્રચાર-કાર્ય જોશભેર આગળ વધવા માડયુ અને પુરાણીઓનુ પોલાણ પણ દિવસે દિવસે ઉઘાડુ પડવા માડયુ આખરે તેમને દયાનન્દજીની સાથે શાસ્ત્રાર્થ ઉપર વિવાદ ગોઠવવો પડયો વિવાદની તારીખ ૩૧ મી જુલાઇ ૬'૯, અને વિવાદસભાનુ અધ્યક્ષસ્થાન કાનપુરના જોઇન્ટ માજીસ્ટ્રેટ થેરે સાહેબને અપાયુ મુકરર તારીખે થેરે સાહેબના અધ્યક્ષપદ નીચે મહર્ષિ અને તેમના વિરોધી પક્ષ વચ્ચે વિવાદ ચલ્યો અને અન્તે કાજીને આસનેથી વિદ્વાન અગ્રેજે ઇન્સાફ તોળ્યો કે દયાનન્દની દલીલો વેદશાસ્ત્રને અનુરૂપ હતી, એટલે દયાનન્દને જ વિજય વરે છે

ન્યાયમા અને વિવાદમા દયાનન્દ અદ્વિતીય હતા એ ક્ષેત્રમા એમની સમોવડ કરી શકે એવો એક પણ પુરૂષ એ કાળે હિન્દુસ્થાનમા ભાગ્યે જ હશે એવી દયાનન્દજીનો બુદ્ધિપ્રતાપ જાણનારાઓને મુખેથી એ મહર્ષિની પ્રશસા ઝગતી એમની દલીલબાજી પ્રતિસ્પર્ધીને પરાસ્ત કરે તેવી સચોટ મનાતી એમનુ વક્તૃત્વ શ્રોતૃવર્ગને વશ કરી લ્યે એવુ જાદુઇ લેખાતુ એમના મુખમાથી વાણીનો એવો અમૃત-પ્રવાહ વહેતો કે સાભળનારાઓ મુગ્ધ બનીને સાભળ્યા જ કરતા, અને, કહે છે કે, જે મહર્ષિજીનો વિરોધ કરવા આવતા તે એમનો વિજય સ્વીકારી, એમના ચરણમા મસ્તક ઢાળી એ મહર્ષિની ગુણસ્તુતિઓ ગાતા પાછા ફરતા

મહર્ષિજીની એ શક્તિઓએ કાનપુરમા વેદધર્મનો વિજયધ્વજ રોપ્યો

(૨)

કાનપુરથી મહર્ષિ કાશી ગયા કાશી એટલે તો હિન્દુઓનુ મહા તીર્થ, હિન્દુ ધર્મનુ પાટનગર ત્યા ધુરધર પડિતો વસતા તેઓ પોતપોતાના મકાન ઉપર જ્ઞાનનો દીપક અખડ સળગતો રાખતા દયાનન્દજીએ એ પાટનગર સર કરવાનો અને પડિતોના દીપકો બુઝાવવાનો નિશ્ચય કર્યો ૧૮૬૯ની ૨૩મી ઓકટોબરે દયાનન્દજીએ કાશીમા પ્રથમ પગ મૂકયો ત્રણ અઠવાડિયા સુધી તેમના વ્યાખ્યાનો અને ભાષણો ચાલ્યા કાનપુરની જેમ કાશીનો પુરાણપ્રેમી પડિતસમુદાય પણ મુઝાયો આખરે તા ૧૭મીએ વિવાદસભા ગોઠવાઇ સભામા પ્રતિષ્ઠિત સસ્કૃત પડિતોએ સારી સખ્યામા હાજરી પૂરી કાશીના મહારાજા પણ હાજર રહેલા આખી સભા સામા પક્ષની હતી એ વિરોધીઓની વચ્ચે એકલા છતા અડગ બેઠેલા મહર્ષિજીએ શાસ્ત્રાર્થ કરવા માડયા પડિતોએ પોતાના અર્થ સામા મૂકવા માડયા વિવાદ કલાકો સુધી ચાલ્યો ન્યાયની તુલા હજી કોઇ બાજુએ નમી ન્હોતી. ત્યા તો વિરોધીઓએ કોલાહલ મચાવ્યો કે દયાનન્દ હાર્યા તાળીઓના બુમરાણમા દયાનન્દજીનો બુલન્દ અવાજ દટાઇ ગયો સભામા ભગાણ પડયુ દયાનન્દજી ઉપર પ્રતિપક્ષીઓએ ઇંટો અને પત્થરોનો વરસાદ વરસાવ્યો

(૩)

કાશીથી મહર્ષિજી ચદ્રસેન બારીસ્ટરના આમત્રણે, ૧૮૭૨ ના ડીસેમ્બરમા કલકત્તા ગયા કલકત્તા તો બંગાળાનું પાટનગર બગાળામા એ વખતે કેશવચદ્ર સેન અને દેવે-

ન્દ્રનાથ ઠાકુર જેવા સુધારકોનો પહોર ચાલતો હતો. બ્રહ્મસમાજની પ્રવૃત્તિ ત્યારે પર જોશમાં હતી બંગાળમાં પાશ્ચિમના નવા અજવાળા ધીમે ધીમે પણ સ્થિરતાપૂર્વક પ્રસરતા જતા હતા એ સંજોગોમાં હિન્દુસ્થાનના બીજા કોઇ પણ ભાગ રતા બંગાળમાં સુધારકનું કાર્ય વિશેષ સરળ હતું

દયાનન્દજી કલકત્તા ગયા, ત્યારે ત્યાંની સનાતન ધર્મ-રક્ષિણી સભા વેદનું શિક્ષણ આપવા અર્થે સંસ્કૃત પાઠ-શાળા સ્થાપવાનો વિચાર ચલાવતી હતી દયાનન્દજીએ તેમાં બનતી સહાય કરવાનું વચન આપ્યું

વેદ પાઠશાળાની સ્થાપનાના કાર્યને જોઇતો વેગ આપ્યા પછી ઋષિજીએ નિયમ મુજબ વેદધર્મ ઉપર વ્યા-ખ્યાનો આપવા માંડયા વ્યાખ્યાનમાં બ્રહ્મોસમાજના અને શિક્ષિત વર્ગના કેટલાયે પ્રતિષ્ઠિત પુરૂષો અને બીજા હાજરી આપતા દયાનન્દજી સંસ્કૃતમાં વ્યાખ્યાન કરતા તેમના કેટલાક વિચારોની સાથે શિક્ષિત શ્રોતૃવર્ગને મતભેદ રહેતો. છતા મહર્ષિજીની વિદ્વત્તા અને વકતૃતા ઉપર તો સૈ વારી જતા

મહર્ષિજીના વ્યાખ્યાનોથી આકર્ષાઇને કેશવચન્દ્ર સેન, દેવેન્દ્રનાથ ઠાકુર અને એવા સુશિક્ષિત બંગાળી અગ્રેસરો મહર્ષિજીની મુલાકાત અર્થે વારંવાર તેમને ઉતારે આવતા કેશવચન્દ્ર સેન અને દયાનન્દજી એ બન્ને પુરૂષવરો વચ્ચે તો જાણે પ્રેમ બંધાઇ ગયો. પછી તો કેશવચન્દ્ર સેનના સૂચનથી દયાનન્દજીએ 'દાર્શનિક તત્ત્વ-જ્ઞાન' અને 'સાંખ્ય દર્શન' ઉપર વિદ્વત્તાભર્યાં વ્યાખ્યાનો

આપી સૌને ચકિત કરી દીધા મહર્ષિજીના સંસ્કૃત વ્યાખ્યાનોના ભાષાન્તર કરનારાઓ ખૂબ જ ભૂલો કરતા હોવાથી, કલકત્તાથી મહર્ષિજીએ હિન્દીમાં વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું અને છેલ્લા થોડા વ્યાખ્યાન હિન્દીમાજ આપ્યા કલકત્તા ચાર માસ રહી મહર્ષિ ૧૯૭૩ના એપ્રીલમા મુંબાઇ જવા નીકળ્યા.

(૪)

પ્રથમ મહર્ષિ હુગલી આવ્યા ત્યા પંડિત તારાચરણ સાથે મૂર્તિપૂજા ઉપર વિવાદ થયો. હુગલીથી કાનપુર આવ્યા અને કાનપુરથી ફરૂકાબાદ આવ્યા ફરૂકાબાદમાં મહર્ષિએ વાયવ્ય પ્રાન્તના લેફ્ટેનન્ટ ગવર્નર સર ચાર્લ્સ મુરની મુલાકાત લીધી અને તેને હિન્દુસ્થાન જેવા ખેતીપ્રધાન દેશ માટે ગોરક્ષાનું મહત્ત્વ સમજાવ્યું મહર્ષિજીએ એ અંગ્રેજ શાસકને ગૌરક્ષાનો કાયદો કરવા સૂચન કર્યું અને એ અંગ્રેજે, એ દિશામા પોતાથી બનતું કરવા મહર્ષિજીને વચન આપ્યુ

ત્યારબાદ મહર્ષિજી અલીગઢ વૃન્દાવન, મથુરા વગેરે અનેક હિન્દુ ધર્મના ધામોમા ભટક્યા અને એ બધે સ્થળે સાચા સનાતન ધર્મ ઉપર વિપ્લવકારી વ્યાખ્યાનો દીધા. એમ ફરતા ફરતા મહર્ષિજી અલાહબાદ ગયા અને ત્યાં ૧૮૧૪ના સપ્ટેમ્બરની આખર સુધી રહ્યા ત્યાથી મહર્ષિજી, મુંબાઇના કેટલાક અગ્રગણ્ય હિન્દુઓના આમંત્રણને સ્વીકારી, નાશક અને જબલપુર થઇ, મુંબાઇ પહોચ્યા ૧૮૭૪ના નવેમ્બર માસમા મહર્ષિજીએ

પોતાના વતન તરફના એ રાજનગરમા પહેલી જ વાર પગ મૂક્યો.

મુંબઈ એ વખતે આખા ઈલાકાનુ વાણિજ્યનુ મથક બની ચૂકયુ હતુ, અને વેપારી વર્ગનો મોટો ભાગ, થોડા પારસીઓ શિવાય, વલ્લભાચાર્યના અનુયાયી હિન્દુઓનો હતો એ કાળમા વલ્લભ પંથનુ પતન થયુ હતુ એના આચારવિચારમા અનાચારનુ વિષ પ્રસરી ગયુ હતુ અને એની સામે બંગાળના બ્રહ્મોસમાજની જેમ, મુંબઈમા પણ પ્રાર્થનાસમાજને નામે સુધારક પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી એ વખતે દયાનન્દજીએ મુંબાઈમા ઉતરી વેદધર્મના પ્રવચનો કરવા માડયા અને વલ્લભપંથના સડાઓ નીડરતાપૂર્વક નિન્દવા માડયા દયાનન્દજીની બળવાની યુદ્ધ-વાણી સાભળી જેમ બીજા સ્થળોએ સ્થિતિચૂસ્ત વર્ગમા જબરો ખળભળાટ મચી રહેતો, તેમ મુંબાઈમા યે વલ્લભ-ઘેલા વૈષ્ણવોમા મોટો ક્ષોભ થયો બીજાં સ્થળોએ જેમ દયાનન્દજીના શિર ઉપર ઇંટો અને પથરાનો વરસાદ વરસતો તેમ, મુંબાઈમા પણ એવો વરસાદ વરસ્યો, ઉપરાત મહર્ષિજીના મસ્તક ઉપર નરકની નીકો ખુલ્લી મૂકાઇ અને કેટલાક ધર્મઝનુનીઓએ તો એ યોગીપુરૂષને ઝેર પાઇ તેનો જાન લેવાનો પ્રયત્ન કર્યો દયાનન્દજીએ એ બધા હુમલાને હસતે મુખે પુષ્પવૃષ્ટિની જેમ વધાવી લીધા આદિત્ય બ્રહ્મચારી મહર્ષિજી પોતાને ખવરાવાયેલુ ઝેર પણ સુખેથી પચાવી ગયા

આમ એક નિષ્ફળતા પછી બીજી નિષ્ફળતા મેળવવાજ મુંબાઈના પુરાણમાર્ગી પંડિતોએ દયાનન્દજીની સામે ચોવીસ સવાલોવાળી એક નનામી પત્રિકા પ્રસિદ્ધ કરી

એ પત્રિકા દુર્લક્ષ કરવાને લાયક હતી, છતા દયાનન્દ જીએ એમાના બધા સવાલોના જવાબ દીધા ,અને પંડિતોના મુખ બંધ કરી દીધા

મુંબઈમા મહર્ષિજી બે માસ રહ્યા દરમ્યાન તેમના વ્યાખ્યાનોએ અને રૂઢિધર્મ ઉપરના તેમના સમર્થ આક્રમણોએ નવા તૈયાર થતા સુધારક પક્ષને ખૂબ જોર આપ્યું. ત્યારબાદ મહર્ષિજી થોડા દિવસ અમદાવાદ અને રાજકોટ જઈ આવ્યા કહેવાય છે કે મહર્ષિજી રાજકોટથી એક રાત તેમના વતન ટંકારા જઈ આવેલા. એમ પણ કહેવાય છે કે મહર્ષિજીની એક મહેચ્છા તો તેમની સુધારક પ્રવૃત્તિઓની શરૂઆત તેમની જન્મભૂમિકા કાઠિયાવાડમા કરવાની હતી એટલા માટે જ ત રાજકોટ તરફ ગયેલા પણ તેમને કાઠિયાવાડમા જરા યે અનુકૂળ વાતાવરણ ન દેખાયું એટલે મહર્ષિજી ૧૮૭૫ના જાન્યુઆરીની ૧૮મી તારીખે પાછા બીજી વખત મુંબાઈ આવ્યા મહર્ષિજીએ ત્યાર પછી જન્મભૂમિ તરફ—કાઠિયાવાડ તરફ, તેમના જીવનમા, ફરીવાર પગલા કર્યા જ નહીં.

(૫)

હરદ્વારના મેળામાથી હતાશ થઈ વધુ સામર્થ્ય માટે અરણ્યમા ચાલી નીકળેલા મહર્ષિજીના બીજી વારના પ્રયત્નોનો પણ એક દશકો પૂરો થવા આવ્યો મહર્ષિજીએ અજબ હિમ્મતથી અને અદ્વિતીય ચાતુર્યથી તમનો વેદ-સંદેશ ગામેગામ પ્રચાર્યો મહર્ષિજીએ હિન્દુ ધર્મના તીર્થધામોમા જઈ વિવાદો ચલાવ્યા, પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યાં મહર્ષિજીએ મૂર્તિપૂજાને તુચ્છકારી કાઢી અને એક ઇશ્વર અને એક ધર્મશાસ્ત્રના સનાતન સત્યની

ચેષણા કરી એકલો માણસ જેટલું કરી શકે તેટલું બધું યે મહર્ષિજીએ એક દશકા સુધી કર્યું એ સંચલનથી મહર્ષિજીએ પુરાણધર્મની ઇમારતના પાયા ડોલાવી મૂકવાની આશા રાખેલી. પણ એ પાયા ઉંડા નીકળ્યા અવની અને આકાશ એક કરી શકે એવા અમાનુષી શક્તિશાળી પુરૂષથી પણ ન ડગમગે એટલા ઉંડા અને સુદૃઢ એ પાયા હતા પણ દયાનન્દજીએ એ ઇમારતને જમીનદોસ્ત કરવાનો જીવનધર્મ સ્વીકાર્યો હતો એટલે તેમણે તેમનો હલ્લો વધારે સમર્થ બનાવવા નવો માર્ગ શોધવા માંડ્યો

અત્યારસુધીના મહર્ષિજીના નિરંતર પ્રવાસે અને દેશમા પ્રસરતી જતી વિધાવધ સુધારક પ્રવૃત્તિઓના એમના પરિચયે મહર્ષિને કેટલાયે નવા અનુભવો આપેલા મહર્ષિજીએ એમના જેવુ કાર્ય હાથ ધરી રહેલા બંગાળના બ્રહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજ જોયા, તેમના સ્થાપકની અને સંચાલકોની કાર્યપ્રણાલી જોઇ એ બધા ઉપરથી મહર્ષિજીને લાગ્યુ કે તેમનુ જીવનકાર્ય પાર ઉતારવા અને ભવિષ્યમા એ જુસ્સો ટકાવી રાખવા એક સંસ્થા જોઇએ મહર્ષિજીના એ વિચારને પરિણામે ૧૮૭૫ના એપ્રીલ માસની ૧૦મી તારીખે મુબાઇમા આર્યસમાજની સ્થાપના થઇ મુબાઇના પ્રજાજનોની જાહેરસભાએ આર્યસમાજના અઠ્ઠાવીશ નિયમો નક્કી કર્યા એ નિયમોમા ૧૮૭૭મા મહર્ષિજીના હસ્તે સુધારાવધારા થયા પછી, આજે આર્યસમાજમા નીચેના દશ સિદ્ધાન્તોનુ શાસન ચાલે છે.

(૧) સર્વ સત્યવિદ્યા અને જે વસ્તુઓ સત્યવિદ્યાથી જાણી શકાય છે તે બધાનું આદિ મૂળ પરમાત્મા છે

(૨) ઇશ્વર સચ્ચિદાનન્દ સ્વરૂપ, નિરાકાર, સર્વ શક્તિમાન, ન્યાયકારી, દયાવન્ત, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિનો સરજનહાર છે પર-મેશ્વર એકજ ઉપાસનીય છે

(૩) વેદ સત્યવિદ્યાઓનો ગ્રંથ છે. વેદનો પાઠ કરવો અને કરાવવો, વેદનું શ્રવણ કરવું અને કરાવવું એ પ્રત્યેક આર્યનો ધર્મ છે

(૪) સત્યનો સ્વીકાર કરવામાં અને અસત્યનો ત્યાગ કરવામાં સદા તત્પર રહેવું ઘટે

(૫) દરેક કામકાજ ધર્માનુસાર એટલે સત્યાસત્યનો વિચાર કર્યા પછી જ કરવું ઘટે

(૬) સંસારનું કલ્યાણ કરવું એટલે ચેતન માત્રની શારી-રિક, સામાજીક અને આત્મિક ઉન્નતિ માટે પ્રયત્ન કરવા એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે

(૭) પ્રેમ, ધર્મ અને ન્યાય અનુસાર સર્વની સાથે વર્તવું.

(૮) અવિદ્યાનો નાશ કરવો અને વિદ્યાની વૃદ્ધિ કરવી

(૯) કોઇએ માત્ર પોતાની અંગત ઉન્નતિમાં સંતોષ નહીં માનવો જોઇએ, પરંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

(૧૦) સમષ્ટિના હિતને અર્થે સમાજના જે નિયમો હોય તેનું સૌએ પાલન કરવું ઘટે, પરંતુ જે નિયમો માત્ર વ્યક્તિના હિતને સ્પર્શતા હોય તેના પાલનમાં પ્રત્યેક મનુષ્યને સ્વતંત્રતા હોવી જોઇએ

એવા પવિત્ર સિદ્ધાન્તો સાથે, મુંબાઇમા આર્યસમાજનું પ્રથમ બીજ રોપાયુ એ બીજમાથી આજે આખા આર્યાવર્તમા તેની શાખાઓ અને ઉપશાખાઓ પ્રસારતુ એક પ્રચંડ વૃક્ષ નીકળ્યુ છે એ વૃક્ષની કોઇ કોઇ શાખા તો દુનિયાના બીજા ખડોમા યે પહોચી છે એની છાયા નીચે–આર્યસમાજના આશ્રય નીચે આજે લાખોની સખ્યામા હિન્દુ નરનારીઓ તેમના ધર્મની, તેમની કોમની, તેમના દેશના ઉદ્ધારની અનેકવિધ પ્રવૃત્તિઓ અથાક કરી રહ્યા છે એજ મહર્ષિજીનુ જીવનકાર્ય હતુ એના પાયા મુબાઇમાં નખાયા

*

વિજયને શિખરે

(૧)

હિન્દુત્વને હણનારા શત્રુ-દળની સામે એકલે હાથે સંગ્રામ ખેલનારા સ્વામીજીના એ દોહ્યલા દિવસો હવે પૂરા થયા આશરે એક દશકાના અખંડ અને અડગ રણસંગ્રામ પછી સ્વામીજીના ઝંડા નીચે સૈનિકો જમા થવા લાગ્યા ઠેર ઠેર સ્વામીજીને શિષ્યો અને અનુયાયીઓ મળવા માંડયા સ્થળે સ્થળે સ્વામીજીના આર્યસમાજની શાખાઓ ઉઘડવા લાગી મુંબાઇમાં પ્રથમ આર્યસમાજ સ્થાપ્યા પછી સ્વામીજીની જીવનઅવધ માત્ર એક દશક જ લંબાઇ, પણ એ દશક દરમ્યાન તો આર્ય-સમાજના મૂળ આર્યાવર્તમાં ઠેઠ પાતાળ સુધી ઉંડા ઉતરી ગયા સ્વામીજીના જીવનકાર્યની સિદ્ધિનો દિવસ જાણે નજીક આવી પહોચ્યો

મુંબાઇમાં આર્યસમાજના મૂળ નાખ્યા પછી, મહ-ર્ષિજીએ પ્રથમ કામ એ સંસ્થાની શાખાઓ પાથરવાનું જોશભેર ઉપાડયું, અને એ અર્થે મહર્ષિ મુંબાઇથી

પહેલા પુના ગયા પુનામા તેમણે પંદર વ્યાખ્યાનો આપ્યા વ્યાખ્યાનોએ એ મરાઠા પાટનગરના સુશિક્ષિત નરનારીઓને મુગ્ધ કરી દીધા. પુનામા આર્યસમાજની શાખા નંખાઈ. સુપ્રસિદ્ધ સંસારસુધારક સ્વ. રાનાડે વગેરે દક્ષિણી અગ્રેસરો મહર્ષિજીના વાવટા નીચે આવી ઉભા એ શિક્ષિત વર્ગે મહર્ષિજીના પુના–નિવાસ દરમ્યાન તેમનો ખૂબ સત્કાર કર્યો. મહર્ષિજીની હાથી ઉપર સવારી કાઢી તેમના બહુમાન કર્યાં. પણ એ વખતે સ્થિતિચૂસ્ત પક્ષે મહર્ષિજી ઉપર પત્થરો વરસાવ્યા અને કાદવ છાટયો અને ભારે તોફાન મચાવ્યું મહર્ષિજીના જાન ઉપર હુમલો થયો. મહર્ષિજીએ તો, હમેશ મુજબ, એ બધું પ્રફુલ્લ ચિત્તે જ સહી લીધું.

પુનાથી અનેક ગામો અને નગરોમા ભ્રમણ કરતા મહર્ષિ દીલ્હી આવ્યા દિલ્હીમા પ્રસિદ્ધ કેસરી દરબાર ભરાયો. તેમા, સર્વ સંપ્રદાયના નાયકોએ સાથે મળી ધાર્મિક સંશોધનનુ કાર્ય ઉપાડી લેવા મંત્રણા ચલાવી. બાબુ કેશવચદ્ર સેન, સર સૈર અહમ્મદ, શ્રી. કનૈયાલાલ અલખધારી વગેરે સપ્રદાય–નેતાઓએ એ સમેલનમા હાજરી આપી પણ આખરે એ મત્રણાનુ કશુ પરિણામ ન આવ્યુ

મહર્ષિજી દીલ્હીથી મીરજ ગયા ત્યા વેદટકાર કરી સહરાનપુર પહોચ્યા સહરાનપુરથી ચાદાપુરના ધર્મમેળામાં ભાગ લેવા ઉપડયા ચાદાપુરમા મુનશી પ્યારેલાલજીએ સર્વ ધર્મના પ્રતિનિધિઓને નિમત્રી એક ધર્મવિવાદ ગોઠવેલો તેમા ઈશ્વર, પૃથ્વી, શાસ્ત્ર, મુક્તિ વગેરે ધર્મના મુળતત્ત્વોને લગતા પાચ સવાલો વિવાદ માટે મૂકાયા.

ખ્રીસ્તી ધર્મ અને મુસલમાન ધર્મના પ્રતિનિધિઓના ઉત્તરો સભાએ સાંભળ્યા પછી, મહર્ષિજીએ વેદ ધર્મના પ્રતિનિધિ તરિકે ઉત્તરો સંભળાવ્યા કોનો ઉત્તર શ્રેષ્ઠ એ બાબત સર્વાનુમત ન થયું છતાં યે મહર્ષિજીના ઉત્તરોની મર્મજ્ઞતા, તલસ્પર્શિતા અને સચોટતાએ સભાના અંતર ઉપર સજ્જડ છાપ મુકી

શાહાપુરથી પરવારી આસપાસના પ્રદેશમાં વેદસંદેશ સંભળાવી, મહર્ષિજીએ પંજાબની મજલ આદરી.

(૨)

મહર્ષિજીનું સાચું કીર્તિમંદિર તો પંજાબ છે. જે પાંચ નદીઓના દેશમાં વેદની પ્રથમ ઋચાઓ ઉચ્ચારાઈ એ પંજાબમાંજ આર્યત્વના ઉદ્ધારનો સાચો આરંભ થયો, અને આજે, આર્યત્વના અજેય દુર્ગ તરિકે પણ એ વીર પંજાબ જ ઉભો છે

એ પંજાબમાં મહર્ષિજીએ ૧૮૭૭માં પગ મૂક્યો, અને પહેલું વ્યાખ્યાન લાહોરમાં દીધું જાણે ગુરૂ નાનકદેવે મહર્ષિજીને માટે ક્ષેત્ર તૈયાર કરી મૂક્યું હોય તેમ, મહર્ષિના એ પ્રથમ વ્યાખ્યાનની જાદુઇ અસર થઇ. પછીના વ્યાખાનોમાં શ્રોતાજનોની જબ્બર મેદિની જામવા માંડી અને મહર્ષિજીનો વેદસંદેશ વીજળીને વેગે પંજાબમાં પ્રસરવા માંડ્યો બે મહિનામાં તો, મહર્ષિજીએ પંજાબને કોઇ એવું વશીકરણ લગાડ્યું કે પંજાબીઓ, ગરીબ અને તવંગર, શિક્ષિત અને અશિક્ષિતનો ભેદ ભૂલી, દયાનંદ સરસ્વતીની પાછળ જાણે ઘેલા બની

ગયા. પંજાબમાં ઠેર ઠેર આર્ય સમાજો સ્થપાવા લાગ્યા, ગુરૂકુલો નખાવા માંડયા, શાળાઓ ઉઘડવા લાગી, અનાથાલાયો ઉભા થવા માંડયા પંજાબમાં નવું ચેતન પ્રગટ્યું હોય પંજાબીઓની નસોમાં નવું લોહી ઉભરાવા માંડ્યું હોય તેમ પંજાબીઓએ મહર્ષિજીના મનોભાવ અગાબર ઝીલી લીધા અને તેમના આદર્શ મુજબ હિન્દુકોમની પુનર્ જાગૃતિનું કામ બરાબર ઉપાડી લીધું સમસ્ત પંજાબમાં પ્રગટેલી એ હિન્દુત્વની અસ્મિતાએ હિન્દુકોમમાં નવી જ રાષ્ટ્રીય અસ્મિતા સરજાવી, અને એને પરિણામે, એક દશકા પહેલા પંજાબમાં એવો સમય આવી ગયો કે જ્યારે સરકાર આર્યસમાજ અને આર્યસમાજીને નામે ત્રાસતી આજે યે પંજાબમાં આર્યસમાજનું દળ એક પ્રચંડ શક્તિરૂપે વિકસી રહ્યું છે મહર્ષિજીનો પંજાબનો પ્રવાસ એવા અજબ કાર્યનો સાધક બની ગયો

લાહોરમાં વ્યાખ્યાનમાળા વાંચી અને આર્યસમાજની સ્થાપના કરી, મહર્ષિજી અમૃતસર, ગુરૂદાસપુર, મુલતાન, બટાલા, ફિરોઝપુર, રાવળપીંડી, જેસલ ગુજરાત, વઝીરાબાદ, વગેરે સ્થળોએ ફર્યા મહર્ષિજી જ્યાં જ્યાં ગયા, ત્યાં ત્યાં તેમણે વ્યાખ્યાનો આપ્યાં, વિવાદ-સભાઓ આમંત્રી, વેદના સત્યાર્થની પત્રિકાઓ વહેંચી અને પરિણામે અનુયાયી-સંઘ જમાવી આર્યસમાજની શાખાઓ સ્થાપી એ રીતે મહર્ષિનું ૧૮૭૭નું આખું વર્ષ પંજાબમાં વીત્યું

પંજાબથી નીકળી મહર્ષિજી ૧૮૭૮માં આગ્રા અને અયોધ્યાના પ્રાંતોમાં ફર્યા ત્યાં પણ પંજાબના જેવો જ

કાર્યક્રમ અનુસર્યાં પણ ત્યા પંજાબ જેટલી સફળતા ન મળી ૧૮૭૯મા મહર્ષિજી બરેલી ગયા અંને. ત્યા ખ્રીસ્તી ધર્માચાર્યો સાથે ધર્મવિવાદ ચલાવ્યો. તેમા મહર્ષિને વિજય મળ્યો બરેલીથી મહર્ષિ શાહજહાંપુર, લખનૌ, કાનપુર, ફરૂકાબાદ, પ્રયાગ, મિરજાપુર થઇ ૧૮૮૦ મા મીરત ગયા મીરતમા થીઓસોફીના સ્થાપક કર્નલ ઓલ્કોટ અને મેડમ બ્લેવેટ્સ્કી મહર્ષિજીના દર્શને આવ્યા મહર્ષિજીનુ વિજયી વ્યક્તિત્વ, એમનુ અગાધ તત્ત્વજ્ઞાન અને એમની અપાર વિદ્વતા જોઇ, થીઓસોફી–સમાજના સ્થાપિકા વિદુષી મેડમ બ્લેવેટ્સ્કીએ મહર્ષિજીની સ્તુતિ કરી કર્નલ ઓલ્કોટે પણ મહર્ષિનો એટલો જ પ્રભાવ અનુભવ્યો મીરત પછી, મહર્ષિજીએ તેમનો રાજપુતાનાનો પ્રવાસ શરૂ કર્યો

(૩)

મુંબાઇ, મહારાષ્ટ્ર, આગ્રા, અયોધ્યા, મથુરા, કાશી, પંજાબ અને બંગાળ આર્યાવર્તના એ તમામ અંગોમા હિન્દુ–અસ્મિતા જાગ્રત્ કર્યા પછી મહર્ષિજીની દ્રષ્ટિ મેવાડ અને મારવાડના હિન્દુ નૃપતિઓના મુલક તરફ ફરી પ્રજાને પ્રજાધર્મ સમજાવ્યા પછી મહર્ષિજીએ હવે રાજવીઓને રાજધર્મ બતાવવા મરૂભૂમિના રાજસ્થાનો ઉપર ચડાઇ કરી ૧૮૮૧ના માર્ચ મહિનાની ૧૦મી તારીખે મહર્ષિજી ચિતોડ પહોચ્યા અને ધર્મોપદેશનો આરંભ કર્યો મહર્ષિજીની વાણી સુણવા અસીન્દના રાવ અર્જુનસિંહજી, ભીલવાડાના ફતેસિંહજી, શાહપુરના મહારાજાધિરાજ નાહરસિંહજી, કાનુડના રાવત ઉમેદસિં-

હજી, શાવડીના રાજા રાજસિંહજી વગેરે નરેન્દ્રોએ ચિતોડમાં પગલાં કર્યાં ઉદયપુરના મહારાણાશ્રી પણ મહર્ષિજીનો ધર્મસંદેશ ઝીલવા ચિતોડ પધાર્યા અને એ દેવદૂતની અમૃતવાણી સાંભળી એના પગમાં મુગટ નમાવ્યો ઉદયપુરપતિએ મહર્ષિજીને ઉદયપુર આવવા આગ્રહપૂર્વક પ્રાર્થના કરી

મહર્ષિજી ખંડવા, ઇન્દોર, રતલામ વગેરે રયાસતોમાં થઈ ઉદયપુર ગયા મહારાણા સજ્જનસિંહજીએ મહર્ષિજીનું માનભર્યું સ્વાગત કર્યું સજ્જનનિવાસ બાગમાં નિવાસ આપ્યો મહારાણાશ્રીએ કુટુમ્બપરિવાર અને રાજમાન્ય પુરૂષવર્ગ સાથે મહર્ષિજીનાં વ્યાખ્યાનોમાં નિયમિત હાજરી આપવા માંડી પરિણામે એમણે મહર્ષિજીના સદુપદેશથી અનેક વ્યસનો ત્યાગ્યા.

મહારાણાશ્રીની મહર્ષિજી પ્રત્યેની ભક્તિ દિન પ્રતિ દિન એટલી વધતી ગઈ કે એક દિવસ મહારાણાએ મહર્ષિજીને ચરણે એકાન્તમાં એક વિનતિ ધરી 'ઉદયપુર રાજ્યે એકલિંગેશ્વર મહાદેવની પૂજાનો કુલધર્મ સ્વીકાર્યો છે માટે આપ એ મૂર્તિપૂજાના ખંડનની વાત છોડી ઉદયપુરના રાજગુરૂ બનો, એકલિંગેશ્વર મહાદેવના મંદિરની લાખોની સમૃદ્ધિ આપના પાદાબુજમાં ઠલવું,' મહર્ષિજીએ હસીને જવાબ દીધો 'મહારાણાજી, આપનું મંદિર અને આપની રયાસત મને પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ આચાર કરવા નહીં લોભાવી શકે' મહારાણાએ લજ્જિત બની મહર્ષિજીની ક્ષમા યાચી.

ઉદયપુરમાં મહર્ષિજીએ પરોપકારિણી સભા સ્થાપી. પોતાનાં વસ્ત્ર, ધન, પુસ્તક, મુદ્રણાલય વગેરે સર્વસ્વ

મહર્ષિજીએ એ સભાને સોપી દીધુ અને એનો ઉપયોગ પરોપકારના કાર્યમા કરવા ૨૩ સભ્યોનું એક વ્યવસ્થાપક મંડળ નીમ્યું ઉદયપુરના મહારાણા સજ્જનસિંહજીને તેના પ્રમુખ લાલા મૂળરાજને, ઉપ-પ્રમુખ અને શાહપુરના મહારાજા, સ્વ. રાનાડે, રાજા જયકીશનદાસ વગેરે પુરૂષોને તે મંડળના સભ્યોના આસન અપાયા (૧) વેદ અને વેદાંગ વગેરે ધર્મગ્રંથોનું પ્રકાશન કરવુ અને તેમનો પ્રચાર કરવો, (૨) વેદધર્મના પ્રચારાર્થે ઉપદેશકો દેશ-દેશાન્તરમા મોકલવા, (૩) આર્યાવર્તના, અનાથ અને દીનજનોના પાલન અને શિક્ષા માટે આશ્રમો સ્થાપવા, એમ એ સભાનો કાર્યપ્રદેશ નિર્માયો આજે એ સભાની બે લાખની મિલ્કત છે અને એ મિલ્કત વડે સભા મહર્ષિનું જીવનકાર્ય પ્રચારવા યથાશક્તિ પ્રયાસ કરી રહી છે

(૪)

ઉદયપુરથી મહર્ષિજી, ૧૯૮૩મા, નીમહાડે અને ચિતોડ થઈ શાહપુર ગયા શાહપુરમા ધર્મ અને નીતિ ઉપર વ્યાખ્યાન-પરંપરા આપી, શાહપુરાધિરાજને વેદ ધર્મના ઝુંડા નીચે સ્થાપી, મહર્ષિજી જોધપુરપતિના નિમંત્રણે ૧૮૮૩ના મે મહિનામા જોધપુર ગયા. જોધાણનાથના અત્યંત પ્રેમને વશ બની મહર્ષિજી જોધપુરમાં ચાતુર્માસ રહ્યા. પણ એ ચાતુર્માસ પૃથ્વી ઉપરનું મહર્ષિજીનુ છેલ્લુ ચાતુર્માસ હતુ અનેક વિષ-પ્રયોગોને નિરર્થક ઠરાવનારા મહર્ષિજી જોધાણનાથની નર્તિકા નન્ની-જાનના વિષ-પ્રયોગમાંથી ન બચ્યા

અન્ય મહારાણાઓની જેમ જોધાણનાથ જસવંતસિંહજીએ પણ મહર્ષિજીના પ્રભાવ નીચે એમના ગજોચિત અનેક વ્યસનો અને વિલાસો ત્યાગવા માંડ્યા જસવંતસિંહજીની માનીતી નાયક નન્નીજાનથી એ ન સહાયું. એણે સ્વાર્થને ખાતર મહર્ષિજીનો જાન લેવાનું કાવતરૂં રચ્યું મહર્ષિજીના એક રસોઈઆની બેવફાઈથી એ કાવતરૂં સફળ થયું મહર્ષિજીને વિષ પીરસાયું

દરરોજ સવારે ત્રણને ટકોરે મહર્ષિજીના નેત્રો ઉઘડતા શૌચ–સ્નાનમાંથી પરવારીને એ મહાનુભાવ યોગમાં બેસતા તરેહ તરેહના આસનો વાળીને મહર્ષિ કપરત કરી લેતા પ્રાણાયામમ વિરાજતી વેળા મહર્ષિજીની પ્રતિમા તપેલા સુવર્ણ સરખી દેદિપ્યમાન લાગતી સૂર્યોદય પૂર્વે તે ભટકવા નીકળતા, એટલી ઝડપથી ચાલતા કે બીજું કોઈ એમની સગાથે જાય તો દોડવું પડે દૂર એકાન્તમાં જઈ એક કલાક સુધી સમાધિ ચડાવતા આઠને સુમારે પાછા ફરતા પાછા ફરીને શબ–આસન લગાવી, તદ્દન નિર્જીવ જેવું શરીર બનાવી દઈને ત્રીસ ઘડી સુધી મહર્ષિજી વિસામો લેતા વિસામો ખાઈને શેર એક દૂધ પીતા ત્યાર પછી અગીઆર વાગતા સુધી લખવા–લખાવવાનું કામ ચાલતું

પછી ભોજન કરતા બે તોલાથી વધુ ઘી નહીં અને આઠથી વધુ રોટલી નહીં મહર્ષિજી સાગી પેઠે ચાવીને પેટમાં ઉતારતા જમતા જમતા ખબરપત્રો પણ સાંભળી લેતા ભોજન બાદ અરધો ઘડી આરામ પછી સાંજના ચાર સુધી કામકાજ ચારથી આવનારાઓને મળવું, પ્રશ્નોના ઉત્તર દેવા તે છેક દસ બજ્યા સુધી

ચાલતુ બરાબર દસના ટકોરે એક દુધનો કટોરો પીઇ મહર્ષિજી સ્વચ્છ બિછાના પર શયન કરતા, અને નિદ્રા જાણે કે વાટ જ જોતી હોયને, એટલી ઝડપથી એ ઘસઘસાટ પોઢી જતા

એ મુજબ મહર્ષિજીએ સવત ૧૯૪૦ની કાળી ચૌદશની રાત્રે તેમના રસોયા જગન્નાથ પાસેથી દુધ મગાવી પીધુ એ દુધમા કાળકૂટ ઝેર મિલાવેલુ હતુ એ જલદ ઝેરે આજીવન બ્રહ્મચારી દયાનન્દનો જીવ લીધો

વિષપાન પછી જોધાણનાથે મહર્ષિજીની સારવાર માટે મોટા મોટા હકીમોને નોતર્યા, એમના ઉપચાર સફળ ન થયા, મહર્ષિજીને આબુની છાયામા અને પછી અજમેરના અગ્રેજી તબીબોની સારવાર માટે લઇ ગયા. પણ એ વિષ કોઈ ન વાળી શક્યુ એક મહિનાની પથારી પછી કાર્તિક માસની કૃષ્ણ ચતુર્દશીની રાત્રિએ ઝેર ફુટી નીકળવાથી મહર્ષિના આખા શરીર ઉપર, મ્હો ઉપર, જીભ ઉપર ફોલ્લા ઉઠ્યા મહર્ષિજીને પારાવાર વેદના થવા લાગી, છતા મૃત્યુજયની સહનશીલતાથી સૌરાષ્ટ્રના એ નરશાર્દૂલ, વેદના મત્રો ઉચ્ચારતા અને પરમાત્માના ગુણગાનની ગાયત્રી ગાતા, કાર્તિકની અમાસે મૃત્યુને ભેટયા ભારતવર્ષને વેદના પ્રકાશથી ભરી દેનારા એ વેદ-ઝડાધારીની જીવનજ્યોત ૧૮૮૩ના ઓકટોબરની ૩૦મી રાત્રિએ બુઝાઇ ૫૯ વર્ષની આવરદા ભારતવર્ષના કલ્યાણમા અર્પી એ મહર્ષિ કલ્યાણધામમા ચાલ્યા ગયા

એ ઝડાધારીના અવસાન પછી યે, એનો રોપેલો આર્યત્વના ઉદ્ધારનો ઝડો આજે વિશેષ ઉન્નત ભાવે ભારતના ગગનમા ફરકી રહ્યો છે

પુરૂષવર

(૧)

જીવનના દરેકે દરેક ક્ષેત્રમા દયાનન્દ સાચા વીરનર હતા દયાનન્દના જીવન દરમ્યાન જેમણે એમને જોયા એ સૌને એક યોદ્ધા રૂપે જ દેખાયા અને તેમના મૃત્યુ બાદ તેમના જીવનને અભ્યાસ કરનારાઓને પણ મહર્ષિ સત્યના એક સાચા મહારથી સ્વરૂપે જ દેખાય છે

સત્યનુ ખડ્ગ ધારી જીન્દગીભર ઝઝુમનારા યોદ્ધાનુ કઠોર જીવન છતા મહર્ષિજીના આખાયે જીવનમા બસ ભવ્યતા જ ઝળહળી રહી છે નિર્મળ ચારિત્ર્ય, આરોગ્યની અને બ્રહ્મચર્યની પ્રભાથી પ્રકાશતુ મુખારવિન્દ, એક કૌપિન પર અહર્નિશ ઉઘાડા રહેતા શરીરનો બુદ્ધિ જેટલોજ પ્રખર વિકાસ, પ્રનાળ લલાટ, તીક્ષ્ણ નયનદ્વય, વિશાળ ભુજાઓ, દેહની પૂરા પાચ હાથની પહાડી ઉંચાઇ અને એક હાથમા એથી યે ઉંચો દંડ એ પ્રતિભાશાળી વ્યક્તિત્વ નીરખી પ્રેક્ષકનુ મસ્તક મહર્ષિના ચરણમા ઢળી પડતુ મહર્ષિજીને નીરખી મહાભારતના ભીષ્મ અને રામાયણના વજ્રકાય મારૂતી સ્મરણે ચડતા આદિત્ય બ્રહ્મચારી દયા-

નન્દનો એવો દુર્ધર્ષ અને દુર્દમનીય દેહ ભાળીને મેડમ બ્લેવેટ્સ્કી અને કેશવચન્દ્ર સેન જેવા પણ તેજમા અંજાઇ ગયેલા. મહર્ષિજીના બ્રહ્મચર્યના વર્ચસે જ એમને દોડતી જતી બે ઘોડાવાળી જોધાણનાથની ગાડીને પાછલું પૈડું પકડીને ઉભી રાખવાની અને ઝેર પચાવી જવાની તાકાત અર્પેલી મહર્ષિજીએ બુદ્ધિનો અને આત્માનો પ્રખર વિકાસ સાધવાની સાથોસાથ શરીરનો પણ એટલો જ વિકાસ સાધેલો બુદ્ધિના યજ્ઞમા એમણે શરીરનો બલિ આપી દીધો નહીં એટલે જ એમની વિવાદશક્તિ અપૂર્વ હતી, અને તેમની સ્મરણશક્તિ અતિ તીવ્ર હતી પૂરતી કાળજીથી ખિલાવેલા આ અમાનુષી સામર્થ્યને પ્રતાપે જ મહર્ષિજીના કંઠમા, વર્ષોના યુદ્ધને અંતે વિજયની વરમાળ પડી

અને મહર્ષિજીના વિજયમા સહાય પૂરનારા એમના જીવનના બીજા વિશિષ્ટ ગુણો યે જાણે કોઇ પાસાદાર મણિરત્નની જૂદી જૂદી પ્રકાશવતી બાજુઓના જેવા જ પ્રકાશી રહે છે મહર્ષિએ જીવનની છેલ્લી ઘડી સુધી મગજમાથી એ ખ્યાલને ખસવા ન દીધો કે એણે વૈભવ અને વિલાસ સામે, દંભ અને દુરાચાર સામે, અધર્મ અને અનીતિ સામે, મહન્તગીરીઓ અને ગુરૂપદ સામે બળવો માડયો છે અને એટલે જ એણે એક લંગોટી ઉપર જ આખી ઝીન્દગી વીતાવી, શ્રીમઠના મહન્તની મહન્તગીરીની અને ઉદયપુર—નરેશની રાજગુરૂ બનવાની વિનવણીઓને લાત મારી અને તેના પોતાના આર્યસમાજના પ્રમુખ થવાની આર્યસમાજી-ઓની આગ્રહી માગણીઓને આખર સુધી અવગણી—

મહર્ષિ મરણ સુધી આર્યસમાજના સામાન્ય સભાસદ રહ્યા. મહર્ષિજીની એ નિસ્પૃહ મનોદશાએ એમની ઉદાર પ્રવૃત્તિઓને કેવી બલિષ્ઠ બનાવી દીધી છે?

મહર્ષિએ કદિ કીર્તિને માટે કે સત્તાને માટે યે પરવાહ નથી કરી સત્યને જેવુ જોયુ તેવુ જ બોધનારા અને આચરનારા એ જીવનાન્ત સુધી અવધૂત જ રહ્યા એના સત્યપ્રેમને કોઈ સામ્રાજ્યસત્તા ડગાવી શકી નહીં, કોઇ સયોગો નમાવી શક્યા નહીં એટલે જ બરેલીમા ખડખડાટ હાસ્ય કરીને એ સત્યવીર બોલેલા કે, 'ત્રિલોકનુ રાજ્ય મારે ચરણે ધરો તો યે હુ સત્યનો પથ નહીં છોડુ ત્રિલોક કરતા સત્ય મને વધારે પ્રિય છે'

(૨)

મહર્ષિજીને સત્ય પ્રત્યે જેટલો પ્રેમભાવ હતો એટલો જ પ્રબળ તેમનો અસત્ય અને દભ પ્રત્યેનો તિરસ્કાર હતો આર્યધર્મને નામે આર્યાવર્તમા વ્યાપેલા અસત્ય અને દભ એમનાથી ન જોઇ શકાયા એટલે જ તેમણે સત્ય પ્રકાશને માટે, વેદધર્મના પુનઃસ્થાપનને માટે ભેખ લીધો અને પછી તો મહર્ષિજીનો જવલંત આશાવાદ, એમનો અથાક ઉત્સાહ, એમનુ અજેય ઇચ્છા-બળ, એમની અડગ હિમ્મત, એમનુ વિરલ ચારિત્ર્ય-એ સામર્થ્ય-ભડોળના પ્રતાપે મહર્ષિએ ૐના જયનાદથી ભારતવર્ષ ગજાવી મૂક્યું આજે યે એ ૐના જયનાદથી ભારતવર્ષના ગામગામડા અને નગરો ગાજી રહ્યા છે એ મહર્ષિના હાકલથી આખી હિન્દુકોમ જાગી ઉઠી છે

મહર્ષિજીનો એ ૐનાદ અનેક વસ્તુઓનો સૂચક છે.

મહર્ષિજીનો ૐનાદ એટલે વેદધર્મની પુન સ્થાપના અને એ વેદધર્મને નામે અનેક સામાજિક સુધારણાઓનો સદ્‌બોધ મહર્ષિજીની એક માન્યતા હતી કે જે વસ્તુ બુદ્ધિને ગ્રાહ્ય ન હોય એ વસ્તુ કદિયે શાસ્ત્રીય ન હોય, અને એમના કાળમા, આજની જેમ, એવી અનેક વસ્તુઓ અનેક રૂઢિઓ અને રિવાજો ધર્મને નામે ચલણી બની ગયેલા, કે જેને બુદ્ધિ કદિયે સ્વીકારી શકે નહીં એટલે મહર્ષિજીને વેદધર્મના પુન પ્રચારને માટે પ્રથન સામાજિક સુધારણાનુ કાર્ય હાથ ધરવુ પડયુ એમને મન વેદ-પ્રચાર અને સમાજસુધારણા બન્ને સરખા મહત્વની વસ્તુઓ બની રહી. એ બન્ને મહર્ષિજીના મહાકાર્યના અનિવાર્ય અગ બની ગયા મહર્ષિએ હિન્દુ જાતિના કોમ, જ્ઞાતિઓ અને વાડાઓના કોઇ પાર વિનાના ભેદ જોયા અને વેદશાસ્ત્રમા વર્ણવેલા ચતુર્વર્ણોનો બોધ દીધો

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ આદમીના કર્માનુસાર–જન્માનુસાર નહીં ચાર વર્ણમા હિન્દુસમાજની પુન રચનાનો બોધ દીધા પછી, મહર્ષિજીએ, હિન્દુકોમનુ શરીરબળ હણી રહેલા બાળલગ્નના રિવાજ ઉપર પ્રહાર કર્યો. તેમણે આદેશ દીધો કે 'વેદશાસ્ત્ર મુજબ લગ્ન વખતે કન્યાની કમમા કમ ૧૬ વર્ષની વય અને પુરૂષની ઓછામા ઓછી ૨૫ વર્ષની ઉમ્મર હોવી જોઇએ, એથી ઓછી ઉમ્મરે લગ્ન થાય એ શાસ્ત્ર વિરૂદ્ધ છે જાતિનો હ્રાસ અટકાવવા સબળ સતતિ જોઇએ, અને સબળ સતતિ જન્માવવા પુખ્ત ઉમ્મરના સ્ત્રીપુરૂષોએ ગૃહસ્થાશ્રમ માડવો જોઇએ કાચી વયના પતિપત્નીના સભોગમાથી નીપજેલા બાળકોને–એ બાળલગ્નના દૈત્યોને જ આર્યો-

વર્તની આજની અવદશા આભારી છે' મહર્ષિના એ આદેશ મુજબ એમના અનુયાયી લાખો આર્યસમાજીઓ આથી આજે બાળલગ્નનો કુરિવાજ બંધ થયો છે

મહર્ષિજીએ હિન્દુ સ્ત્રીની દુર્દશા જોઇ સ્ત્રીઓને આચાર વિચારની યોગ્ય સ્વતંત્રતા આપવાની હિમાયત કરી તેમણે પરદેશગમન સામે ધર્મને નામે ચાલતા પ્રતિબંધનો ઇન્કાર કર્યો અને પુરાતન ઇતિહાસમાથી દૃષ્ટાતો આપી સિદ્ધ કરી આપ્યુ કે પ્રાચીન કાળમા પરદેશગમનની પૂરેપૂરી છુટ હતી એ સવાલ ઉપર મહર્ષિજીએ ઇતિહાસની દ્રષ્ટિએ સુંદર વિચારો રજૂ કર્યા છે એ માહેનો એક ફકરો આ નીચે ઉતારી લઇએ

આર્યાવર્તના આર્યો આતરરાષ્ટ્રીય સવાલો ચર્ચવા અને વેપાર ખેડવા જરૂર વિદેશને પ્રવાસે નીકળતા આજે આપણે માનીએ છીએ કે વિદેશગમનથી પવિત્રતા અને ધર્મનો લોપ થાય છે તે માન્યતા અજ્ઞાનજન્ય છે પરદેશોના પ્રવાસથી માણસની બુદ્ધિ અને ચાતુર્ય ખીલે છે અને બીજા દેશની પ્રજાઓ પાસેથી ઘણુ ઘણુ નવુ જાણવાનુ મળે છે બીજાઓ પાસેથી સદ્‌ગુણો શીખવામાં પાપ હોઇ શકે જ નહીં જે દેશ પરદેશગમન સામે પ્રતિબંધ મૂકે અને એમ દેશના વ્યાપારવાણિજ્યની પ્રગતિ અટકાવે છે, તે દેશનો અધઃપાત થાય છે, તે દેશના માણસોના લલાટમા દીનતા અને દરિદ્રતા લખાયેલી રહે છે આપણી સ્વાધીનતા, સમૃદ્ધિ અને સુખી દશાના વિનાશ માટે આવા આવા ગાંડા વહેમો જ જવાબદાર છે'

મહર્ષિજીએ હિન્દુ સમાજના જુવાન વર્ગનો શારીરિક, માનસિક અને નૈતિક અધઃપાત જોયો અને એના નિવારણ અર્થે બ્રહ્મચર્યનો આદર્શ બોધ્યો મહર્ષિજીના

એ બોધના પરિપાક સમા આર્યસમાજના શિક્ષણ-વિદ્યાલયોમાંથી અનેક બળશાળી બ્રહ્મચારીઓ પાકી રહ્યા છે.

મહર્ષિજીએ સૌથી છેલ્લી છતાં યે સૌથી વિશેષ મહત્ત્વની વાત દલિતોદ્ધારની હાથ ધરી તેમણે અંગ્રેજી ભાષાના જ્ઞાન વિના કે મેઝિની, ગેરબાલ્ડીના સ્વાતંત્ર્યના સિદ્ધાંતો સાંભળ્યા વિના કે ફ્રેંચ વિપ્લવની કથા વાંચ્યા વિના, હિન્દુ સમાજને માટે સ્વાધીનતા સર્વબંધુતા અને સમાનતાની ઘોષણા કરી તેમણે હિન્દુ સમાજમાં ચાલી આવતી અંત્યજ-અસ્પર્શ્યતાનો સખ્ત વિરોધ કર્યો, શુદ્રોને, સ્ત્રીઓને અને અંત્યજોને સમાન ગણવાની હિમાયત કરી

મહર્ષિજીની આર્ષદ્રષ્ટિએ શિક્ષણપ્રચારની અને આદર્શ શિક્ષણ-પ્રણાલી સ્થાપવાની જરૂર પણ જોઇ લીધી આજે દેશના રાષ્ટ્રીય શિક્ષણના જે પ્રયોગો મંડાઇ રહ્યા છે તેની પાછળ ઉભેલા આદર્શો તો દયાનન્દજીએ દશકાઓ પહેલાં ઉચ્ચારેલા ત્યારે શિક્ષણના અણખેડાયેલા ક્ષેત્રના દયાનન્દજી એકલા તેમનું હળ લઇ સાથે એક ખેડકાર્ય કરતા તેમના એ પરિશ્રમને પરિણામે તેમણે ગુરૂકુલ-શિક્ષણનો આદર્શ શોધ્યો સર્વત્યાગી શિક્ષકો બ્રહ્મચારી વિદ્યાર્થીઓ, ગામના કલુષિત વાતાવરણથી દૂર અરણ્યમાં ખેલેલા શિક્ષણ-આશ્રમોની પુરાતન શિક્ષણપ્રથા તેમણે સજીવન કરી એ ગુરૂકુલોમાં મહર્ષિજીના આદર્શ મુજબ, વિદ્યાર્થીઓના ઉદ્યોગ-શિક્ષણ ઉપર ખૂબ ભાર મૂકાયો એ માટે સર્વવ્યાપક શિક્ષણની સર્વોપરિ જરૂરત પણ જાહેર

કરી, અને બાળક–બાળકીઓ બન્નેના ફરજીયાતશિક્ષણ- ૧
ણુનો પ્રાચીન આદર્શ નવે સ્વરૂપે રજુ કર્યો

એ રીતે, મહર્ષિજીએ ધર્મ સમાજ, અને શિક્ષણ જાતિના અસ્તિત્વને માટે મહત્વના એ ત્રણે પ્રશ્નોના સમર્થ ઉકેલ રજૂ કર્યા અને આચરણીય સુધારાઓ યોજ્યા મહર્ષિનુ એ ત્રિવિધ સુધાર–કાર્ય તેમને સાચા રાષ્ટ્રવિધાયક તરિકેના પરમ પૂજનીય સ્થાને સ્થાપી રહ્યુ છે મહર્ષિની રાષ્ટ્રવીર તરિકેની સેવાઓની કદર હજી ભારતવર્ષ નથી કરી શકયો મહર્ષિના જીવનની મતસ્થાપક તરિકેની ભડકાવનારી છબી આલેખનારાએ ઉભા કરેલા કાળા ઓળાઓ નીચે સચો દયાનન્દ–રાષ્ટ્રનો વિધાયક દયાનન્દ–દેશભક્ત દયાનન્દ દટાઈ ગયો છે એવુ નિર્મળ નયનને સહેજે દેખાય છે આવતી કાલે દયાનન્દજીના સુધાર–કાર્યના મીઠા ફળ પાકી રહેશે અને આજના વેરાન ભારતવર્ષમા નન્દનવન ખડુ થશે, ત્યારે આવતી કાલની નવી પ્રજા એ પુરૂષવરને કૃતજ્ઞતાપુર્વક જરૂર સભારશે અને એ મહત્તર દયાનન્દને પ્રાત સ્મરણીય રાષ્ટ્રસૃષ્ટા તરિકે પૂજશે

(૩)

મહર્ષિ દયાનન્દે તેમના જીવન–કાળમા કેવુ જબ્બર ઉદ્ધારકકાર્ય સાધ્યુ છે અને તેમના મૃત્યુ પછી પણ એ કાર્ય કેટલુ ફુલ્યુફાલ્યુ છે તેનો ખ્યાલ સરખો યે આવતા આપણા હૃદય અહેશાનની લાગણીથી છલોછલ ભરાઇ જશે

મહર્ષિએ સ્થાપેલા આર્યસમાજની સસ્થાઓની

સંખ્યા આજે ૧૫૧૦ થઈ છે એ સંસ્થાઓ હિન્દુસ્થાનની ચોદિશના પ્રાન્તપ્રાન્તમા અને હિન્દુસ્થાન બહાર આફ્રિકા, અમેરિકા અને ફીઝીમા ફેલાયેલી છે આર્યસમાજને ચોપડે નોધાયેલી એ સમાજના સભાસદોની સંખ્યા ૬૪૮૦૦૦ની છે આર્યસમાજનુ ખરૂ દળ તો એ ચોપડે ચઢેલા સભાસદો કરતા દશગણુ વધારે કહેવાય મહર્ષિજીના બોધ મુજબ જીવનમા સુધારણા ઉતારનારા મહર્ષિજીના અનુયાયીઓ અર્ધો કરોડ હિન્દુઓ છે

આર્યસમાજ તરફથી વાર્ષિક દોઢ કરોડ રૂપિયાને ખર્ચે ૫ કોલેજ, ૬૨ હાઈસ્કૂલ, ૧૫૦ મિડલસ્કૂલ, ૧૬૨ પ્રાથમિક શાળાઓ, ૧૪૨ રાત્રિ શિક્ષણશાળા તેમજ ૨૮ ગુરૂકુલ, ૩૦૦ સંસ્કૃત પાઠશાળા, ૩ કન્યા ગુરૂકુલ, ૧ કન્યા મહાવિદ્યાલય, ૨ કન્યા વિદ્યાલય (હાઈસ્કૂલ) અને ૨૬૨ કન્યાશાળાઓ ચાલી રહી છે. એ લગભગ ૧૨૦૦ સરસ્વતી-મંદિરો આર્યસમાજીઓના દાન ઉપર જ નભે છે એ માહેના કેટલાયે શિક્ષણાલયોને આજે તેમની પોતાની માલિકીની લાખોની મિલ્કત છે દુનિયાની સપટી ઉપર એક પણ એવો સમાજ કે પંથ હસ્તી નથી ધરાવતો કે જેના તરફથી ૧૨૦૦ શિક્ષણાલયો, સરકારની કશીયે સહાય લીધા વિના શિક્ષણપ્રચારનું પ્રચંડ કાર્ય કરતા હોય

આ ઉપરાત, આર્યસમાજ તરફથી ૪૮ અનાથાલયો, ૪૦ વિધવાશ્રમો, અને ૧૪ ઔષધાલયો ચાલી રહ્યા છે

આર્યસમાજના સાથી વિશાળ પુસ્તકાલયો લાહોરની દયાનન્દ એંગ્લોવેદિક કોલેજમા કાગડી ગુરૂકુલમાં અને

વૃન્દાવન ગ્રેચ-મહાવિદ્યાલયમા ઉભા છે ભારતવર્ષના શ્રેષ્ઠ પુસ્તકાલયોની હોડ કરી શકે એવાં તે સમૃદ્ધ છે

વેદધર્મના પ્રચાર અર્થે, હિન્દુત્વને જાગ્રત્ કરવાના ઉદ્દેશથી, આર્યસમાજ તરફથી, હિન્દી, ઉર્દુ, અગ્રેજી, ગુજરાતી, તેલુગુ વગેરે ભાષાઓમા દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક અને માસિક મળીને આજે કુલ ૪૦ સામયિકો પ્રકટ થાય છે.

ગયા વર્ષથી એક આર્ય-સ્વરાજ્યસભા સ્થાપવામા આવી છે તેના તરફથી પજાબમા પતિતોદ્ધારનુ કાર્ય વેગથી વધી રહ્યુ છે સયુક્ત પ્રાન્તમા આર્યસમાજીઓના ઉપયોગને અર્થે એક કોઓપરેટીવ બેન્ક ચાર વર્ષોથી લખનૌમા સરસ રીતે ચાલી રહી છે.

આટલી વિધવિધ સસ્થાઓ આપવા ઉપરાત દયાનન્દજીએ-એમના આર્યસમાજે અનેક સમર્થ દેશભકતો આપ્યા છે લાલા લજપતરાય, લાલા હંસરાજ, લાલા હરદયાળ, સ્વામી શ્રદ્ધાનન્દ, ગુરૂદત્ત, લેખરામ, રાજા મહેન્દ્રપ્રતાપ, રામભૂજદત્ત ચૌધરી, પ્રો રામદેવ, ભાઇ પરમાનન્દ, સ્વામી સત્યદેવ વગેરે અનેક રાજકીય નેતાઓએ આર્યસમાજની ભારતવર્ષને ચરણે બક્ષીસ છે

આવુ કાર્ય સાધનારો, આટલો પ્રેરક સદેશ આપનારો, આવડો જબ્બર અનુયાયી સઘ મેળવનારો, રાષ્ટ્રોદ્ધારની આવી પ્રચડ શક્તિ સર્જનારો કોઇ પુરૂષ ભારતની તવારીખમા બીજો નથી દેખાતો દયાનન્દ અજોડ છે એ પુરૂષવરના ચરણમા કોટિ કોટિ પ્રણિપાત હો!

તપસ્વીની તેજ-ધારાઓ

મહર્ષિજીનુ જીવનચરિત્ર વીરત્વની વિધ વિધ ઘટનાઓથી ભરપૂર છે મણિ-રત્ન જેવુ એ માનવ-જીવન પોતાના પ્રત્યેક પાસામાથી કેવુ ઝલકી રહ્યુ છે! જગતના રોષ, તિરસ્કાર અને વિદ્વેષનુ ઝેર ઘોળી ઘોળીને પીતા પીતા, તેના બદલામાં એ યોગી વરે પોતાના આત્મ-મથનમાથી કેવુ અમૃત વલોવી વલોવીને આપ્યુ છે, તેની સાક્ષી દેતા આ જીવન પ્રસગો ઉભા છે આચરણની ઝીણવટમા જ મહત્તાની કસોટી છે એ કસોટીના જ્વાળા વચ્ચે સળગતા મહર્ષિ કેવા દીપી ઉઠે છે! એના સિદ્ધાતો સાથે મતભેદ સેવનારાઓને પણ એના મહાનુભાવતાની આ ઘટનાઓ સત્યનુ ભાન કરાવે છે મતભેદ તો જગતમા પડ્યા રહેશે ગગનમા ચડશે કેવળ આવા જીવન-ફોરમો

જ્ઞાન—પિપાસા

સિદ્ધપુરના મેળામા ભગવી કથાઓનો જાણે કે મહાસાગર ઉમટ્યો છે ભોળો બાળક પોતાના ગુરૂપદને યોગ્ય એવા કોઈ યોગીરાજને ઢુંઢી રહ્યો છે રોજ રોજ વીસ વીસ ગાઉની મઝલ કાપતો એ અરણ્યો વીંધીને આવી પહોચ્યો છે અચાનક એના બાવડા ઉપર એક વજ્ર પંજો પડયો ઉંચુ જુવે ત્યા પોતાના પિતા !

'કુલાંગાર ! તે મારો વંશ લજાવ્યો !" એવા કંઈ વચન-પુષ્પોની વૃષ્ટિ એ કોપાયેલા પિતાની જીભમાથી ચાલવા લાગી બાળકનુ માથુ નીચે ઢળી ગયુ એની પાપણો ધરતી ખોતરવા મંડી આખરે ન સહેવાયુ ત્યારે દોડીને પિતાના પગ ઝાલી લીધા છળભર્યો જવાબ દીધો કે 'હવે હુ નહિ કરૂ !" પિતાએ તો દીકરાને માથે કડક ચોકી જ લગાવી દીધી રાત્રિને ત્રીજે પહોરે, ઝોલા ખાતા પહેરગીરોને "લઘુશંકા કરવા જાઉં છુ" એવુ સમજાવી એ નવયુગનો ગૌતમ ચાલી નીકળ્યો લોટા સાથે બાકીની રાત એક દેવાલયના ઘુમ્મટ પર ચડીને વીતાવી રાત્રિભર અબોલ તારાઓની સાથે જાણે ગુપ્ત વાર્તા ચલાવી પ્રભાતે

સંસારની છેલ્લી ગાંઠ છોડી નાખીને એણે દુનિયાની બહાર દોટ દીધી

ø

'આ કુડી કાયાનું પીંજરૂ હવે કયાં સુધી વેઠવું? દેહ પાડી નાખું તો? હિમાલયના હિમભર્યાં શિખરો પર જઈને ગાત્રોને ગાળી નાખું તો?"

"ના ના! જીતવા! એક વાર તો આ દેહ દ્વારા પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લઉં. અંદરના મળ મેલ સાફ કરી નાખું અને હિમાળે શા સારૂ ગળું? લોકોના દુઃખોની સળગતી ભઠ્ઠીમાં જ કાં ન ઝંપલાવું? ચાલો આત્મારામ, ચાલો આ પ્હાડી શિખરો ઉપરથી ધરતીના સડમડના માનવીઓની વચ્ચે!'

ø

દ્રોણાસાગરથી ઉતરીને યુવાન યોગી જ્ઞાનની શોધમાં ચાલ્યો. અપઘાતના મનસૂબા છોડી દીધા પણ પુસ્તકોના લફરાં હજુ લાગ્યાં હતાં. ગંગાના કિનારા ઉપર એ પોથીઓના પાદડાં ઉખેળતાં ઉખેળતાં યોગાભ્યાસના અટપટા કોયડા ને નાડીચક્રના લાંબા વર્ણનો વાચ્યાં. એની બુદ્ધિની સરાણ પર એ નાડીચક્રનો વિષય ચડી ગયો. અંતરમાં સંદેહ જાગ્યો અને જ્ઞાનની સળગતી પ્યાસ એમ તે શે' શાંત થાય? એક દિવસ ગંગાના નીરમાં એક મુડદું તરતું જાય છે. પોથીઓના થોથાંને કિનારે મેલી શોધકે પ્રવાહમાં ઝંપલાવ્યું. શબને બહાર ખેંચી આણ્યું. ચપ્પુ લઈને ચીરી જોયું. ચીરીને હૃદયનો ભાગ બહાર કાઢયો.

એની આકૃતિ, સ્વરૂપ અને લબાઇ પહોળાઇ પુસ્તકોના વર્ણનોની સાથે મેળવી જોયા. પુસ્તકના વર્ણનોની સાથે બીજા પ્રત્યેક અગની સરખામણી કરી પણ પુસ્તકોમા લખેલા પેલા નાડીચક્રના બયાન સાથે દેહના ચક્રનો મેળ ન જ મળ્યો પુસ્તકને તૂર્ત જ તોડી ફાડી એ શબની સાથે જ પાણીમા પધરાવી દીધુ બુદ્ધિનો વિજય થઈ ગયો.



સોળ સોળ વર્ષના રઝળપાટને અતે છત્રીસમા વર્ષની વચ્ચે ગુરુજ્ઞાનને માટે તલસતા એ દયાનદને ગુરુ લાધ્યા' ગુરુ વિરજાનદની સેવા એ તો અસિધાર જેવી હતી અધ ગુરુજી દુર્વાસાનો જ અવતાર હતા ! ધમકાવે, ગાળો ભાડે, મારે અને પીટે એક દિવસ તો દયાનદને માત્ર અમુક પાઠ ન આવડવાને કારણે વિરજાનદજીએ પિત્તો ગુમાવ્યો ક્રોધાધ બનીને એમણે દયાનદને એક લાકડી ઠઠાડી દયાનદજીના હાથ ઉપર ફુટ થઈ લોહી વહેવા લાગ્યુ. પરતુ સત્યનો શોધક એટલેથી કેમ છોડાય ? બે હાથ જોડીને સુકોમળ અવાજે એ બોલ્યા, 'મહારાજ, મારૂ શરીર કઠોર છે એટલે મને મારતા તો ઉલટો આપનો સુવાળો હાથ સમસમી ગયો હશે મને આપ ન મારો, કેમકે આપને ઇજા થાય છે'



દડીજી નામના શિષ્યે ગુરુજીને એમની આ નિર્દ-યતા બદલ ઠપકો દીધો ભોળા', ઓલિયા જેવા ગુરુને ભાન થયુ, પસ્તાયા, બોલ્યા કે 'ભાઇ, હવે પછી નહિ મારૂં' આ વાતની દયાનદને જાણ થતા જ એમણે જઈને

દ ડીજીને કહ્યુ 'શા માટે ગુરુજીને તમે મારે વાસ્તે ઠપકો દીધો ? એ શું કાંઇ મને દ્વેષથી મારે છે ? એ તો કુંભાર જેમ માટીને ટીપી ટીપી તેમાથી સુંદર ઘાટ બનાવે છે તેમ મને પણ મનુષ્ય બનાવવા માટે જ શિક્ષા કરી રહ્યા છે'

એ લાકડીના પ્રહારનો ડાઘ, દયાનંદજીના હાથ ઉપર જીવનભર રહ્યો હતો અને જ્યારે જ્યારે પોતાની દૃષ્ટિ ત્યા પડતી ત્યારે ત્યારે પોતાના ગુરુજીના ઉપકારોની સ્મૃતિઓથી એમનુ અંતર ગદ્ગદિત થઈ જતુ હતુ



ગુરૂજીના સ્વભાવની ધખધખતી ભઠ્ઠીમા અઢી વર્ષ સુધી તવાઇ તવાઇને એ કંચન નિર્મળ બની ગયુ રહ્યા-સહ્યા પાપની ભસ્મ થઈ ગઈ અઢી વર્ષનો અભ્યાસ પુરો થતા સ્વામીજીએ ગુરૂને ચરણે પડીને વિદાય માગી કે 'મહારાજ, મારા રોમેરોમ આપને ધન્યવાદ થઈ રહ્યા છે આપે મને સાચુ વિદ્યાદાન દીધુ હવે હુ દેશાટન માટે આપની આજ્ઞા લેવા આવ્યો છુ હુ આપને ગુરૂ-દક્ષિણામા શુ આપુ ? મારી પાસે રાતી પાઈ પણ નથી આ ચપટી લવીંગ છે, તે આપના ચરણોમા ધરૂ છુ'

દયાનંદના મસ્તક ઉપર શીતળ હાથ મેલીને ગુરૂજી ગદ્ગદ્ કંઠે બોલ્યા 'બેટા, મે તને બહુ જ સતાવ્યો છે. હવે મને તારા સરખો તેજસ્વી અને સાગરપેટો શિષ્ય ક્યા મળવાનો હતો ? જા બેટા, તારી મંગળ કામનાઓ પુરી થજો મારે તારી ગુરૂદક્ષિણા ન જોઇએ. ગુરૂદક્ષિ-

આમા હું એટલું જ માગી લઉં છું કે વત્સ, તું આ દુખી ભારતવર્ષની સેવા કરજે'

ગુરૂની મહત્તાનું રટણ કરતો દયાનંદ સંસારની રણવાટમા ચાલી નીકળ્યો

હજારો વર્ષ થયા અઘોલ બની ગયેલા ગંગાજીના કિનારાઓ ઉપર ફરીથી શુદ્ધ વેદ-મંત્રો ગુંજી ઉઠયા છે. ઋષિ મુનિઓનો વારસદાર વીર દયાનંદ રાજપૂતોના ગામડે ગામડા ઘીરતો ઘમે છે ચાલીસ ચાલીસ, પચાસ પચાસ રજપૂતો પંક્તિમા ગોઠવાઈને ગંગા-તીરે ખડા થાય છે એ તમામને યજ્ઞોપવિત પહેરાવતા દયાનંદજી ગાયત્રીના સિંહનાદ ગજાવે છે અને કટલોય કાળ વીત્યા પછી પહેલી જ વાર, સંસ્કૃતિ માતાના સ્તન પરથી દૂર કરાયેલ, ધવણા, નિસહાય સંતાનો સરખી સ્ત્રીજાતિને આજ ગાયત્રી-જપ કરવાનો અધિકાર પણ મહર્ષિ દયાનંદે જ અર્પણ કર્યો.

ક્ષમાવીર

સોરો ગામમા એકવાર સ્વામીજી ઉપદેશ આપી રહ્યા છે તે વખતે એક કદાવર, પહેલવાન, વિકરાળ જાટ આવી પહોચ્યો મ્હો ઉપર રોષ સળગે છે, ભવા ચડી ગયા છે, ખભા પર ડાગ રહી ગઇ છે લાલઘૂમ નેત્રો ફાડતો ને હોઠ પીસતો એ રજપુત સભાને ચીરીને સડ-સડાટ સ્વામીજીની સન્મુખ આવી ઉભો રહ્યો એના મ્હોમાથી અગાર ઝરવા લાગ્યા કે 'રે ધૂર્ત, તુ સાધુ થઇને મૂર્તિપૂજાનુ ખડન કરે છે? ગગામૈયાને નિન્દે છે? દેવોની વિરૂદ્ધ બકવાદ કરે છે? હવે બોલ જલ્દી, તારા કયા અગ ઉપર આ ડાગ લગાવીને તને પૂરો કરી નાખુ?'

આખી સભા થરથરી ઉઠી. પણ સ્વામીજીએ તો રતિમાત્ર ચલાયમાન થયા વિના, એની એજ ગભીર મુદ્રા રાખીને હસતા હસતા ઉત્તર આપ્યો કે 'ભાઇ! જો મારો ધર્મપ્રચાર તને અપરાધ લાગતો હોય તો એ અપરાધ કરનાર તો મારૂ મસ્તક જ છે એ માથુ જ

મને આવી વાતો સુઝાડે છે માટે તારે સજા કરવી હોય તો એ માથા ઉપર જ તારી ડાંગ ઝીંકી દે બેટા!'

એ ક્ષમા-વીરના નેત્રોની જ્યોત પેલા જાટના નેત્રોમા પડી ધગધગતો અંગાર જાણે કે જળધારા વડે બુઝાઈ ગયો સ્વામીજીના ચરણોમા એ ઢળી પડયો રડવા લાગ્યો સ્વામીજી બોલ્યા, 'વત્સ! તે કશું ય નથી કર્યું મને કદાચ માર્યો હોત તો પણ શી ચિંતા હતી? જા, પ્રભુ તને સન્મતિ દેજો!'



સેંકડો રાજપૂતોને યજ્ઞોપવિત દેતા દેતા સ્વામીજી ગામોગામ ઘૂમી રહ્યા હતા એક વખત કર્ણવાસમા એમનો પડાવ હતો ગંગાસ્નાનના મેળા પર હજારો માનવી એકઠા થએલા હતા બરેલીના ઠાકોર રાવ કર્ણસિંહ પણ આવેલા આ રાવને વૈષ્ણવ પંથનો એવો તો નાદ લાગેલો કે પોતાના નોકર ચાકરોને—અરે ગાય ભેંસ અને ઘોડાઓને કપાળે અને કંઠે પણ તે બલાત્કાર કરીને તિલક કંઠી લગાવી રહ્યા હતા એક રાત્રિયે એના મુકામ પર રાસલીલા રમાતી હતી સ્વામીજીને પણ પંડિતો બોલાવવા આવ્યા સ્વામીજીએ કહ્યુ 'એવા હલકા કામમા હું ભાગ ન લઈ શકુ આપણા પૂજનીય પુરૂષોનો તમે વેશ ભજવી રહ્યા છો એ ધિક્કારને પાત્ર કૃત્ય કહેવાય' રાવ કર્ણસિંહને આ અપમાનનો ઘા વસમો લગ્યો બીજે દિવસે સાંજરે પોતાના મંડળને લઈ રાવ આવી પહોચ્યો સ્વામીજી ઉપદેશ કરી રહ્યા છે શ્રોતાઓ તલ્લીન છે રાવને આવેલા જોઈ સ્વામીજીએ સત્કાર કર્યો કે 'આવો'

'ક્યાં બેસીએ !' કડક સ્વરે રાવ ગરજી ઉઠ્યા

'જ્યાં આપની ખુશી હોય ત્યાં' હસીને સ્વામીજી બોલ્યા

'તમારી પડખે જ બેસીશું'

'ખુશીથી, આવો, બેસો' કહી સ્વામીજીએ પોતાના આસન પરથી પોથી હટાવી લીધી

પણ રાવને તો ટંટો મચવવો હતો એના મદોન્મત્ત કંઠમાંથી વચનો નીકળ્યાં કે 'સંન્યાસી થઈ ને રાસ-લીલામાં હાજરી ન આપી તેની લજ્જા નથી આવતી?'

'રાવ મહાશય, આપના પૂજ્ય પૂર્વજોના વેશ લઈને હલકા મનુષ્યો નાચે અને આપ ક્ષત્રિયો બનીને બેઠા બેઠા એ નાટક ઉપર ખુશી થાઓ, એની લજ્જા તો આપને જ આવવી ઘટે ! કોઈ સાધારણ લોક પણ પોતાના કુટુંબી જનોના વેશ જોઈને ખુશી ન થાય'

'અને તમે ગંગામૈયાની પણ નિન્દા કરો છો, કેમ?'

'ના ભાઈ, હું ગંગાની નિન્દા નથી કરતો, પણ ગંગા જેવી અને જેટલી છે તેવી અને તેટલી જ હું એને વર્ણવી બતાવું છું'

'એટલે ! ગંગા કેટલી છે?'

કમંડળ ઉઠાવીને સ્વામીજી બોલ્યા, 'જુઓ, મારે માટે તો આ કમંડળ ભરાય તેટલી જ'

કર્ણસિંહના હોઠ કમ્પી રહ્યા હતા સ્વામીજી ફરી-વાર બોલ્યા, 'રાવ સાહેબ, આપના કપાળમાં આ તિલક શાનુ ?

'એ 'શ્રી' છે એને ધારણ ન કરનાર ચંડાળ છે'

'આપ ક્યારથી વૈશ્નવ થયા ?

'કેટલાક વર્ષો થયા'

'અને આપના પૂર્વજો પણ વૈશ્નવ હતા ?'

'ના'

ત્યારે આપના કથન પ્રમાણે તો આપના પૂર્વજો તેમજ થોડા વર્ષ પૂર્વે આપ પોતે પણ ચંડાળ જ હતા એમ ઠર્યું !'

રાવનો હાથ તલવારની મૂઠ ઉપર ગયો અને એણે ત્રાડ દીધી, 'મ્હો સંભાળીને બોલ !'

બીજા દસબાર હથિયારબંધ લોકો હતા એના પંજા પણ પોતપોતાની તલવાર પર ગયા શ્રોતાઓ ડરી ગયા પણ સ્વામીજીએ પોતની સદાની ગંભીર વાણીમા શરૂ રાખ્યુ કે "શીદને ડરો છો ? કશી ચિંતા નથી મે સત્ય જ કહ્યુ છે'

રાફડામાથી ભભૂકતા ફણીધરની માફક રાવ કર્ણસિંહ ફુંકાર કરતા ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા એનો જમણો હાથ વારવાર ખડગની મૂઠ પર જવા માડયો પરંતુ સ્વામીજીએ તો મ્હો મલકાવીને જ શાંત વાણી ઉચ્ચારી કે 'રાવ સાહેબ, વારવાર ખડગ શા માટે

ખખડાવો છો ? જો શાસ્ત્રાર્થ કરવો હોય તો આપના ગુરૂજીને તેડી લાવો પણ શસ્ત્રાર્થ જ કરવો હોય તો પછી અમ સન્યાસીને શીદ ડરાવો છો ? જઇને જયુપર જોધપુરની સાથે બાખડોને !'

કોપ-જ્વાળામા સળગતો રાવ તલવાર ખેચીને સ્વામીજીની સામે ધસ્યો એકવાર તો સ્વામીજીએ ધક્કો દઇને દુશ્મનને પાછો નાખ્યો, ત્યા તો ચોગણો કોપ કરીને રાવ ફરીવાર ધસ્યો જરા યે વર નહોતાં પણ સ્વામીજીએ ઉભા થઇને ઝપાટામા પોતાનો પજો પહોળો કરી રાવના હાથમાથી તલવાર ઝાલી ઝુટવી લીધી, અને તલવારની પીંછીને જમીન ઉપર ટેકવી, મૂઠ પર એક એવો દાબ દીધો કે 'કડાક!' કરતા એ તલવારના બે ટુકડા થઇ ગયા! રાવનુ કાડુ પકડીને સ્વામીજીએ કહ્યુ, 'કેમ, હવે હુ તમારા પર પ્રહાર કરીને બદલો લઉ, એવી તમારી ઇચ્છા છે ?'

રાવનુ મો ઝખવાણુ પડ્યુ

'તમારા અત્યાચારથી ચીડાઇને હું તમારૂ બુરૂ ચિન્તવુ નહિ હુ સન્યાસી છુ જાઓ, પ્રભુ તમને સન્મતિ આપે!'

તલવારના બને ટુકડા સ્વામીજીએ દૂર ફગાવી દીધા રાવ વિદાય થઇ ગયા આ ઘોર ઘટના બની તે વેળા પચાસ માણસો સ્વામીજી પાસે બેઠા હતા. તેઓએ આગ્રહ કર્યો કે રાવને અદાલતમા ઘસડવા જોઇએ સ્વામીજી કહે કે 'એ કદિ ન બને એ બિચારો તો

પોતાની ક્ષત્રીવટ ચૂકયો, પણ હુ મારા બ્રાહ્મણત્વમાથી શા માટે લથડુ ? '



ભક્તજનોએ આવીને સ્વામીજીને વિનવ્યા કે લોકો આપની ઝીદગી લેવા વારવાર હુમલા કરે છે તો આપ આહી ઉઘાડા સ્થાનમા ન રહેતા અમારા અ દરના ખ ડમા રહો '

સ્વામીજી કહેતા, 'ભાઇ, અહી તો તમે રક્ષણ કરશો, પણ બીજે જઇશ ત્યા કોણ બચાવવાનુ હતુ ? મને તો પ્રભુ જેવડો મોટો ચોકીદાર મળ્યો છે મને કશો ભય નથી '



એક દિવસ સભાની વચ્ચોવચ્ચ એક કાલિનો ઉપાસક બ્રાહ્મણ નશામા ચકચુર થઇને આવ્યો અને ગાળો દેતા દેતા સ્વામીજીની સામે પગરખુ ફેકયુ પગરખુ તો સ્વામીજીને ન વાગતા વચ્ચે જ પડી ગયુ પણ ત્યા બેઠેલા સાધુઓની આખોમા ખૂન ભરાઇ આવ્યુ તેઓ આ બ્રાહ્મણને પકડીને મારવા મડયા સ્વામીજીએ તેઓને અટકાવીને કહ્યુ કે 'શા માટે ? મને કઇ જ દુ ખ નથી. અને કદાપિ જોડો મને વાગ્યો હોત તો પણ એ કયા રામબાણ હતુ ? '



'મહારાજ, એકલા એકલા આપ હસી કા રહ્યા છો ?' ભકતોએ પૂછ્યું.

'જુઓ, એક માણસ અહીં ચાલ્યો આવે છે. હમણાં તમને એનો તમાશો બતાવુ ' સ્વામીજીએ જવાબ દીધો.

ત્યા તો એક બ્રાહ્મણ મિષ્ટાન્ન લઇને આવી પહો-ચ્યો 'સ્વામીજી નમો નારાયણ' કહીને એણે મિષ્ટાન્નની ભેટ ધરી

સ્વામીજીએ કહ્યુ, 'લ્યો, થોડુ તમે પણ ખાઓ; હુ પણ ખાઉ '

પરતુ પેલા માણસે મીઠાઇ ન લીધી સ્વામી-જીએ ત્રાડ મારીને કહ્યુ, ' ખાઓ, કેમ નથી ખાતા?'

બ્રાહ્મણ કાપી ઉઠયો એણે બે હાથ જોડયા સ્વામીજીએ પાસે બેઠેલા એક કુતરાને બટકુ ખવડાવ્યુ તરત કુતરો ઢળી પડયો

પોતાના ભક્તોને સ્વામીએ બતાવ્ય કે 'આટલા મ ટે હુ હસતો હતો આ વિષ-પ્રયોગ જોયો?'

ભક્તો પોલીસને બોલાવવા ઉઠ્યા સ્વામીજી કહે કે 'એ ન જ મને જુઓ, આ બાપડો થરથરે છે એને એટલી સજા જ બસ થશે '

બ્રાહ્મણને છોડી દેવામા આવ્યો

❦

અમૃતસરમા એક દિવસ એક પાઠશાળાના શિક્ષકે પોતાના નાની વયના વિદ્યાર્થીઓને શીખવ્યુ કે 'ચાલો, આજે આપણે એક કથા સાભળવા જવાનુ' છે. તમે

તમારા દફતરોમા ઈટોના ટુકડા ભરી લો ત્યા હુ ઈસારો કરૂ કે તરત જ તમે કથા કહેનારની ઉપર ઈટોનો મારો ચલાવજો કાલે તમને લાડુ આપવામા આવશે'

એ કથાકાર મહર્ષિ દયાનદ વિના બીજો કોણ હોય? બાળકો સહિત પડિત કથમા ગયા સાજ પડી અને અધારૂ થયુ કે તત્કાળ ગુરૂજીએ ઈશારત કરી સ્વામીજીના માથા પર ઈટોનો વરસાદ વરસવા લાગ્યો આખી સભા ખળભળી ઉઠી પણ સ્વામીજીએ સૌને શાત પાડયા પોલિસના અધિકારીઓએ એ બાળકોમાના કેટલાએકને પકડને સ્વામીજીની પાસે હાજર કર્યા પોલિસના પજામા સપડાયેલા એ બટુકો ચોધાર રડતા હતા ડૂસકા ભરતા ભરતા તેઓએ કબુલ કર્યું કે પડિતે લાડુના લાલચ દઈને આ કૃત્ય અમારે હાથે કરાવ્યુ હતુ

સ્વામીજીએ ગેજ પગે લાડુ મગાવ્યા, બાળકોને વહેચી દીધા અને કહ્યુ કે બચ્ચાઓ! તમારા પડિતજી તો કદાચ તમને લાડુ ન આપે, એમ સમજીને હુ આપી દઉ છુ ખાઓ, અને આનદ કરો!'

❦

એક વખત વ્યાખ્યાન ચાલી રહ્યુ છે, ઈસ્લામ ઉપર નિખાલસ દિલે શાત ચર્ચા થાય છે એવામા એક તરુણ મુસલમાન ત્રાડ દેતો ઉભો થઈ ગયો તલવારની મૂઠ પર હાથનો પજો પસારીને એ બોલ્યો, 'સ્વામી, મ્હો સભાળીને બોલજો. ખબરદાર અમારા ધર્મ વિષે કાંઈ બોલ્યા છો તો!'

અત્યંત કોમલ સ્વરે સ્વામીજી બોલ્યા 'બેટા, તારા મ્હોમા તો હજુ દુધીયા દાત છે જો હુ તારી એવી ત્રાડોથી ડરતો હોત તો આટલુ જોખમ શિર પર શીદ ઉઠાવત ? બેસી જા, ભાઈ !'

લજ્જા પામીને યુવક બેસી ગયો.



અજમેરનો પાદરી શૂલબ્રેડ સાહેબ સ્વામીજીના નિખાલસ સત્યોની ઝાળને સહન ન કરી શકયો. એણે રાતી પીળી મુખમુદ્રા કરીને ચેતવણી ઉચ્ચારી કે " કેદમા પડશો, કેદમા ! "

સ્વામીએ હસીને જવાબ દીધો " બધુ, સત્ય ખાતર કેદ તો લગારે લજ્જાની વાત નથી એવી વાતોથી તો હુ હવે નિર્ભય બની ગયો છુ મારા વિરોધીઓ કદાચ મને તુરગની કોટડીમા નખાવશે, તો એ વેદના સહેતા સહેતા ન તો હુ મારા પ્રતિપક્ષીઓનૂ બુરૂં વાછવાનો, કે ન તો મારા દિલમા કશી દિલગીરી થવાની. પાદરીજી ! લોકોનો ડરાવ્યો હું સત્યને નહિ છોડુ ઇસુ ભગવાનને યે કયા ન્હોતું લટકવુ પડ્યુ !'



એક દિવસ એક બ્રાહ્મણે આવીને સ્વામીજીને પાનનું બીડુ અર્પણ કર્યું ભાવિક મનુષ્યની સ્નેહ-ભેટ સમજીને સ્વામીજીએ બીડુ મ્હોમા મૂકયુ લગાર રસ લેતા જ પોતે પામી ગયા કે પાનમા ઝેર છે એ પાપીને કશુ યે ન કહેતા પોતે ગગા-કિનારે જઇ, ઉલટી કરી, ઝેર ઉતાર્યું

નાખ્યું કાંઈ યે ન બન્યું હોય તેમ આવીને પાછા આસન પર શાંત મુખમુદ્રા લઈ બેઠા પણ પાપ•ન છુપ્યું. અપરાધી ઝલાયો તહસીલદારે એ પાપીને પકડી ગિરફ્તાર કર્યો તહસીલદારે માન્યું કે સ્વામીજી પ્રસન્ન થશે. પણ સ્વામીજીએ એની સાથે બોલવું યે બંધ કર્યું. ચકિત બનેલા તહસીલદારે સ્વામીજીની નારાજીનું કારણ પૂછ્યું જવાબ મળ્યો કે " ભાઈ ! મારે ખાતર તમે એક પામર મનુષ્યને કેદમાં પૂર્યો તેથી હું ઉદાસ છું હું આંહી મનુષ્યોને બાંધવા નથી આવ્યો, મુક્ત કરવા આવ્યો છું બીજાઓ પોતાની સજ્જનતા ત્યજે, પણ હું મારી ખાનદાનીને શા સારૂ ગુમાવું ?"

તહસીલદારે બ્રાહ્મણને છોડી દીધો



કાશીના મહારાજાની સરદારી નીચે બનારસી પંડિતોએ આવીને એક વાર દયાનંદજીને શાસ્ત્રાર્થને માટે ઘેરી લીધા પોતાના વિજયની જૂઠી તાળીઓના હર્ષનાદ કરીને સંધ્યાકાળે પંડિતોની ટોળીએ શોર મચાવ્યો ગડબડ મચી ગઈ પચાસ હજાર શ્રોતાઓની મેદનીમાંથી સ્વામીજીને શિરે ઈંટો, પત્થરો, છાણ અને ખાસડાની તડાપીટ બોલી સાધુવર શબ્દ સરખો યે બોલ્યા પુલો વરસતા હોય તેવી પ્રસન્ન મુખમુદ્રા રાખી પંડિતો ચાલ્યા ગયા ઈશ્વરસિંહજી નામના એક પંડિતે જ્યારે દયાનંદ ઉપર આવું વીતક વીત્યાની વાત સાંભળી, ત્યારે એણે મનસૂબો કર્યો કે "ચાલો, જોઈયે, અત્યારે આ અપમાનની શી અસર દયાનંદ ઉપર થઈ છે ? એના બ્રહ્મજ્ઞાનીપણાનું

માપ કાઢીએ ” ઇશ્વરસિંહજી ઉદ્યાનમાં પહોંચ્યા જુએ તો ચાંદનીમાં સ્વામીજી કુંજર શી’ ગતિએ ટેહેલી રહ્યા છે પંડિતને સ્નેહભાવે સત્કાર કરીને સ્વામીજીએ જ્ઞાન–વાર્તાઓ માંડી મધુર વિનોદ રેલાવ્યો ન મુખ પર ઉદાસીનો છાંટો, ન વ્યાકુળતા, ન ખેદ, કે ન લગારે છુપો રોષ રાગ! જાણે કશું ય બન્યું નથી ઇશ્વરસિંહ-જીએ એવી વિજયવંત સાધુતાના દર્શન કર્યાં યોગીવરના નિર્મળ ચિદાકાશમાં નિરાશાની નાની સરખી યે વાદળી ન ભાળી પંડિતજીથી બોલાઈ ગયું, “મહારાજ, આજ સુધી આપને પંડિત જ માનતો હતો આજે એ પંડિતા-ઇને પેલે પાર જઇને મે જાણે કે સાચા વીતરાગના દર્શન કર્યાં!”



મથુરાપુરી આખી ખળભળી ઉઠી છે જાણે કોઈ શયતાન આવીને ધર્મને નરકમાં ઘસડી જાતો હોયની, એવી વ્યાકુળતા મથુરાના પંડાઓમાં મચી રહી છે સ્વામીજીએ આહ્વાન દીધું કે સુખેથી શાસ્ત્રાર્થ કરવા આવો પાચસો પંડા આવ્યા, પણ શાસ્ત્રાર્થ કરવા નહિ, ગાળા-ગાળી અને મારામારી મચાવવા! અગાસી ઉપર ઉભા ઉભા સ્વામીજી મ્હો મલકાવી રહ્યા છે અને નીચે જમાવટ કરીને ઉભેલા લાઠીદાર ચોબાઓ ગાળોનો મારો ચલાવે છે મકાન ઉપર ચોકી કરતા ક્ષત્રિય સેવકોએ કહ્યું કે “મહારાજ, રજા આપો આ પંડાઓને પાંસરા કરીએ”

સ્વામીજી કહે છે કે “ના ભાઇ, આ ધર્માંધતા ઉપર દયા ઘટે, કોપ ન ઘટે બાકી તો મારા આંહી આવવાનો આટલો યે લાભ શું ઓછો છે, કે આ આળસના

પીર, ઉંઘતા, પશુવત પંડાઓમાં આટલી પણ જાગૃતિ તો આવી ! આટલી સંખ્યામાં એ બાપડા એકઠા મળ્યા, એ ફાયદો કાંઈ કમ નથી !"



સ્વામીજી વ્યાખ્યાન દઈ રહ્યા છે એવે ભર સભામાં એક કસાઈએ અને એક કલાલે આવી, બૂમો પાડીને ઉઘરાણી કરવા માંડી કે "સ્વામીજી ! હવે તો બહુ દિવસ વાયદા દીધા આટલો બધો આંકડો ચડયો છે. હવે તો પૈસા ચૂકાવો !"

આવું સાંભળીને સેવકોની આંખોમાં ખૂન ભરાયું સ્વામીજી બોલ્યા કે "ખામોશ પકડો ! શબ્દ પણ ન કહેશો હો !

સભા જેમ ના તેમ ચાલુ રહી વ્યાખ્યાન શાંતિથી ખતમ થયું એટલે એ બન્ને જણાને પોતાની પાસે બોલાવીને પૂર્ણ વાત્સલ્યથી બન્નેને ગળે પોતાના હાથ વીંટી પૂછયું ' ભાઈ, સાચું કહેજો હો આ તમને કોણે શીખાવેલું ?"

હાથ જોડીને બન્ને બોલ્યા બાપુ ! માગીલાલ મુનીમે, અમને બદલો દેવાનું પણ એમણે વચન દીધું છે "

હસીને સ્વામીજીએ બન્નેને છોડી દીધા



મુંબઈમાં દયાનંદના પગલાં થયાં વલ્લભી સંપ્રદાયના ગોસાઈ મહારાજોએ માન્યું કે આપણો કાળ

આવ્યો સ્વામીજીને સલાહો મળી કે "મહર્ષિજી, વલ્લભ-પંથીઓની છેડ ના કરતા હો !"

દયાનંદજી કહે છે કે "ભાઈ, અસતને તો ઇંદ્રના આસન પર પણ દીઠું નહિ મેલું થવું હોય તે થાઓ !"

❦

"બલદેવસિંહ ! બચ્ચા ! તારી આંખોમાં આજ હું મારૂં મોત ઉકેલી રહ્યો છું" સ્વામીજી એક દિવસ બોલ્યા

બલદેવને માથે વિજળી પડી.

"બોલ બચ્ચા ! આજ ગોસાંઇને ત્યાં ગયો હતો ?"

બલદેવે ચકિત બનીને ડોકું ધૂણાવ્યું

"શી સરતે મને વિષ દેવાનું ઠર્યું ?"

"એક હજાર રૂપીએ" બલદેવે અંતર ખોલી નાખ્યું

"જો બચ્ચા, પરમેશ્વર જેનો રખવાળ છે એને કોઇ ન મારી શકે હો ! કાશીમાં મને હળાહળ ઝેર દીધેલું હતું રાવ કર્ણસિંહે પાનમાં વિષ ભેળવીને ખવાડયું હતું. બીજા કંકે એ પ્રયોગો મારા પર અજમાવ્યા છે પણ હું જીવું છું ને યાદ રાખજે, હું હમણાં નથી મરવાનો"

બલદેવસિંહ સ્વામીના ચરણોમાં લોટી પડયો

❦

મુંબઈમાં વ્યાખ્યાન ચાલી રહ્યું છે વલ્લભ સંપ્રદાયના ટોળાએ ઇંટ, પત્થર અને ધૂળના પ્રહારો સ્વામીજી-

ના માથા પર શરૂ કરી દીધા સહુએ સ્વામીજીને વ્યાખ્યાન બંધ કરવાની સલાહ દીધી જવાબમા સ્વામીજી બોલ્યા,

"મારા ભાઈઓએ ફેંકેલા ઇંટ પત્થર તો મારે મન ફુલોની વૃષ્ટિ સમા છે અને વ્યાખ્યાન તો ઉચિત સમયે જ સમાપ્ત કરીશ, અધુરૂ નહિ મેલાય. ભલે પત્થરો વરસતા"

મારા સ્હેતા સ્હેતા સ્વામીજીએ બરાબર મુકરર સમયે જ સમાપ્તિ કરી



૧૮૭૫ મા સ્વ મહાદેવ ગોવિન્દ રાનડેએ સ્વામીજીને પૂનામા નિમંત્ર્યા ત્યા જઇને સ્વામીજીએ પંદર વ્યાખ્યાનો દીધા વિદાયને દિવસે પ્રજાએ પાલખીમા વેદ પધરાવી, હાથીને હોદ્દે સ્વામીજીને બેસાડી, ધર્મ–સવારી કાઢી નગરની બદમાશ ટોળીએ આની સાથોસાથ 'ગર્દભાનંદ સવારી' ચડાવી કોલાહલ કર્યો અપશબ્દોની ઝડી વરસાવી. વરસાદમા ભીંજેલી ધરતી પરથી કાદવ ઉપાડી ઉપાડીને છાટયો સ્વામીજી અને સ્વ જસ્ટીસ રાનડે, બન્ને જણા કાદવમા ખરડાયા જસ્ટીસ રાનડેએ હુકમ આપ્યો હોત તો પલકમા એ ટોળુ તુરંગનાં દ્વાર દેખત પણ સ્વામીજીએ હસીને કહ્યુ "રાનડેજી, કશી ચિન્તા નહિ કશું યે કષ્ટ આ બાપડાઓને દેશો નહિ"



મિર્જાપૂરમા છોટુગિર નામનો એક ગુસાઇ રહેતો હતો ભારી જલદ પ્રકૃતિનો એ આદમી હતો એક વખત

જબરદસ્ત ટોળુ લઈને એ સ્વામીજીના મુકામ પર ચડી આવ્યો. આવતાની વાર જ સ્વામીજીના પગ ઉપર પગ રાખીને એ તો બેસી ગયો અને ફાવે તેમ બકવાદ કરવા લાગ્યો

સ્વામીજીએ પૂછયુ "આ કોણ છે ?"

"કાશી વિશ્વનાથ જેવા જ આહીના એક બુઢ્ઢા મહાદેવના પૂજારી છે '

સ્વામીજી સમજી ગયા કે આ ભાઈ લડાઈ મચાવવા જ આવ્યા છે એટલે પોતે તો વધુ નિર્ભય બનીને કાશી વિશ્વનાથનુ ખડન કરવા મડયા સ્વામીજીની પાસે પતાસાનો ડબો પડયો હતો તેમા હાથ ઘાલીને આ ગુસાઈ એક એક પતાસુ ઉઠાવીને એઠે હાથે પતાસા બુકડાવવા લાગ્યો

સ્વામીજી શાત સ્વરે બોલ્યા ભાઈ, પતાસા ખાવા હોય તો મૂઠો ભરીને એક સામટા લઈ લે પણ મારા બધા પતાસા એઠા શીદને કરી રહ્યો છે ?"

ગુસાઈ માન્યો નહિ એટલે સ્વામીજીએ ત્રાડ નાખીને સેવકોને આજ્ઞા કરી "બહારનો દરવાજો બધ કરી દો હુ એકલો જ આ બધાને હમણા સીધા કરી નાખુ છુ "

વિકરાલ આકૃતિને દેખીને છોટુગિરનુ હૃદય કમ્પી ઉઠયુ એણે પોતાનો કાળ ભાળ્યો ખસીને એ બેસી ગયો ટોળું દિગ્મૂઢ બની ઉભુ રહ્યુ

છોટુગિરનો ઘમડ તે વખતે તો તૂટી ગયો પણ

એની દ્વેષ-જ્વાળા ઓલવાઈ નહિ એક રાત્રિયે એણે બે પહેલવાનોને સ્વામીજી પર હુમલો કરવા મોકલ્યા સ્વામીજી એક ભક્તને ધર્મનુ રહસ્ય સમજાવી રહ્યા હતા. એવામા એ ગુડાઓએ આવીને ઠઠ્ઠા મશ્કરી આદરી દીધી એક બે વાર તો સ્વામીજીએ એને કોમળ વાણી વડે સમજાવ્યા પણ જ્યારે જોયુ કે ભલમનસાઈ ફોગટ જાય છે, ત્યારે પોતે સિહગર્જના કરી અને એ તો આત્મસિદ્ધ બ્રહ્મચારીની ત્રાડ! છાતી વિનાના એ બન્ને માનવ-પશુઓ કાપી ઉઠ્યા પરસેવે ભીંજાયા પેશાબ છુટવાથી વસ્ત્રો પણ બગડયા

સ્વામીજીએ સૌમ્ય સ્વરે કહ્યુ "જાઓ સુખેથી ચાલ્યા જાઓ અમે સન્યાસી! અમારો ધર્મ કોઈને મારવાનો નથી, બચ્ચાઓ!"

—

કર્ણવાસમા સ્વામીજી ફરીવાર આવી ચડ્યા છે બરૌલીના પેલા ઠાકોર રાવ કર્ણસિહ પણ શરત્પૂર્ણિમાનુ સ્નાન કરવા આવ્યા છે એની રયાસત સાથે તો નાચ-રગને માટે વેશ્યાઓ પણ શામિલ રહેલી છે! સ્વામીજીના મુકામથી દોઢસો જ કદમ પર રાવનો ઉતારો છે

આગલા પ્રસગનુ વેર રાવના અતરમા ખટકતુ જ હતુ મતિ ગુમાવીને એણે પોતાના ત્રણ નોકરોને ચકચકતી તલવારો આપી સ્વામીજીનો વધ કરવા મોકલ્યા

અધરાતનો સમય છે ચોમેર ચુપકીદી છવાયેલી છે કેવળ ગગાનો ઘેરો રવ ગુજે છે અને વાયુની કોઈ કોઈ

લહરીમા ઝાડ પરથી પાદડા ખડખડે છે. સ્વામીજી ધ્યાનમગ્ન છે થોડે અતરે ભક્ત કૈથલસિહ ગાઢ નિદ્રામા પડ્યા પડ્યા નસ્કોરા બોલાવે છે

એ સમયે કર્ણસિહના ત્રણ નોકરો હાથમા નાગી તલવાર લઇને ચુપચાપ ચાલ્યા આવ્યા પણ અગો થરથર ધ્રૂજે છે કલેજા ધબકારા મારે છે. તલવારો તો તિક્ષ્ણ છે, પણ એક નિર્દોષ વીતરાગ પર એ તલવારો ચલાવવા જેટલી હિમ્મત તેઓના હાથમા નથી

બહુ વાર સુધી તેઓ ઉભા રહ્યા આખરે થાક્યા છાતી ન ચાલી પાછા વળીને રાવની પાસે આવ્યા રાવે ધમકાવીને ફરીવાર મોકલ્યા તે વખતે સ્વામીજીની સમાધિ ઉતરી ગઇ હતી અને રાવે પોતાના નોકરોને દીધેલ ધમકી પણ સ્વામીજીએ કાનોકાન સાભળી હતી બીજી વાર પણ નોકરો પાછા વળ્યા પણ રાવની જીદ તો આજે ઋષિના દેહની સાથે મોતની હીચકારી રમત રમી નાખવા ચાહતી હતી એણે ફરીવાર ધમકાવીને નોકરોને ધકેલ્યા

એ આવ્યા સ્વામીજીએ બીજુ કાઇ જ ન કર્યું ઉઠીને ગગનભેદી હુકાર ગજવ્યો જમીન પર એક લાત મારી તલવારધારીઓની ભુજામાથી તલવારો પડી ગઇ. એ નાઠા

કૈથલસિહજીની આખ પણ ઉઘડી ગઇ સ્વામીજીને એણે વિનવ્યા "હત્યારાઓ હજુ ફરીવાર આવશે હો મહારાજ! માટે ચાલો, કયાઇક છુપાઇને રાત વીતાવીએ"

સ્વામીજીના મુખમાથી ગીતાપાઠ ગુજી ઉઠયો કે

नेन छिन्दति शस्त्राणि

नैन दहति पावक ॥

કૈથલ ! ભાઇ ! સન્યાસી ને ગઢ ગુફાના આશરા કયા સુધી શોધતો ફરશે ? મારો રક્ષણહાર તો પ્રભુ જેવડો હજાર હાથવાળો બેઠો છે તુ ગભરા નહિ ભાઇ, હુ જો ધારત તો એ ત્રણેના હાથમાથી તલવારો છીનવીને તેઓના માથા વાઢી લેત ”

તે દિવસે જ રાજઘાટ ઉપર પજાબી સેનાની એક ટુકડીનો પડાવ હતો તે લોકોને રાવ કર્ણસિહના આ અત્યાચારની જાણ થઇ ગઇ તેઓનુ ખૂન તપી આવ્યુ પચીસ પજાબી વીર શસ્ત્રો બાધીને સ્વામીજીની પાસે આવી ગરજયા અને હાથ જોડીને કહેવા લાગ્યા કે “એક વાર અમને આજ્ઞા આપો ને પછી જોઇ લો, કે અમે એ સાધુઓના શત્રુને કેવો સ્વાદ ચખાડીએ છીએ ભલે અમારી નોકરી તૂટી જાય, પણ એને તો પૂરો કરીને જ પાછા ફરીશુ ”

પ્રેમભરપૂર શબ્દો વડે સ્વામીજીએ એ સૈનિકોને શાત કર્યા અને સત્સગમા બેસી એક શીતળ ઉપદેશ સભળાવ્યો

અમૃતસરમા છ સાત હજાર મનુષ્યોની મેદની જામી છે આજે પડિતો અને મહર્ષિજીની વચ્ચે પ્રશ્નોત્તરીનો

નામલો મચત્રાનો છે, મહર્ષિજી બેઠા છે. થોડીવારમા પડિતોનુ ટોળુ જય-જયનાદ ગુજતુ દાખલ થયું તિલક-ધારી સાત આઠ પડિતો બગલમા પુસ્તક દબાવીને સન્મુખ બેસી ગયા ત્યા તો ચારે બાજુથી પડિતોના ચેલાઓએ ઈંટ પત્થરનો મારો ચલાવ્યો સભા-મડપમાં ધૂળની મોટી ડમરી ચડી પોલીસો દોડયા આવ્યા એટલે પડિતો પલાયન કરી ગયા સેવકો કોપાયા ટોળાને પીટવા ઉઠયા

સ્વામીજીએ સૌમ્ય નેત્રે આનદભર વાણી કાઢી કે "ગરમ ન થશો, બચ્ચાઓ! આ તો મદિરા-પાનનો નશો કહેવાય અને માડ કાર્ય તો વેદનુ ગણાય દારૂ-ડીયાને વેદ મારે નહિ, ઔષધ આપે વળી હુ તો આર્ય ધર્મની ફુલવાડીનો પામર માળી છુ ફુલવાડીમા ખ તર પુરતા પૂરતા માળીના અગ ઉપર પણ ધુળ કચરો છવાય, એમા શી તાજ્જુબી છે! મને એની ચિન્તા નથી હુ તો ઝખુ છુ એટલુ જ કે આ ફુલવાડી સદા લીલીછમ રહે અને ફાલ્યા કરે"

*

ત્યાગ—વીર

પીંજરે પડેલો રાજહંસ ઉઘાડું દ્વાર દેખીને માન સરોવરના પંથ પર ધસવા માંડે તેમ મૂળશંકરે પોતાના માતાપિતાના પ્રેમ-પીંજરમાંથી છૂટીને જે દિવસ સત ધામના કેડા ઉપર વેગવંત ડગલાં ભરવા માંડ્યાં હતાં, તે દિવસની આ કથા છે. દિવસ બધો ભયાનક અટવીઓ વીંધતો વીંધતો એ ધસ્યે જાય છે અને રાત્રિયે કોઇ હનુમાનના કે દેવીઓના ઉજ્જડ મંદિરોમાં લપાઇ રહે છે. ત્રીજે દિવસે માર્ગમાં એક સાધુવેશધારી ધુતારાઓનું ટોળું મળ્યું. આ એકલ વિહારનું કારણ પૂછતાં ભગવાં વસ્ત્રો પ્રત્યે પૂજ્યભાવે જોનારા એ બાળકે પોતાનો સાચો મનોભાવ કહી બતાવ્યો.

"જોઇ લેજો આ મહેરબાનને!" સાધુ વેશધારીઓ-એ ટોણો માર્યો, "ભાઇ સાહેબ જાય છે ત્યાગી બનવા, અને શરીર ઉપરથી તો હજુ સોનાનાં વેઢ વીંટી તો છૂટતાં નથી!"

"આ લ્યો ત્યારે, પહેરજો હવે તમે!" એમ કહીને બાળકે પોતાની વીંટીઓ અને વસ્ત્રાભરણો એ

ટોળીની સામે ફુગાવી દીધા છાતી ઉપરથી પ્રચંડ શિલાઓનો બોજો ઉતરી ગયો હોય તેવો સુખનો નિશ્વાસ મેલીને મૂળશંકરે મહા પંથ પર ધસવા માંડ્યું.



સંન્યાસી જીવનની શરૂઆતમાં ભટકતા ભટકતા આ તરૂણ ત્યાગીએ એક દિવસ ઓખી મઠમાં મુકામ કીધો. મઠની છાકમછોળ સમૃદ્ધિ ત્યાંના સાધુઓના વિલાસોની ઉપર ઢોળાતી ભાળી રજવાડી ઠાઠમાઠમાં મ્હાલતો મહંત આ તેજસ્વી બ્રહ્મચારીને દેખી મોહાયો.

'બેટા, તું મારો ચેલો બની જા આ ગાદીનો તને વારસ બનાવું લાખોની સંપત્તિ તારા ચરણોમાં લોટશે"

આ હરખભર્યાને રચાનંદે તત્કાળ તિરસ્કારથી વધાવી કાચા સૂતરને તાંતણે એ ભગવત બંધાયો નહિ



વડોદરા રાજ્યના દિવાન બહાદુરે એક દિવસ સ્વામીજીને જમવા બોલાવ્યા જમાડીને વિદાય દેતી વખતે એ દિવાને એક હજાર રૂપૈયા સ્વામીજીના ચરણમાં ભેટ ધર્યા સ્વામીજીએ થેલીને પાછી ઠેલી કહ્યું "ભાઈ, હું તો કુ-રીતિઓનું ખંડન કરી રહ્યો છું હું પોતેજ ઉઠીને જો આ સ્વીકારીશ તો પેલા ગોસાઈઓને પોતાની પધરામણીઓનો કેવો મઝેનો બચાવ મળી જશે!"



સ્વામીજીના પ્રભાવમાં અંજાયેલા તે કાળના એક વાઇસરોય સાહેબે સ્વામીજીની વિપત્તિઓની કથા જ્યારે

સાંભળી ત્યારે સ્વામીજીના રક્ષણ માટે કાયમી સીપા-હીઓ નીમવાની તેમજ રેલગાડીની મુસાફરી માટે પહેલા વર્ગનો પાસ કઢાવી આપવાની એ નામદારે ઇચ્છા બતાવી સ્વામીજીએ આભાર માનીને ઉત્તર દીધો કે 'એ સહા-યને હુ નહિ સ્વીકારી શકુ એથી તો લોકો મને રાજ-સત્તાનો નોકર અથવા તો ખ્રીસ્તીઓનો પાદરી માની બેસે !'

વાઇસરોય તો શુ આપ રાજ્યની નોકરીમા કાઇ બુરૂ સમજો છો ?

સ્વામીજી હુ તો સન્યાસી છુ મે તો પરમેશ્વર રૂપ સાચી સરકારની નોકરી જ સ્વીકારી લીધી છે

વાઇસરોય ત્યારે શુ અત્યારની સરકારને આપ સાચી નથી માનતા ?

સ્વામીજી એટલે કે આ સરકાર પરિવર્તનશીલ છે અને મારી ઇશ્વરી સરકારનો નિયમ તો અટલ અને એનો ઇન્સાફ અદલ છે મનુષ્યોના ન્યાયનિયમો સમ-યાનુસાર બદલે છે



ઉદેપુરમા મહર્ષિજી એકાન્તમા બેઠા છે ત્યા મહા-રાણા પધાર્યા એમણે આવીને કહ્યુ 'સ્વામીજી, જો મૂર્તિ-પૂજાનુ ખડન છોડી દો તો એકલિંગ મહાદેવના મહતની ગાદી આપને સોપી દઉ લાખોની નીપજના આપ ધણી થશો આખુ રાજ્ય આપને ગુરુ કરી માનશે'

દુભાએલા મહર્ષિએ ઉત્તર દીધો, 'રાણાજી, આવી લાલચ બતાવીને મને મારા પ્રભુથી વિમુખ બનાવવા

ચાહો છો ? આપનું આ નાનકડું રાજ્ય અને કુબા જેવડો એ શિવ-મઠ, કે જેમાથી તો હું એક જ દોટ દઈને બહાર નીકળી જઈ શકુ છુ, તે શું મને અનંત ઈશ્વરની આજ્ઞા ઉથાપવા જેટલો નિર્બળ બનાવી શકશે ? ફરીવાર મને આવુ કહેવાનુ સાહસ ન કરતા લાખો મનુષ્યોનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ કેવળ મારા વિશ્વાસ પર જ ટકી રહ્યા છે, જાણો છો ગણા ? '

ગણાજી ત્યારથી સ્વામીજીના પરમ ભક્ત બની ગયા

❦

લાહોરમા આર્ય-સમાજનુ અધિવેશન ભરાયુ સભ્યો- જીઓએ દરખાસ્ત કરી કે આર્ય-સભાના સંસ્થાપકને કંઈક પદવી આપવી બીજાઓએ અનુમોદન આપ્યુ

હસીને સ્વામી બોલ્યા “ભાઈઓ, મેં કોઈ નવો પથ ચલાવવા માટે ગુરૂ-ગાદીનો મઠ નથી સ્થાપ્યો હુ તો ઉલટું ભોળા મતવાદીઓને મઠોથી અને મહંતોથી સ્વતંત્ર બનાવવા મથુ છુ મને કે અન્ય કોઈને પણ પદવીઓ ન ઘટે પદવીઓના પરિણામ બુરા સમજવા ”

બીજી દરખાસ્ત પડી “સ્વામીજીને આ સમાજના ‘પરમ સહાયક’ સ્થાપવા ”

સ્વામીજી કહે “તો પછી પરમ પિતા પરમેશ્વરને કયા પદે સ્થાપશો ? પરમ સહાયક તો એ એક જ છે. મારૂં નામ લખવું હોય ફક્ત અદના સહાયકોના પત્રકમા જ લખજો ”

*

સામર્થ્ય-વીર

એક દિવસ દયાનંદજી યમુના તીરે ધ્યાન ધરીને બેઠા છે એવામા કોઈક સ્ત્રીએ સ્નાન કરીને આવતા પદ્માસન વાળીને બેઠેલા સ્વામીજીને ભાળ્યા અને એમને પરમહંસ સમજી એમના ચરણો પર પોતાનુ મસ્તક ઢાળી નમસ્કાર કર્યાં પગ ઉપર કોઈ મનુષ્યના માથાનો ભોનો સ્પર્શ થતા સ્વામીએ નેત્રો ખોલ્યા ચમકીને 'અરે માતા ! અરે મયા !' એવા શબ્દો ઉચ્ચારતા ઉભા થઈ ગયા, અને ગોવર્ધન પર્વત તરફ જઈને એક મંદિરના ભીષણ ખંડિયેરમા ત્રણ દિવસ અને ત્રણ રાત એમણે અન્નજળ વિના, કેવળ ધ્યાન ચિન્તનમા જ તન્મય રહીને એ સ્ત્રી-સ્પર્શના પાપનુ પ્રાયશ્ચિત કર્યું



એક દિવસ કેટલીએક સ્ત્રીઓ મોહક શણગારો સજીને સ્વામીજીની પાસે આવી સ્વામીજીએ પૂછ્યુ, 'બ્હેનો, ક્યાથી આવો છો ?'

'મહારાજ, સાધુઓની પાસે થઈને આહી આવીએ છીએ'

'સાધુઓની પાસે શા માટે ?'

'આપ કહો તો આપની પાસે આવીએ'

'મારી પાસે શા માટે ?'

'ઉપદેશ લેવા માટે'

'બહુ સારૂ તો તમારા પતિઓને જ મોકલજો એ આહીથી ઉપદેશ લઇ જઇને તમને સંભળાવશે. તમે પોતે હવે પછી આહી ન આવજો'

ત્યાર પછી સ્ત્રીઓ કદી પાછી ન ડોકાઇ



પોષ માઘની કડકડતી થંડીમા, જ્યારે ઝાડપાન પર ઠાર પડતો હોય ઝરાના નીર જામીને બરફ બની જતા હોય સુસવતો પવન કાતિલ શરની માફક શરીરને વીંધતો હોય, તેવે સમયે ગંગાની હીમ જેવી રેતીમા કેવળ એક કૌપીનભર, પદ્માસન વાળીને સ્વામીજી આખી રાત બેઠા હોય એમને આવી દશામા દેખીને કોઇ ભક્તજન એમની કાયા ઉપર કામળી ઓઢાડી જતો સ્વામીજી તરત એ કામળીને અળગી કરી નાખતા એવી એક રાત્રિયે, બદાયૂના ગોરા કલેકટર સાહેબ તેમના મિત્રની સાથે ગંગા કિનારે ફરવા નીકળ્યા હતા એમના શરીરો તો ગરમ વસ્ત્રોમા દટાઇ ગયા હતા, જ્યારે તેઓએ ગંગાના તટ પર આ લંગોટધારી તપસ્વીની પ્રચંડ, તેજસ્વી કાયાને સમાધિની લ્હેરમા વિરાજમાન દીઠી બને અંગ્રેજો ટગર ટગર જોઇ રહ્યા સ્વામીજીની

સમાધિ છુટી ત્યારે કલેકટર સાહેબે પુછ્યુ, 'આપને ઠંડ નથી લાગતી ?' સ્વામીજી જવાબ દેવા જતા હતા ત્યા બીજો અગ્રેજ વચમા બોલી ઉઠયો 'એને ઠંડ શાની લાગે ? રોજ માલ માલ ઉડાવતો હોય ને !'

હસીને સ્વામીજી બોલ્યા. 'સાહેબ, અમે હિન્દુઓ તો દાળ રોટલી ખાઈએ એમા માલમાલ શો હોય ? પણ આપ તો ઇંડા જેવા પૌષ્ટિક માલ આરોગો છો અને શરાબ પણ ઉડાવો છો એટલે જો માલ માલ ખાવાથી જ ઠંડી સહન કરી શકાતી હોય તો ચાલો, કપડા ઉતારીને થોડીવાર મારી બાજુમા બેસી જુઓ.'

ઝંખવાણો પડીને અંગ્રેજ આડી વાત નાખવા લાગ્યો કે 'તો પછી આપ બતાવો, આપને ઠંડી કેમ નથી લાગતી ?'

સ્વામીજી બોલ્યા, 'આપ જ કહો, આપનુ મ્હો ઉઘાડુ રહે છે તેને કેમ ઠંડી નથી લાગતી ? ખુલ્લુ રાખવાની સતત આદતને લીધે જ ! એ જ પ્રમાણે મારા દેહને આદત પડી છે એમા બીજુ કશુ ય જાદુ નથી

નમસ્કાર કરીને બને ગોરા ચાલ્યા ગયા '



નદીના દૂર દૂરના કોઈ નિર્જન સ્થળ પર જઈને સ્વામીજી સ્નાન કરતા કૌપીન એક જ હોવાથી પ્રથમ કૌપીનને ધોઇ, સુકવી, પોતે સિદ્ધાસન વાળીને રેતીમા બેસી જતા કૌપીન સુકાઇ જાય ત્યારે પોતે ઉઠીને સ્નાન કરી કૌપીન બાધી પોતાને મુકામે જતા એક દિવસ કેટલા-

એક મલ્લો સ્વામીજીના શરીરબળની નામના સાંભળીને એમને શોધવા ચાલ્યા સ્વામીજી તે વખતે સ્નાન કરવાની તૈયારીમા હતા મલ્લરાજોને નિહાળી પોતે વાતનો મર્મ સમજી ગયા કૌપીન તે વખતે ભીનુ હતુ જમણે હાથે કૌપીનને જોરથી નીચોવીને મલ્લોને કહ્યુ 'તમારામાથી જેને પોતાના કૌવતનુ ગુમાન હોય તે આ કોપીનમાથી નીચોવીને પાણીનુ એક પણ ટીપુ કાઢી બતાવે"

બધાએ એક પછી એક કૌપીનને નીચોવી જોયુ એક પણ બિન્દુ ન પડયુ !



કાશીમા સ્વામીજી મુસલમાન મતની પણ ત્રુટીઓ બતાવી ખંડન કરતા હતા તેથી મુસલમાનોને એમના ઉપર ભારે રોષ ચડેલો એક દિવસ સાંજરે ગંગાતટ પર સ્વામીજી આસન લગાવીને બેઠા હતા દૈવયોગે મુસલમાનોની એક ટોળી ત્યા થઇને નીકળી પોતાના ધર્મના ટીકાકારને ઓળખ્યો બે પહેલવાનો ધસી આવ્યા સ્વામીજીને ઉપાડીને ગંગામા ફેંકવા લાગ્યા બન્ને જણાએ બન્ને હાથ વતી સ્વામીજીના બે બાવડા પકડયા અને એ રીતે એમને ઝુલાવીને પ્રવાહમા ફગાવી દેવા જતા હતા, ત્યા તો સ્વામીજીએ પોતાની બને ભુજાઓ સંકોડીને પોતાના શરીરની સાથે દબાવી દીધી બન્ને મલ્લોના ચારે હાથ સ્વામીજીના બગલમા સપડાઇ ગયા ! પછી તો મગદૂર શી કે હાથ સરકાવી શકે ? એમ ને એમ સ્વામીજીએ જોરથી ઉછાળો મારી ગંગામા ઝંપલાવ્યુ પેલા બન્ને જણને પણ સાથે જ ઘસડાતા ગયા પોતે પાણીમા ડૂબકીઓ મારીને બન્ને મલ્લોને થોડા

ગળકા ખવડાવ્યા અને પછી છોડી દીધા મુશ્કેલીથી બન્ને જણુ બહાર નીકળ્યા કાઠે ઉભેલુ ટેળુ આથી ખુબ ચીડાઈ ગયુ બધાએ હાથમા પથ્થરો લઈને સ્વામીજીના બહાર નીકળવાની રાહ જોઈ સ્વામીજી સમજી ગયા, એટલે પોતે શ્વાસને રૂંધીને પદ્માસન લગાવી પાણી પર બેઠક જમાવી અધાર થઈ ગયે પેલા સમજ્યા કે બાવો ડુબી ગયો ચાલ્યા ગયા એટલે સ્વામીજીએ પણ પાણીમાથી નીકળીને બધુ રહેલી સમાધિ ફરીવાર લગાવી !



એક દિવસ બજારમા એક ફાટેલો સાઢ લોકોની પછવાડે દોડતો, ડેકને કચરનો ને પટકતો દોડયો આવે છે. લોકો ઓટલા પર ચડી ગયા છે અને ‘સ્વામીજી ! ખસી જાઓ, ચડી જાઓ,’ એવી ચીસો પાડે છે વગર થડકયે સ્વામીજી સીધા ને સીધા સાઢની સામે ચાલ્યા ગયા તદ્દન નજીક ગયા એટલે સાઢ પોતાની મેળે રસ્તો છોડીને ગરીબ ગાયની માફક ચાલ્યો ગયો લોકોએ આવીને પૂછયુ કે ‘ મહારાજ, સાઢ શીંગડે ચડાવત તો ? ’

‘તો બીજુ શુ ? શીગડા પકડીને દૂર ધકેલી દેત !’



જોધપુરમા એમણે મુસલમાન મતનુ ખડન ચલાવ્યુ તે સાભળી ફૈજુલા ખા નામના એક મુસ્લીમના રોમે રોમમા જ્વાળા ઉઠી રોષે ભરાઈને એ ગાજી ઉઠ્યા ‘સ્વામી ! અત્યારે જો મુસલમાનોની રાજસત્તા હોત તો તમે જીવતા ન બચત ’

સ્વામીજીએ ખા સાહેબને ધીરેથી ઉત્તર દીધો કે ' જો એવો અવસર આવે તો હુ કદિ થરથરી ન જાઉં, કે ન તો ચુપચાપ બેઠો રહુ પણ એ ચાર વીર રજપુતોની પીઠ થાબડીને એવા તો શૂરાતન ચડાવુ કે મુસલમાનોના હોશ ઉડી જાય ખબર છે ખા સાહેબ ? "

ખીજે બળતા ખા સાહેબ શું બોલી શકે ?



એક દિવસ સ્વામીજી ગગાના ઉડા જળમા લેટતા હતા એવામા એક મસ્ત મગરમચ્છ તેમની લગોલગ થઈને નીકળ્યો કિનારેથી ભક્તજનોએ બૂમ પાડી કે 'મહારાજ, ભાગજો, મગર આવે છે' લગારે ખસ્યા વગર સ્વામીજીએ મસ્ત દશામા પડ્યા પડ્યા જવાબ દીધો કે 'ફિકર નહિ હુ જો એને નથી સતાવતો તો પછી એ મને શા માટે છેડવાનો હતો ?'



એક ગામડામા સ્વામીજીએ ઉતારો કર્યો લોકોએ હોશે હોશે પરોણાગત કરી એવે તેઓનો કોઈ ઉત્સવ–દિન આવી પડયો રાત્રિયે તેઓએ સ્વામીને પણ મદિરે બોલાવ્યા નગર બહારના એક ઉજ્જડ સ્થળે આવેલા મદિરમા ભયાનક દેવી–પ્રતિમા ઉભી છે પાસે ઉઘાડી તલવારે એક કાળભૈરવ શો' પૂજારી ઉભો છે મદ્ય માસની સામગ્રી તૈયાર છે અશ્લીલ નૃત્ય–લીલા ચાલે છે સ્વામીજી પામી ગયા કે આ તો શાક્તધર્મીનો અખાડો !

પૂજારી સ્વામીજીને કહે " દેવીને નમન કરો ! "

"એ મ !" કહી પૂજારી ધસ્યો. સ્વામીજીની ચોટી પકડી શિર નમાવવા મથ્યો ચકિત સ્વામી ઉંચે જુવે તો ચોમેર ઉઘાડી તલવાર વાળા નર–પિશાચો ઉભા છે તલવાર ચલાવે તેટલી જ વાર છે.

સ્વામીજીએ છલગ મારી પૂજારીના હાથમાથી તલવાર ઝુટવી લીધી ડાબા હાથનો ધક્કો મારીને પૂજારીને દિવાલ સાથે અફળાવ્યો, તલવાર વીંઝતા વીંઝતા મંદિરના ચોગાનમા જઈ પડ્યા ત્યા જુવે તો કુહાડા અને છરા ઉગામીને ટોળુ ઉભું છે. બારણા ઉપર તાળું મારેલુ છે મોતને અને સ્વામીજીને અઢી આગળનું અંતર છે કેસરી કુદે તેમ સ્વામીજી કુદ્યા દિવાલ પર પહોચ્યા બહાર ભૂસ્કો માર્યો આજુબાજુના ગીચ જંગલમા દિવસ ભર છુપાઈ રહ્યા બીજી રાત્રિયે પોબાર ગણી ગયા



એકવાર છ સાત અલમસ્ત મિત્રોએ જઈને સ્વામીજીને કહ્યુ 'મહારાજ, આપના પગ દાબવાના ભાવ થાય છે' સ્વામીજી સમજી ગયા છોકરાઓ મારૂ શરીર–બળ માપવા માગે છે ! બોલ્યા "પગ તો પછી દાબજો, પ્રથમ તો તમે બધા ભેળા મળીને મારા આ પગને ભોંય પરથી જરા ઉઠાવી જુઓ !"

સ્વામીજીએ પગ પસાર્યો સાત આઠ યુવકો મંડ્યા જોર કરવા પરસેવે નીતરી ગયા. પગ ન ચસક્યો



"મહારાજ !" રાવળપીંડીના સરદાર વિક્રમસિંહજીએ

કટાક્ષ કીધો, "આપ કહો છો કે શાસ્ત્રોમા બ્રહ્મચર્યનો બહુ મહિમા ગાયેલ છે આપ પોતે પણ આપને અખડ બ્રહ્મચારી કહેવરાવો છો, છતા આપના દેહમા એ વજ્ર કછોટાનો એવો કશો પ્રતાપ અમે તો ભાળતા નથી !"

મહર્ષિજીએ તે વખતે તો એ સમસ્યાનો કશો ઉત્તર ન દીધો એમનું રૂવાડુ યે ન ફરકયુ લાબી વાર સુધી સરદાર સાહેબની સાથે વાર્તાલાપ ચલાવ્યો પછી જ્યારે નમસ્કાર કરીને સરદાર પોતાની ઘોડાગાડીમા બેસી ગયા, ત્યારે મહર્ષિજીએ છાનામાના જઇને પાછ-ળથી ગાડીને પકડી લીધી

ડુગર જેવડા ઘોડા ચસકતા નથી ! સરદાર ચાબૂક લગાવે છે ફરી ફરી ચાબૂકના પ્રહાર કરે છે પણ ઉછળી ઉછળીને ઘોડા થભી જાય છે ગાડી જાણે કે ધરતીની સાથે જડાઇ ગઇ છે સરદાર પાછળ નજર કરે ત્યા હનુમાનજતિ શા' સ્વામીજીને હસતા જોયા ગાડી છોડી દઇને સ્વામીજીએ કહ્યુ "હવે તો સમસ્યા ટળી ને ?"

વિસ્મય પામતા સરદાર ચાલ્યા ગયા

૨

" આજે મારી અવસ્થા પચાસ વર્ષ ઉપર થઇ ગઇ છે પરતુ તમારામાથી કોઇ પણ માઇનો પૂત હોય તે ચાલ્યો આવે, કા હુ એનો હાથ પકડુ ને એ છોડાવી દે અગર હુ મારો હાથ અક્કડ રાખુ તે કોઇ વાળી આપે ચાલ્યા આવો, બ્રહ્મચર્યના પરચા બતાવુ "

ગુજરાનવાલાની એ ગજાવર સભામાથી એક પણ શીખ બચ્ચો, એક પણ મલ્લરાજ મહર્ષિનો આ પડકાર ઝીલવાની હામ ભીડી શકયો નહોતો

મેરઠ નગરમા મહારાજે શ્રાદ્ધનુ ખડન કરનારૂ એક જાહેર ભાષણ દીધુ. ત્યાના બ્રાહ્મણો ખીજાયા જે માર્ગેથી સ્વામીજી પોતાના ઉતારા પર જવાના હતા તે માર્ગે ડાગો લઇ લઇને ઓડા આધી બેસી ગયા કહેવા લાગ્યા કે " આજ દયાનદ નીકળે તો જીવતો ન જાય "

સ્વામીજીના પ્રેમીઓને આ વાતની જાણ થઇ. વ્યાખ્યાન પૂરૂ થયે ભક્તોએ વિનવ્યુ કે " થોડી વાર ઠેરી જાઓ રસ્તે જોખમ છે "

હસીને સ્વામી બોલ્યા " ના રે ! એ બાપડા કશુ ય કરી શકવાના નથી હુ તદ્દન બેધડક છુ ને વળી મે એક માણુસને સમય આપ્યો છે, એટલે હુ રોકાઇ ન શકુ "

એમ કહી એજ ગલ્લી વીંધીને મહારાજ પોતાની હુમેશની ગભીર ગતિથી ચાલ્યા ગયા ડડાબાજો એક બીજાના મ્હો સામે જોતા રહ્યા કોઇએ ઉચ્ચાર સરખો ન કર્યો



" સ્વામીજી ! જોધપૂર જવાનો વિચાર છોડી દો. એ લોકો આપને ઇજા કરશે "

"મારા આગળાને જલાવીને મશાલ બનાવે તો યે શુ ? હુ જઇશ, અને સત્યનો સદેશો આપીશ "



વિનોદ-મૂર્તિ

કાશીમા મહર્ષિનો પડાવ હતો ત્યારે ત્યાના પડિતોએ ઠરાવ કર્યો હતો કે કોઇએ એ પાપીની પાસે ન જવુ, એનુ મ્હો પણ ન જોવુ એક મહામહોપાધ્યાયજીને ગર્વ રહ્યો હતો કે જો મારી સાથે વાદવિવાદ થાય તો હુ તો એ દુષ્ટને સીધો કરી નાખુ ! પરંતુ એમનું મ્હોં જોવાથી તો પાપ લાગે, તેથી એ બાપડા પડિત સ્વામીજીની પાસે જઇ શકતા નહિ પણ આખરે મ્હો જોવુ જ ન પડે તેવી યુકિત એમને એકાએક સુઝી ગઇ એક દિવસ રાત્રિયે અધારામા એ સ્વામીજીની પાસે આવીને ચર્ચાનું આહ્વાન દેવા લાગ્યા એણે શર્ત મુકી કે 'હુ આ છરી લાવ્યો છુ આપણામાથી શાસ્ત્રાર્થમા જે હારે તેના નાક કાન એ વડે કાપી નાખવા'

હસીને સ્વામીજી બોલ્યા, 'પડિતજી, મારી પણ એક શર્ત છે આ ચપ્પુ પણ રાખીએ આપણામાથી જે હારે તેની જીભ પણ આ ચપ્પુ વડે કાપી લેવી. કેમકે નાક કાન તો બિચારા આ વાતમા નિર્દોષ છે વાદવિવાદમા જે કાઇ દોષ થશે તે તો જીભનો જ થશે !

છપરા ગામના પંડિતો પણ સ્વામીજીની સામે ઉઠ્યા અને એક પ્રસિદ્ધ પંડિત જગન્નાથની સહાય લેવા ગયા. પંડિત બોલ્યા "હું તો દયાનંદનો સામનો કરવા તૈયાર છું, પણ મારે એ દુષ્ટનું મ્હો જોવાથી પ્રાયશ્ચિત કરવું પડે એજ મોટી પીડા છે ને!"

આ સમાચાર જાણીને સ્વામીજી હસતા હસતા બોલ્યા: "અરે એવું હોય તો મારા મ્હો પર પડદો ઢાંકી દેજો, પણ એને જરૂર આહીં તેડી જ લાવજો"



સ્વામીજી સિંહાસન ઉપર બેસીને ઉપદેશ દેતા અને ઉપદેશ પૂરો થયે કોઇને પ્રશ્નો પૂછવા હોય તો તેને બેસવા માટે પોતાની સન્મુખ ખુરશી મુકાવતા એક દિવસ એક પંડિત કહેવા લાગ્યા કે 'અમને નીચું આસન શા માટે આપો છો? તમારા આસન જેટલી જ ઉંચી ખુરસી અમને પણ મળવી જોઇએ'

સ્વામીએ હસીને કહ્યું 'ભાઇ, હું તો વ્યાખ્યાન દેવાની સુગમતા ખાતર જ ઉંચે બેસણે બેસું છું છતા યે જો આપને અપમાન લાગતું હોય તો સુખેથી એ ખુરશીને મેજ ઉપર ચડાવી, મારા કરતા યે ઉંચેરા બની આપ બેસી શકો છો બાકી તો શું કોઇ ચક્રવર્તી રાજાના મુગટ ઉપર બેસનારી માખી અથવા મચ્છર કાંઇ ઉંચા બની જતા હશે? આસનની ઉંચાઇ નીચાઇ વિચારવા આપને ન શોભે.'



અલીગઢમા એક દિવસ એક પડિત મંદિરના ચબૂતરા ઉપર બેસીને સ્વામીજીની સાથે શાસ્ત્રાર્થ કરવા મડયો. સ્વામીજીના કરતા યે ઉચા બેસણાનો આ ઘમડ બીજા સજ્જનોથી ન સહેવાયો પડિતને સભ્યતાની રીત સમજાવવા લાગ્યા પણ હઠીલો પડિત પલળ્યો નહિ સ્વામીજીએ પ્રસન્ન વાણીમા લોકોને કહ્યુ "શા સારૂ એ બિચારા જીવને સતાવો છો ? કશી હાનિ નથી. ભલે એ પડિત ઉચે આસને બેઠા ઉચા આસનથી જ કઇ કોઇને મહત્તા મળી જતી નથી એમ તો જુવોને, પેલો કાગડો તો પડિતજીના કરતા યે ઉચેરો પેલા ઝાડની ડાળીએ બેઠો છે ! "



દાનાપુરમા મુસલમાનોએ સ્વામીજીના આદોલન ઉપર કોપ-દ્રષ્ટિ કરવા માડી ભક્તોએ કહ્યુ, 'મહારાજ, એ લોકોની વિરૂદ્ધ કાઇ ન બોલશો વાતવાતમા તેઓ લડવા ખડા થઇ જાય છે " તે વખતે તો સ્વામીજી કશુ ન બોલ્યા, પણ સાજરે ભર સભામા એમણે ઉચ્ચાર્યું કે

"છોકરાઓ મને કહે છે કે મુસલમાન મતનુ ખડન ન કરો પણ હુ સત્યને શી રીતે છુપાવુ ? અને જ્યારે મુસલમાનોનુ ચાલતુ હતુ ત્યારે તેઓએ તો આપણુ ખંડન ખડગથી કર્યું હતુ પણ આશ્ચર્યની વાત છે કે આજે મને તો શબ્દોથી યે ખડન કરવાની મના થઇ રહી છે ! "



"સ્વામીજી !" એક કૃષ્ણભક્ત ચપટી ધૂળ લઇને આવ્યો, "સ્વામીજી ! કૃષ્ણ ભગવાને બાળપણમા માટી

ખાધી હતી, એટલે હુ એ બાળ–લીલાની આ પ્રસાદી આપને ચખાડવા આવ્યો છુ ”

હાજરજવાબી સ્વામીજી બોલ્યા “ભોળા ભાઈ, છોકરા તો માટી ખાય ! કૃષ્ણે પણ નાનપણમા ખાધી હશે પણ એટલા માટે આપણાથી–ઉમર લાયક મનુષ્યોથી તે એવી નાદાની થાય ખરી ? ”

મધપુડાને મધમાખીઓ વળગે તેમ દિલ્હીમા સ્વામીજીની ચોગરદમ મનુષ્યોની ગિરદી વીંટળાવા લાગી મૂર્તિપૂજાના ખડનથી ખુશી થનારા ઈસ્લામીઓ પણ દોડયા આવ્યા પણ સ્વામીજી તેઓના અજ્ઞાનને ઓળખતા હતા એક મુસ્લીમ સજ્જને આવીને કહ્યુ “ આપ હિન્દુઓની મૂર્તિ–પૂજાનુ ખડન કરો છો એ બહુ સારૂ કાર્ય છે અમારા મઝહબને અનુકૂળ જ થઇ રહ્યુ છે ”

“ભાઈ, તમે ભુલો છો” સ્વામીજીએ જવાબ વાળ્યો, “ હુ તો તમામ મૂર્તિ–પૂજાનુ ખડન કરૂ છુ, અને ઈસ્લામને ય મૂર્તિ–પૂજા ક્યા નથી ? હિન્દુઓની પ્રતિમા તો ચાર આગળથી માડીને બહુ તો એક હાથ જેટલી ઉચી હોય છે એને તો હરકોઇ પ્રકારે હટાવી શકાશે પરતુ મુસલમાનોની મૂર્તિઓ તો કબર, હુજીરા અને મિનારાને સ્વરૂપે મોટા મોટા મકાનો જેવડી ઉભી છે એટલે ખરી મુશ્કેલી તો એ તમારો મૂર્તિ–પૂજાને હટાવવામા જ પડે છે ! ”

ચકોર મુસલમાન આ શબ્દોના આતરિક મર્મને સમજી ગયો ચુપ બન્યો

સ્વમાન-પ્રેમી

જમાલપુર જકશનના ચોગાનની અદર સ્વામીજી એક વાર ગાડીની રાહ જોતા જોતા ટેલી રહ્યા છે એક ગ્રેજ એન્જીનિયર પણ પોતાની પત્ની સહિત ત્યા ઉભો હતો આ [illegible]ધારી સાધુને પોતાની સમક્ષ નિલર્જપણે ટેલતો દેખીને મડમ સાહેબને ગુસ્સો ચડયો. તેના ગોરા ભરથારે સ્ટેશન માસ્તરને આજ્ઞા કરી કે 'આ નાગડાને આહીથી હટાવો'

સ્ટેશન માસ્તર તો મહર્ષિને ઓળખતો હતો. એણે આવીને સ્વામીજીને યુક્તિપૂર્વક વિનવ્યા કે 'મહારાજ ગાડીને હજુ વાર છે આપ પેલી બાજુ આવીને ખુરશી પર જરા આરામ કરશો ? '

સ્વામીજી સમજી ગયા, બોલ્યા કે 'જેણે આપને મારી પાસે મોકલ્યા છે તેમને જઇને કહો કે અમે તો એ યુગના મનુષ્ય છીએ, કે જે યુગમા તમારા દાદા આદમ અને દાદી હાવા, એડનના બગીચામા તદ્દન નગ્ન શરીરે રઝ-ળવામા જરા યે લજ્જા ન્હોતા પામતા !'

આટલુ કહીને સ્વામીજીએ તો લટાર મારવાનુ ચાલુ જ રાખ્યુ પછી જ્યારે પેલા ગોરા એન્જીનીયરને

સ્વામીજીના નામની ખબર પડી, ત્યારે તો એણે તત્કાળ સ્વામીજીની પાસે આવીને વિનયથી વદન કરી ભાવભર્યા શબ્દો ઉચ્ચાર્યા કે 'આપશ્રીના દર્શનની ઘણા કાળની ઉમેદ આજે તૃપ્ત થઇ !'



આગ્રામા ખ્રીસ્તી ધર્મના બિશપની સાથે સ્વામીજીને ચર્ચાના પ્રસંગો પડેલા હતા ઉદાર દિલના મહર્ષિ એક વખત ખ્રીસ્તીનુ દેવળ જોવા ગયા અદર દાખલ થાય છે ત્યા દરવાજે ઉભેલા ખ્રીસ્તીએ કહ્યુ 'મહારાજ, પાઘડી ઉતારીને પ્રવેશ કરો'

સ્વામીજીએ થભીને ઉત્તર દીધો 'અમારા દેશની રીતિ પ્રમાણે તો માથા પર પાઘડી રાખીને જવુ એ જ સભ્યતાનુ ચિહ્ન છે એટલે મારા દેશથી સભ્યતા વિરૂદ્ધ હુ નહિ વર્તું હા, આપ કહો તો જોડા ઉતારી નાખુ'

ખ્રીસ્તીએ કહ્યુ, 'ત્યારે તો બને ઉતારી નાખો'

સ્વામીજી દરવાજેથી જ પાછા ફરી ગયા સ્વમાનનો ભંગ એ જ એમને માટે તો જીવતુ મોત હતુ



જયપૂર રાજ્યના એક મોટા અધિકારીને એક સજ્જને કહ્યુ કે "ચાલો સ્વામીના દર્શન કરવા"

પેલા અધિકારીએ જવાબ દીધો કે "તમે તો દર્શનનું કહો છો, પણ હુ જો મારૂ ચાલે તો એને કૂતરાને મ્હોંયે ફાડી ખવરાવું !"

શ્રાદ્ધ અને મૂર્તિપૂજાના ખંડનથી જયપુર-નરેશ પોતે પણ સ્વામીજી ઉપર કોચવાયા સ્વામીજીને માથે રાજ-રોષનું ચક્કર ફરવા લાગ્યું

ઠાકુર લક્ષ્મણસિંહજી નામના ભાવિક ક્ષત્રિયે જયપુર રાજના કચવાટની વાત જાણ્યા પછી મહર્ષિજીને વિનવ્યા કે "આવી હાલતમાં આપને આહીં રહેવું ઉચિત નથી આપના શિર પર જોખમ ભમે છે"

સ્વામીજી બોલ્યા "ઠાકોર ! મારે માટે મા ડરો પણ આપને પોતાનેજ જો જયપુર-પતિની નારાજીનો ડર હોય તો સુખેથી આપ મારી કને આવવું બંધ કરી શકો છો. આપ રાજના તાબેદાર છો પણ હું તો કોઇ માનવીનો નોકર નથી. મારા આત્માને તો કોઇ મનુષ્ય છીનવી શકવાનો નથી તો પછી મારી કને બીજી એવી કંઇ વસ્તુ છે કે જે છીનવાઈ જવાનો મને ડર હોઇ શકે?"



લાહોરમાં નવાબ નિવાજિશ અલ્લીખાનની કોઠીમાં જ મહારાજનો ઉતારો હતો ત્યં જ બેસીને મહારાજે લોકો સમક્ષ મુસલમાન મતની વિવેચના ચલાવી નવાબ પોતે પણ એ વ્યાખ્યામાં આવી ચડયા વ્યાખ્યાન થઇ રહ્યા બાદ એક સજ્જને સ્વામીને કહ્યું "આપ કોઈ હિન્દુ, મુસલમાન કે ખ્રીસ્તી પણ ઉતરવાનું મકાન દેતો નથી ઉપકાર માનો નવાબ સાહેબનો કે એણે ઉતારો દીધો છતાં ઉલ્ટું આપે તો એને દુઃખ લાગે તેવી રીતે એના જ છાપરા તળે મુસ્લીમ પંથની ચર્ચા કરી નવાબ સાહેબ પણ એ સાંભળી રહ્યા હતા !"

સ્વામીજી બોલ્યા "ભાઇ, હુ તો આહી કાઈ મુસલમાન ધર્મની કે બીજા કોઈ ધર્મની યશગાથાઓ ગાવા નથી આવ્યો, હુ તો આવ્યો છુ વેદ ધર્મનો ખુલ્લો પ્રચાર કરવા અને નવાબને ભાળ્યા પછી તો ઉલ્ટો હુ જાણી બુઝીને જ આર્ય ધર્મની મહત્તા સમજાવી રહ્યો હતો એનો મને શો ડર છે ? એક નારાયણ સિવાય મને કોઇની ધાસ્તી નથી"



એક દિવસ સ્વામીજીના રસોયાનો કાકો મહેમાન આવ્યો એ પોતાના ભત્રીજાને ભભેરવા લાગ્યો કે "તારે તો સ્વામી જમી રહ્યા બાદ જમવુ પડતુ હશે એ રીતે તો રસોઇ અજીઠી બની ગઇ ગણાય માટે હવેથી તુ ચોકા બહાર બેસાડીને સ્વામીજીને ભોજન દેતો જાજે"

ત્યા તો સ્નાન કરીને સ્વામીજી આવી પહોચ્યા. આવીને પોતાની મેળે જ ચોકા બહાર બેસી ગયા બહાર જ થાળી મગાવી

રસોયો પૂછે છે "મહારાજ, બહાર કેમ બેઠા ?"

"ભાઈ, તને અને તારા કાકાને તો ન્યાત બહાર મૂકાવાનો ભય છે પણ હુ તો હર કોઇ ઠેકાણે ભોજન પામી શકીશ મને કશો ડર નથી તમને હુ શા માટે નાહક જોખમમા ઉતારૂ ?"

રસોયો તાજ્જુબ બન્યો સ્વામીજીએ વાત શી રીતે જાણી લીધી !

ચમકારા

વિદ્યાર્થીઓને સાથે લઇને ઘુમતા ઘુમતા સ્વામીજી કાસગજમા આવ્યા પોતાની પહેલી દૃષ્ટિ એ બટુકોના જ સુખ સાધન પર ફરી વળતી પોતે જોયુ કે બટુકોને સૂવાની જગ્યા પર પવનને રોકવાની પૂરી સગવડ નથી ત્યા એક દિવાલ ખડી કરવાનુ સેવકોને પોતે કહી દીધુ પણ મજૂરો ન મળવાથી દિવાલ ચણાઇ નહિ ફરી પોતે કહ્યુ કે " કાઇ નહિ ઘાસનું વાછટીયુ કરીને ભીડાવી દો ને ! " પણ પોતે જોયુ કે સેવકોને વાછટીયુ બનાવતા આવડતુ નથી તૂર્ત પોતે સ્વહસ્તે એ વાછટીયુ બનાવવા મડી પડયા અને એની કારીગીરી સેવકોને પણ સમજાવી દીધી. પોતે કશુ અસાધારણ નિરભિમાન બતાવી દેતા હોય કે શિષ્યોને ટોણો મારતા હોય એવો લગારે દેખાવ ન થવા દીધો



ફરૂકાબાદના મેજીસ્ટ્રેટ સ્કોટ સાહેબને મહર્ષિજી ઉપર ભારી મમતા જામી વ્યાખ્યાનો ચૂકે નહિ અને વ્યાખ્યાન બધ હોય તે દિવસ દર્શન ભૂલે નહિ

ફરૂકાબાદની બજારમાં એક સડક પહોળી થઇ રહી હતી સડકને કાઠે એક મઢી હતી એ મઢીમા લોકો હમેશા ધૂપ દીવો કરતા હતા અધશ્રદ્ધાળુ આર્યસમાજીએ આવીને સ્વામીજીને સૂચવ્યુ "મહારાજ, સ્કોટ સાહેબ આપને અત્યત આધીન બની ગયા છે એમને લગાર ઇસારો કરો તો આ લોકોના વ્હેમોને નાહક પોષી આ મઢીને સ્હેલાઇથી ઉખેડી શકાશે"

સ્વમાજીએ કોચવાઇને ઉત્તર વાળ્યો "બધુ, આવી ઉધી મોબાટ મને કા લેવરાવો ? એ તો નીચતાનો રસ્તો કહેવાય મુસલમાન બાદશાહોએ સેકડો મદિરોને મૂર્તિઓ સાથે જમીનદોસ્ત કરી નાખ્યા તો યે તેઓ મૂર્તિ-પૂજાને અટકાવી ન શક્યા ! આપણુ કામ તો ભાઇ, મનુષ્યોના હૃદય-મદિરોમાની મૂર્તિઓને હટાવવાનુ છે, ઇંટ પત્થરના દેવાલયો તોડવાનું નહિ"



મુરાદાબાદના પાદરી પાકર સાહેબે પદર દિવસ સુધી ધર્મ-ચર્ચા ચલાવી છેલ્લો સવાલ એ હતો કે "સૃષ્ટિ સરજાઇ ક્યારે ?"

પાદરી સાહેબ કહે "પાચ હજાર વર્ષો પૂર્વે"

બાજુના ખડમાથી એક ખિલોરી પત્થર લાવીને મહારાજે શ્રાતાઓની સન્મુખ ધર્યો બ્રીટીશ ઇન્ડીઅન એસોશીઅનના સભાસદો બેઠા હતા તેમને સ્વામીજીએ પૂછ્યુ "આપ તો ભુસ્તર વિદ્યાના પારગામી છો કૃપા કરીને કહો જોઉ, આ પત્થરને આ દશાએ પહોચતા કેટલો કાળ લાગ્યો હશે"?

"એક લાખ વર્ષો" વિદ્વાન ગોરાઓએ ઉત્તર દીધો

"તો હવે બોલો પાદરી મહાશય, સૃષ્ટિ સરજાયે પાંચ જ હજાર વર્ષો થયા હોય તો આ પત્થર ક્યાંથી આવી પહચ્યો ?"

પાદરીની જીભના લોચા વળવા મંડયા

ø

સર સૈયદ અહમદ નામના ખાનદાન, જ્ઞાન–પિપાસુ મુસ્લીમ સજ્જને એક વાર સ્વામીજીને પ્રશ્ન કર્યો "મહારાજ, બીજી વાતો તો ઠીક, પરંતુ થોડાએક હવનથી આખી હવા પવિત્ર બની જાય, એ વાતનો ઘુંટડો મારે ગળે નથી ઉતરતો"

સ્વામીજીએ સામો સવાલ કર્યો "સૈયદ મહાશય, આપને ઘેર રોજ કેટલા માણસોની રસોઇ રંધાય છે ?'

"પચાસથી સાઠની"

"એટલાને માટે રોજ કેટલી દાળ ઓરો છો ?"

"છ સાત શેર"

"એટલી દાળમા હીંગ કેટલી નાખો છો ?"

"બહુ તો રૂપીઆ ભાર"

' એમ કેમ ? એટલી થોડી હીંગ આટલી બધી દાળને શી રીતે સુવાસિત કરી શકે ?"

"બેશક, કરે છે જ"

"તો પછી, ખા સાહેબ, થોડીએક હીંગની માફક થોડાએક હવન પણ ઘણી મોટી હવાને શુદ્ધ કેમ ન કરી શકે !"

મુસ્લીમે કાન પકડીને કબૂલ કરી લીધુ

અશ્રુધારા

એક દિવસ સાંજરે ગંગાના તટ ઉપર બેસીને સ્વામીજી સૃષ્ટિસૌંદર્ય જોતા હતા તે વખતે એક મરેલા બાળકને લઈને એક સ્ત્રી કિનારે આવી પોતાના બચ્ચાના મૃતદેહને હાથમાં ઉપાડીને એ બાઈએ પાણીમાં પ્રવેશ કર્યો થોડા ઊંડા પાણીમાં જઈને એણે એ શબ ઉપર લપેટેલું કપડું ઉતારી લીધું અને 'હાય! હાય!' એવા આર્તનાદ કરતા કરતા એણે શબને પ્રવાહમાં વ્હેતું મેલ્યું

સ્વામીજીએ જોયું કે એ ખાપણના ટુકડાને ધોઈ, સુકાવીને રડતી રડતી એ માતા ઘેર ઉપાડી જાય છે એમનું હૃદય આ દેખાવ જોઈને ચીરાઈ ગયું એમણે વિચાર્યું કે અરેરે! દેશની આટલી ગરીબી, કે આ જનેતાએ પોતાના કલેજાના ટુકડા સરખા પેલા પ્યારા બાળકને તો નદીમાં ફેંકી દીધું, છતાં વસ્ત્રનો ટુકડો ન જવા દીધો! ગરીબીનો આથી વધુ સજ્જડ પૂરાવો બીજો કયો હોઈ શકે?

તેજ પળે એમણે પ્રતિજ્ઞા કરી કે આ ગરીબોની

ભાષામા જ માત્ર જ્ઞાનનો પ્રચાર કરી એમના દુ ખો ફેડવાના ઇલાજો ઉપજાવીશ



ભાગલપુરમા મુકામ હતો તે વેળા એક રાત્રિયે સ્વામીજીએ ભોજન ન લીધુ ભોજન મોકલનાર ભકતે કારણ પુછતા જવાબ મળ્યો કે 'ભાઇ, ભોજન આ જે ભાવે તેમ નથી અહી મેળામા આવનારા લોકો પડાઓને પોતાની દીકરીઓ સુદ્ધાના પણ દાન કરે, એટલુ બધુ અજ્ઞાન આ દેશમા પ્રવર્તેલુ જોઇને ધાનનો કોળીઓ ઝેર જેવો લાગે છે !'

એવા અધકારવાળી અજ્ઞાન રાત્રિમા આ દેશ ફસાએલો હતો અને એવા અધારા ભેદીને દયાનદને પોતાનો જીવન-પથ કાપવાનો હતો



ગામડાના લોક આવી વિનવવા લાગ્યા "મહારાજ, નગરવાસીઓ તો ઉત્તમ પદાર્થો વડે આપના સ્વાગત કરે છે અમ કિસાનોની પાસે તો એવા ફળ મેવા કયાથી હોય? એક વાર પધારો તો પોક ખવરાવીએ"

સ્વામીજી બોલ્યા "ભાઇ, ધનવાન અને નિર્ધન વચ્ચે મારી દ્રષ્ટિએ કદી ભેદ નથી દીઠા ઉલટાનો તમારો પોક મને વધુ મીઠો લાગશે આજ તો નહિ, કાલે આવીશ"

કિસાનો રથ જોડીને આવ્યા પણ સ્વામીજી રથમા ન બેઠા પગપાળા જ ચાલ્યા રસ્તે એટલી ઝડપથી ચાલતા કે કિસાનો પાછળ રહી જતા માર્ગે સાદી

વાણીમા ઉપદેશ આપતા જાય છે કે "બાળ વિવાહ ન કરો. જેમ કાચા લણેલા મોલ એળે જાય છે તેમ કાચી ઉમ્મરે પરણાવેલા સતાનો વ્હેલા નાશ પામે છે"

વડલાને છાયડે સ્વામીજી ભોય ઉપરજ બેસી ગયા લોકો વીંટળાઇ વળ્યા પોક આપો કિસાનો કહે "મહા-રાજ, અમ જેવા કગાલો પર મહેર કીધી'

"ભાઇ, તમે કગાલ શાના? તમે તો પરિશ્રમી છો તમારી આજીવિકા નિર્દોષ છે તમે જ પરસેવો રેડીને ઉગાડેલ અનાજ ઉપર રાય ને રંક સહુ ગુજારો કરી રહ્યા છે"



ફરૂકાબાદમા જ્ઞાન-ચર્ચા ચાલી રહી છે એવે એક સ્ત્રી પોતાના મરેલા બાળકને મેલા, ફાટેલા વસ્ત્ર લપેટીને દાટવા લઇ જાય છે સ્વામીજીએ પૂછયુ "માતા! મૃત્યુનુ યે આટલુ અપમાન! તારા પ્રાણ સરખુ બાળક મરી ગયુ અને તારે ગળેથી એક સ્વચ્છ, સફેદ વસ્ત્રનો ટુકડો યે ન છૂટયો!"

સ્ત્રી રડી પડી બોલી "કયાથી કાઢુ? પૈસા નથી"

આ જવાબ સાભળીને સ્વામીજીની આખોમાથી પણ દડ દડ આસુની ધારા ચાલી



મૃત્યુંજય

"ઝેર દઇને કે હથીઆર ચલાવીને જો કોઇ મને નહિ મારી નાખે, તો આ મારો દેહ મનુષ્યની આવરદાની છેલ્લામા છેલ્લી અવધિ સુધી જીવતો રહેશે, લગારે કરમાશે નહિ, ઢીલો પડશે નહિ"

મૃત્યુ સામેનો આ પડકાર મહર્ષિજીએ સાઠ વર્ષની ઉમ્મરે જોધપૂર નગરમા ઉચ્ચાર્યો

રાવ રાજા તેજસિંહ જેવા જોરાવર સેવકો કોઇવાર સ્વામીજીના પગ ચાપવા બેસતા અને એ પગની પીંડીઓમા આગળી દાબવા મથતા. પણ એ પીંડીઓના લોખડી ગઠ્ઠાઓ ઉલટા તેઓની આગળીઓને સમસમાવી મૂકતા મૃત્યુ ભોઠુ પડીને પાછુ વળી જાય એવો એ પહાડી દેહ આર્ય ધર્મના અમર સ્થભ સરખો ઉભો હતો પરતુ વિધાતા તો તે વખતે રડી રહ્યો હશે!

ત્રણ ત્રણ વાર રૂબરૂ આવીને જોધપૂર—નરેશ જશવતસિંહજીએ સ્વામીજીને પોતાના દરબારમા પગલા કરવા વિનવ્યા વિનવણીને વશ થઇ એક દિવસ સ્વામીજી દરબારમા

આવ્યા દાખલ થાય છે ત્યાં તો રાજાજીની પાસે વારાંગના 'નન્ની જાન' ને બેઠેલી ભાળી સ્વામીજીને આવતા દેખીને તુર્ત જશવંતસિંહજીએ ઇશારત કરી નન્નીજાન પાલખીમાં પેસી ગઇ ઝપાટાભેર પાલખી દરબારગઢમાંથી અલોપ થઇ ગઈ.

સ્વામીજીએ એને જોઇ લીધી એમનું હૃદય વીંધાવા લાગ્યું લગારે થડકયા વગર એ નિર્ભય યોગીએ ફિટકારનો ધોધ વ્હેતો કર્યો કે "જોધાણનાથની આ દશા! રાજન્! કેશરીસિંહની ગુફામાં કૂતરીઓ દાખલ થઇ શકે? અને એ વેશ્યાઓને પેટે જન્મેલી રાજ-પુત્રીઓ પણ ધંધો કયો કરવાની? વેશ્યાનો! પોતાના જ વીર્યના સંતાનને વારાંગના બનાવવા રાજી હોય એવો કોઇ માનવી હશે? જોધપૂરના ધણી! આપને આ ન છાજે છોડી દો છોડી દો"

પીડાતે હૃદયે સ્વામીજી ચાલ્યા ગયા તે દિવસ સાંજરે ભરી સભામાં પોતે બોલ્યા કે "આપણા દેશના મોટા પુરૂષોનું સત્યાનાશ તો કયારનું યે વળી ગયું હોત. પરંતુ તેઓના પાપના માંચડા તો તેઓના ઘરમાં રહેલી પેલી જોગમાયા જેવી પત્નીઓના પતિવ્રતને લીધે જ હજુ ટકી રહ્યા છે કુલવંતી એ આર્ય સતીઓએ જ પોતાના ધર્મ વડે પાપીઓની રક્ષા કરી છે"



મહારાજા પ્રતાપસિંહજીને સ્વામીજીએ નીચે પ્રમાણે પત્ર લખ્યો —

માન્યવર શૂરવીર મહારાજા શ્રી પ્રતાપસિંહજી! આનંદિત રહો આ પત્ર બાપુને પણ વંચાવજો

મને બહુ જ શોક થાય છે કે જોધપૂરાધીશ અત્યારે આળસ વગેરે વિલાસમા ગરક છે અને આપ તથા બાપુ પણ બિમાર જ રહોછો આ રાજ્યમા સોળ લાખથી વિશેષ વસ્તી છે એના રક્ષણ અને કલ્યાણનો મોટો બોજો આપ સહુ ઉઠાવી રહ્યા છો એનો સુધારો બગાડો પણ આપ ત્રણ જણા ઉપર જ ટકી રહ્યોછે છતા આપ ત્રણે શરીરની રક્ષા પ્રત્યે બહુ જ ઓછુ ધ્યાન આપોછો એ કેટલુ શોચનીય !

હું માગુ છુ કે મારા કહ્યા મુજબ આપ આપની દિનચર્યા સુધારી લો, કે જેથી માત્ર મારવાડના જ નહિ, પણ આખા આર્યાવર્તના કલ્યાણમા આપની કીર્તિ બોલાય પછી તો જેવી આપની મરજી !

લી૦

આશ્વિન વદી ત્રીજ ૧૯૪૦ દયાનંદ સરસ્વતી

એક બાજુ આ પત્ર લખાઇ રહ્યો છે બીજી બાજુ સાપણી પોતાની દાઢમા ઝેર ભરી રહી છે નન્નીજાનના મનસૂબામા સ્વામીજીનો કાળ રમવા લાગ્યો છે એ સમજતી હતી કે સ્વામીએ ભલભલેરાઓને પણ વેશ્યાના સગ ત્યજાવ્યાછે મહર્ષિને એણે પોતાનો જમદૂત જાણ્યો એના હૃદય-અધકારમા કાવતરૂ શરૂ થઈ ચૂકયુ

જોધપૂર આવ્યાને પાચમો જ મહિનો જાય છે ત્યા સ્વામીજીનો વફાદાર સેવક કલ્લૂ પાચસો છસો રૂપીયાનુ દ્રવ્ય ચોરીને અલોપ થાય છે. જોધપુરમા જાણ થઇ મહારાજા જશવંતસિહજીની આજ્ઞા છૂટી કે ચોરને પાતાળમાથી પણ પકડી આણો પરતુ એ ન પકડાયો ડંખ દઇને કાળો

વીછી સરકી જાય તેમ એ સરકી ગયો એને મારવાડના પહાડોની કે માર્ગોની લગારે પિછાન નહોતી છતા એ શી રીતે–કયા છુપાયો ! સ્વામીજીને સ દેહ ગયો. કાવતરાનો પહેલો દાવ પોબાર ! બીજો દાવ રમાય છે

સ વત ૧૯૪૦ના આસો વદી ચૌદશની રાત્રિયે સ્વામીજીએ પોતાના રસોયા પાસેથી દૂધ લઇને પીધુ પોઢી ગયા જરાવાર આખો મળી. ત્યા તો પેટમા વેદના ઉપડી જાગી ઉઠયા ત્રણવાર ઉલટી કરી, પણ પાસે સુતેલા સેવકોને ન જગાડયા. પ્રભાતે પોતે ઉઠયા, વદના ઉપડી ઉલટી કરી. પણ જીવ મોળો પડવા લાગ્યો જઠરમા શૂળા પરોવાવા લાગ્યા રાજના દાકતરો દોડયા આવ્યા, કૈક ઔષધિઓ આપી. પણ કોણ જાણે શા ભેદથી ઉપચારની ઉધી જ અસર થતી ગઇ ગળુ સુકાવા માડયુ લોહીના બિન્દુ યે બિન્દુમાથી જાણે કે જીવન શોષાતુ ગયુ , છતા ન અરેરાટ, ન સીસકાર કે ન ગભરાટ વ્હાલુ વ્હાલાને ભેટે તેમ જાણે કે યોગી મૃત્યુને આલીગન લઇ રહ્યા છે આખરે બહુ દવાઓને પરિણામે એમનો આત્મારામ થોડા દિવસ ટકયો પણ બિછાનામા કાળી બળતરા ઉઠતી હતી પીજરાના દ્વારમાથી પ્રાણપ ખી પાખો ફફડાવવા લાગ્યુ

એવી દશામા સ્વામીજીને આ વિષ–પ્રયોગના કાવતરાની જાણ થઇ એ મહાજ્યોતને બુઝાવનારા જગન્નાથ રસોયાને એમણે પોતાની પાસે બોલાવ્યો જગન્નાથે અપરાવ કબુલ કર્યો સ્વામીની ગ ભીર મુખમુદ્રાની એક રેખા યે ન બદલી દયાર્દ્ર શબ્દે એમણે કહ્યુ, 'ભાઇ જગન્નાથ, મને બીજુ કાઇ નથી, પણ મારા જીવનનુ

કામ અધૂરૂ રહી ગયું તને ખબર નથી કે તારે હાથે કેટલા બધા જીવોને નુકશાન થયુ છે પણ કાઈ નહિ, ભાઈ ! લે આ થોડા રૂપિઆ તને આપુ છુ એ લઇને તું તાબડતોબ આ રાજ્યના સીમાડા છોડી દે નેપાલમાં જઇને છુપાઇ જા નહિતર, અહીં જો જરાયે વાત પુટશે તો તારા લોહીનુ બિન્દુ યે બિન્દુ નીચોવી લેશે જગન્નાથ, ભાઈ, જા, વાર ન લગાડ મારા તરફથી નિર્ભય રહેજે. હુ વાત બહાર નહિ પાડુ ”

પંદર વરસ વેશ પલટીને જગન્નાથે ટીબેટમા કાઢ્યા, તેના પૂરાવા મળે છે

ત્રીજે દિવસે સ્વામીજીને પાલખીમા બેસાડી આબુ-રાજ લઈ જવામા આવ્યા. જોધાણનાથ પગે ચાલીને વળાવવા આવ્યા એના હૃદયમા ઉડી દિલગીરી વ્યાપી હતી. વિદાય દેતી વખતે એનુ હૈયુ ભરાઈ આવ્યુ, કેમકે ભારતવર્ષની સત્ય–જ્યોતને બુઝવવાનુ પાતક એના રાજદ્વાર પર ચડતુ હતુ

સ્વામીજીએ મહારાજાને દિલાસો દીધો, ‘રાજન, ચિંતા ન કરશો પ્રભુના નિર્માણ મિથ્યા નથી થતા ’

સંધ્યા સમયે એમણે જોધપુરના પાદરને છેલ્લા રામરામ કર્યા આબુમા એક નિપુણ દાક્તરની દવા હાથ બેઠી દીવ-ડામા તેલ પુરાવા લાગ્યુ ત્યા બીજી ફુક લાગી સરકારી તબીબીખાતાનો લાલરગી હુકમ છુટ્યો કે ડાકતર લક્ષ્મ-ણદાસે તાબડતોબ અજમેર ચાલ્યા જવુ ! દાકતરે રાજી-નામુ આપ્યુ કોણ જાણે શો સકેત કામ કરી રહ્યો

હતો ! રાજીનામુ નામંજુર થયુ ડાકતર ગયા સ્વામીજીને પણ અજમેર ઉઠાવી ગયા પણ પછી તો ડાકતરે હાથ ખંખેરી નાખ્યા.

સાજ પડતી આવે છે જીભ પર, મ્હોમા, માથામા અને દેહને રોમે રોમે ફોલ્લા ઉપડયા છે, છતા સ્વામીજીએ હજામને બોલાવી શિર પર મુડન કરાવ્યુ, નખ ઉતરાવ્યા, એક શિષ્યનો આધાર લઈને પોતે પલોઠી વાળી બેઠા પછી અત્યત વત્સલતા સાથે કહ્યુ 'બેટા આત્માનદ, તારે કાઈ જોઈયે છે ?'

આત્માનદજીના નેત્રોમાથી અશ્રુધારા ચાલી એણે રડતાં રડતા કહ્યુ, 'આપને પ્રભુ આરામ આપે, એથી વધીને બીજી કશી ઇચ્છા આ ત્રણે ભુવનમા મારે નથી રહી'

હાથ લબાવીને મહર્ષિજીએ આત્માનદજીના મસ્તક પર મુકયો, બોલ્યા 'બેટા, ગભરાવુ નહિ કર્તવ્યનુ પાલન કરતા સદા આનદમા રહેજે સસારમા સયોગ વિયોગ સ્વાભાવિક છે'

પોતાની સગી જનેતા મરતી હોય ને જેમ ધાવણા બચ્ચા રડે તેમ ચેલા રડયા મહર્ષિજીએ બબે રૂપિયા અને બે દુશાલા મગાવી બને શિષ્યોને ભેટ દીધા બને જણાએ એ વસ્તુઓ પાછી મેલી દીધી પછી મહર્ષિજીએ તે દિવસના વાર તિથિ પૂછયા ઓરડાની ચોમેર નજર કરી લીધી વેદપાઠ આરભ્યો એ સ્વરોના ગુજનમા, કઠમા કે ઉચ્ચારમા કયાયે નિર્બળતાનો અશ પણ નહોતો

વેદના મંત્રો પુરા કરી પુલકિત અંગે સંસ્કૃતમાં પરમાત્માની યશગાથાઓ ઉપાડી સમાધિમાં બેઠા મુખ મંડળ ઉપર પ્રસન્નતાનો ઝળહળાટ પથરાઈ ગયો. આંખ કમળ શા નેત્રો ઉઘાડી 'હે દયામય, તારી જ ઇચ્છા દેવાધિદેવ તારી જ ઇચ્છા! વાહ પ્રભુ! કેવી તારી લીલા!' એમ ગુંજારવ કરતા કરતા, જન્મોજન્મનાં કર્મો ખાક કરી, સં. ૧૯૪૦ ના કાર્તિક માસની અમાસને રોજ એ આત્માની જ્યોત મહાજ્યોતમાં મળી અને જગ ઉપર સંધ્યાના અંધારા ઉતર્યાં

*